


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2022-2024 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪

તા. ૮-૫-૨૦૨૪, બુધવાર


વર્ષ: ૧૩, અંક : ૫૧

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia










નિયમિત સારસંભાળ થેલેસેમીયાથી બચવા માટે એક ઉત્તમ રસ્તો



હવે મોટા મહાનગરોમાં એક છેડે થી બીજા છેડે પહોંચવા એર ટેકસી આવશે



| વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| ગુજરાતી | 200 | 211 |
| ગણિત | 200 | 212 |
| પર્યાવરણ | 200 | 169 |
| હિન્દી | 100 | 94 |

ન હોઈ... ૨૦૦ માર્કના પેપરમાં વિદ્યાર્થીનીને ૨૧૨ માર્ક મળ્યા!!!



જેક ફ્રેઝર અને અભિષેક પોરેલે દિલ્હીની પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી

### ૫ ટકા જેટલું ઓછું મતદાન કોની બાજી બનાવશે? કોની બગાડશે?

# હાશ... ચૂંટણી પુરી: 'વિવાદો' ઈવીએમમાં કેદ!

## રાજ્યની ૨૫ બેઠકો ઉપર સરેરાશ ૫૯.૪૯% જેવું ઓછું મતદાન: અમરેલી, પોરબંદર અને ભાવનગરમાં સૌથી ઓછું મતદાન, જ્યારે બનાસકાંઠા અને ભરૂચમાં સૌથી ઉંચું મતદાન

**અબતક, રાજકોટ**

અંતે ગઈકાલે મતદાન પૂર્ણ થયું છે. મતની સાથે 'વિવાદો' પણ ઈવીએમમાં કેદ થઈ ગયા છે. ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજના વિરોધથી આ લોકસભાની ચૂંટણીએ સૌથી અલગ માહોલ ઉભો કર્યો હતો. જેના કારણે આ ચૂંટણી નેતા માટેની નહિ પણ વિરોધની અને સમર્થનની ચૂંટણી બની રહી હતી. રાજ્યની ૨૫ બેઠકો ઉપરનો જનાદેશ ઈવીએમમાં સિલ થઈ ગયો છે. હવે લોકોનો આક્રોશ કેટલો હતો તે ૪ જૂને ખબર પડશે.

ગુજરાત, મધ્ય પ્રદેશ, કર્ણાટક સહિત ૧૧ રાજ્યો અને

(અનુ. આઠમા પાને)

### મતદાન ઘટવા પાછળ અનેક કારણો

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં અંદાજે ૫ ટકા જેટલું મતદાન ઘટ્યું છે. જેની પાછળ ગરમી, કોઈ ઠોસ મુદ્દો ન હોવા, સ્થળાંતરીત મતદારો સહિતના અનેક કારણો છે. અમરેલી બેઠકમાં મતદાન માત્ર ૪૯.૨૨ ટકા નોંધાયું છે. જેની પાછળ કારણ એ છે કે અહીંના મતદારો મોટી સંખ્યામાં સુરત સહિતના શહેરોમાં વસે છે. આ સાથે મતદાર યાદીમાં નામ કમી, સ્થળ ફેરફાર સહિતના સુધારાઓ કરાવવામાં મતદારોએ ઓછો રસ દાખવ્યો હોય તે પણ ઓછું મતદાન થવા પાછળનું એક કારણ છે.

### એક માત્ર બનાસકાંઠા બેઠક ઉપર ગત ચૂંટણી કરતા મતદાન વધ્યું

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં એક એક માત્ર બનાસકાંઠા બેઠક જ એવી છે જેની ઉપર ગત ચૂંટણી કરતા મતદાન વધ્યું છે. બનાસકાંઠામાં વર્ષ ૨૦૧૪માં ૫૮.૨૯ ટકા મતદાન થયું હતું. વર્ષ ૨૦૧૯માં મતદાન વધીને ૬૪.૬૯ મતદાન થયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪માં મતદાન ૬૮.૪૪ ટકા મતદાન થયું છે. આમ અહીં ક્રમશ: મતદાન વધી રહ્યું છે.

| બેઠક | ૨૦૧૪ | ૨૦૧૯ | ૨૦૨૪ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૬૫.૧૦% | ૬૫.૫૭% | ૫૫.૬૫% |
| કચ્છ | ૬૧.૪૪% | ૫૮.૨૨% | ૫૫.૦૫% |
| બનાસકાંઠા | ૫૮.૨૯% | ૬૪.૬૯% | ૬૮.૪૪% |
| પાટણ | ૫૮.૩૬% | ૬૧.૯૮% | ૫૭.૮૮% |
| અમદાવાદ પશ્ચિમ | ૬૨.૬૪% | ૬૦.૩૭% | ૫૪.૪૩% |
| રાજકોટ | ૬૩.૫૯% | ૬૩.૧૫% | ૫૯.૬૦% |
| પોરબંદર | ૫૨.૩૧% | ૫૬.૭૯% | ૫૧.૭૯% |
| જામનગર | ૫૭.૮૦% | ૬૦.૭૦% | ૫૭.૧૭% |
| આણંદ | ૬૪.૬૩% | ૬૬.૭૯% | ૬૩.૯૬% |
| ખેડા | ૫૯.૫૦% | ૬૦.૬૮% | ૫૭.૪૩% |
| પંચમહાલ | ૫૮.૮૪% | ૬૧.૭૩% | ૫૮.૬૫% |
| દાહોદ | ૬૩.૩૮% | ૬૬.૧૮% | ૫૮.૬૬% |
| ભરૂચ | ૭૪.૫૩% | ૭૩.૨૧% | ૬૮.૭૫% |
| બારડોલી | ૭૪.૫૯% | ૭૩.૫૭% | ૬૪.૫૯% |
| નવસારી | ૬૫.૧૨% | ૬૬.૧૦% | ૫૯.૬૬% |
| સાબરકાંઠા | ૬૭.૩૫% | ૬૭.૨૪% | ૬૩.૦૪% |
| અમદાવાદ પૂર્વ | ૬૧.૨૬% | ૬૧.૩૨% | ૫૪.૦૪% |
| ભાવનગર | ૫૭.૨૭% | ૫૮.૪૧% | ૫૨.૦૧% |
| વડોદરા | ૭૦.૫૭% | ૬૭.૮૬% | ૬૧.૩૩% |
| છોટા ઉદેપુર | ૭૧.૨૫% | ૭૩.૪૪% | ૬૭.૭૮% |
| વલસાડ | ૭૩.૯૯% | ૭૫.૨૧% | ૭૨.૨૪% |
| જુનાગઢ | ૬૩.૧૬% | ૬૦.૭૪% | ૫૮.૮૦% |
| સુરેન્દ્રનગર | ૫૬.૭૦% | ૫૭.૮૫% | ૫૪.૪૫% |
| મહેસાણા | ૬૬.૬૩% | ૬૫.૩૭% | ૫૯.૦૪% |
| અમરેલી | ૫૪.૨૧% | ૫૫.૭૫% | ૪૯.૨૨% |
| કુલ | ૬૩.૩૧% | ૬૪.૧૨% | ૫૭.૪૯% |

### ૧.૯૦ કરોડ મતદારો મતદાનથી અળગા રહ્યા

ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો પર કુલ ૪.૭૯ કરોડ મતદાતાઓમાંથી ૨.૮૫ કરોડ લોકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧.૯૦ કરોડ લોકોએ મત જ આપ્યો નથી. ગરમીની અસર પ્રમાણે એકંદરે મતદાન જોવા મળ્યું હતું. સવારે ૭થી ૧૧ વાગ્યાના ૪ કલાકના ગાળામાં દર સેકન્ડે ૮૧૦ લોકોએ મતદાન કર્યું હતું. જ્યારે બપોરે ૧થી ૫ના સમયગાળા દરમયિાન દર સેકન્ડે ૫૮૦ લોકોએ મતદાન કર્યું હતું. બપોરે ૩થી ૫ ગાળામાં સૌથી ઓછું માત્ર ૮.૧૯% મતદાન થયું હતું. હવે ૨૭ દિવસ બાદ ૪ જૂને સમગ્ર દેશની સાથે ગુજરાતની ૨૫ લોકસભા બેઠકોનું પરિણામ આવશે.

### ઓછા મતદાનથી રાજકીય પક્ષો ચિંતિત

દેશના લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. પ્રથમ બે તબક્કાની જેમ ત્રીજા તબક્કામાં પણ મતદાન ઓછું થયું છે. ખાસ કરીને ગુજરાતમાં મતદાન ઓછું થયું છે. આ ઓછા મતદાનને લઈને રાજકીય પક્ષોની ચિંતા વધી છે. ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોમાં શરૂઆતમાં આક્રમક અને ત્યારપછી ધીમાં મતદાને ઉમેદવારોને પણ મૂંઝવણમાં મૂકી દીધા હતા. આ સંજોગોમાં રાજકીય પક્ષો પણ વિચારતા થઈ ગયા છે.

## લોખંડી બંદોબસ્ત સાથે ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં રખાયા, ૪ જુને ખુલશે

### મતદાન પૂર્ણ થયા બાદ રિસીવિંગ સેન્ટરોમાં થઈને તમામ મશીન મોડી રાત્રે જિલ્લા મથકોએ લઈ જવાયા

ગુજરાતના મતદારોનો જનાદેશ ઈવીએમમાં કેદ થયો છે. આ ઈવીએમને પણ લોખંડી સુરક્ષા સાથે સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. બાદમાં ૪ જૂને તેને મત ગણતરી માટે ખોલવામાં આવશે. શહેરી વિસ્તારમાં ૩૩,૫૧૩ મતદાન મથક, ગ્રામ્ય વિસ્તારમાં ૧૭,૨૭૫ મતદાન મથક, ગુજરાતમાં મહિલા સંચાલિત ૧,૨૨૫ મતદાન કેન્દ્રો ઊભા કરાયા હતા.આ વચ્ચે ૨૪,૮૯૩ મતદાન મથકો પરથી વેબકાસ્ટિંગ પણ કરવામાં આવ્યું. રાજ્યની ૨૫ લોકસભા બેઠક અને ૫ વિધાનસભા બેઠક પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થઈ ગયું છે. મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમને જે તે વિધાનસભા વિસ્તારના રિસીવિંગ સેન્ટર ખાતે નિયત કવર સાથે જમા કરી સ્ક્રુટીની કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ વિધાનસભાના ઈવીએમને મોડી રાત્રે સ્ટ્રોંગ રૂમ સુધી જીપીએસ સિસ્ટમથી સજ્જવાહન મારફત લઈ જવામાં આવ્યા હતા. હવે આ સ્ટ્રોંગરૂમમાં લોખંડી બંદોબસ્ત સાથે ૪ જૂન સુધી ઈવીએમને રાખવામાં આવશે. આ ઈવીએમને ૪ જૂને ખોલીને મતગણતરી હાથ ધરવામાં આવશે.

# અંતે કોરોનાની રસી કોવિશિલ્ડને પાછી ખેંચતી એસ્ટ્રાઝેનેકા કંપની

## આડઅસરોને લઈને વિવાદમાં આવેલી કંપનીએ લીધો મોટો નિર્ણય, આ રસીને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કોવિશિલ્ડના નામથી ભારતના બજારમાં મુકાય હતી




**અબતક, નવી દિલ્હી**

આડઅસરોને લઈને ઉભા થઈ રહેલા પ્રશ્નો વચ્ચે, એસ્ટ્રાઝેનેકાએ કોવિડ ૧૯ રસી પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ કહ્યું છે કે તે યુરોપમાંથી વેક્સજાવેરિયા (કોવિડ વેક્સીન)ની રસી પાછી ખેંચી લેવાની સાથે આગળ વધશે. જો કે, એસ્ટ્રાઝેનેકાએ રસી પાછી ખેંચી લેવાનું અલગ કારણ આપ્યું છે. કંપનીનું કહેવું છે કે રોગચાળા પછી જે રીતે કોવિડની રસી સપ્લાય કરવામાં આવી હતી, બજારમાં જરૂરિયાત કરતાં વધુ રસી હતી. તેથી કંપનીએ રસી પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો છે.

કંપનીએ કહ્યું કે જ્યારથી ઘણા પ્રકારની કોવિડ-૧૯ વેક્સીન બજારમાં આવી છે. ત્યારથી એસ્ટ્રાઝેનેકા રસીની માંગમાં ઘટાડો થયો છે. તેનું ઉત્પાદન અને નિકાસ પહેલેથી જ બંધ કરી દેવામાં આવ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર, કંપનીએ ૫ માર્ચે રસી પાછી ખેંચવા માટે અરજી કરી હતી. આ વાત ૭ મેના રોજ પ્રકાશમાં આવી હતી.

તાજેતરમાં, એંગ્લો-સ્વીડિશ ફાર્માસ્યુટિકલ ઉત્પાદકે બ્રિટિશ હાઈકોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું કે તેની કોરોના રસી લોહીના ગંઠાવા અને લો પ્લેટલેટ્સ જેવી આડઅસર પેદા કરી શકે છે.

આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જયારે એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ હાઈકોર્ટમાં સ્વીકાર્યું કે તેની કોવિડ-૧૯ રસી થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ જેવી આડઅસર પેદા કરી શકે છે. થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમને કારણે, શરીરમાં લોહીના ગંઠાવાનું શરૂ થાય છે અથવા શરીરમાં પ્લેટલેટ્સ

(અનુ. આઠમા પાને)

### રસી બનાવતી કંપની સામે અનેક કેસ દાખલ

એસ્ટ્રાઝેનેકા કંપની કોવિડ વેક્સીનને લઈને અનેક મુકદ્દમાનો સામનો કરી રહી છે. એવો આરોપ છે કે કોવિડની રસી લીધા પછી ઘણા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમી સ્કોટ નામના વ્યક્તિએ એસ્ટ્રાઝેનેકા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સ્કોટે આરોપ લગાવ્યો છે કે રસી લીધા પછી તેના શરીરમાં લોહી ગંઠાઈ જવાની અને મગજમાં રક્તસ્ત્રાવની સમસ્યા હતી. જેના કારણે તેના મગજને નુકસાન થયું હતું. કંપની સામે આવા ૫૦ થી વધુ કેસ નોંધાયા છે. કંપનીએ કોર્ટમાં લેખિત દસ્તાવેજોમાં એ પણ સ્વીકાર્યું છે કે કોરોના રસી કેટલાક દુર્લભ કિસ્સાઓમાં આડઅસર બતાવી શકે છે.

### ભારતમાં કોવિશિલ્ડ લેનારાઓમાં ચિંતા

એસ્ટ્રાઝેનેકાએ યુરોપ અને વિશ્વના અન્ય દેશોમાંથી કોરોનાની રસી મંગાવવાનો નિર્ણય લીધો છે. ભારતમાં સીરમ સંસ્થા દ્વારા હજુ સુધી આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ભારતમાં પણ કોવિશિલ્ડ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે અને આ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે અને રસીની સુરક્ષાની ચિંતાઓ પર સુનાવણીની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે પણ સુનાવણી માટે સંમતિ દર્શાવી છે, પરંતુ હજુ તારીખ નક્કી કરવામાં આવી નથી.

# આયુર્વેદિક દવાઓની જાહેરાત સામે કાર્યવાહી ન કરવાનો ફતવો કેન્દ્ર પરત ખેંચશે

## અગાઉ કેન્દ્ર સરકારે રાજ્યોને કાર્યવાહી ન કરવા પત્ર લખ્યો હતો, સુપ્રીમ કોર્ટ આકરા પગલાં ભરે તે પૂર્વે જ કેન્દ્ર સરકારે આ પત્ર પાછો ખેંચી લેવાનો નિર્ણય કોર્ટ સમક્ષ કર્યો રજૂ

**અબતક, નવી દિલ્હી**

આયુર્વેદિક દવાઓની જાહેરાત સામે કાર્યવાહી ન કરવાનો ફતવો કેન્દ્ર પરત ખેંચશે. અગાઉ કેન્દ્ર સરકારે રાજ્યોને કાર્યવાહી ન કરવા પત્ર લખ્યો હતો, સુપ્રીમ કોર્ટ આકરા પગલાં ભરે તે પૂર્વે જ કેન્દ્ર સરકારે આ પત્ર પાછો ખેંચી લેવાનો નિર્ણય કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે તે આયુષ મંત્રાલય દ્વારા તમામ રાજ્ય/કેન્દ્રશાસિત લાયસન્સિંગ ઓથોરિટીને મોકલવામાં આવેલ પત્રને ''તત્કાલ'' પાછી ખેંચી લેશે. આ પત્રમાં, તેમને ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ ના નિયમ ૧૭૦ હેઠળ આયુર્વેદિક અને આયુષ ઉત્પાદનો સંબંધિત જાહેરાતો સામે કોઈ પગલાં ન લેવા માટે કહેવામાં આવ્યું હતું.

ભ્રામક જાહેરાતોના પ્રકાશન પર પતંજલિ સામે પડતર તિરસ્કારના કેસમાં આ વિકાસ થયો છે, જ્યારે ન્યાયમૂર્તિ હિમા કોહલી અને ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ડિવિઝન બેન્ચે મંત્રાલયના સ્ટેન્ડ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો કે આ પત્ર આયુર્વેદિક, સિદ્ધ અને યુનાનીના ટેકનિકલ સલાહકાર બોર્ડ દ્વારા જારી કરવામાં આવ્યો હતો.



સરકાર કોઈ નિર્ણય લીધા વિના માત્ર ભલામણ પર જ આવી સૂચના આપીશ એવું કેવી રીતે કહી શકે? તમે શા માટે કહો છો કે કાયદાનો અમલ ન થવો જોઈએ.'' સંદર્ભ માટે, નિયમ ૧૭૦ લાઈસન્સિંગ સત્તાવાળાઓની મંજૂરી વિના આયુર્વેદિક, સિદ્ધ અથવા યુનાની દવાઓની જાહેરાતો પર પ્રતિબંધ મૂકે છે.

૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ના

(અનુ. આઠમા પાને)

### સેલિબ્રિટીઓ જવાબદારી પૂર્વક કોઈ પ્રોડક્ટની જાહેરાત કરે: સુપ્રીમ

પતંજલિની ભ્રામક જાહેરાતો સંબંધિત કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે સેલિબ્રિટી જે લોકોને ઉત્પાદન ખરીદવા માટે પ્રોત્સાહિત કરે છે તેઓ તેમની જવાબદારીમાંથી છટકી શકતા નથી. તેમના દ્વારા આપવામાં આવેલ સમર્થન ઉત્પાદનને પ્રમોટ કરવામાં ખૂબ મદદરૂપ છે. તેથી તેઓએ જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ. તેઓએ ગેરમાર્ગે દોરતી જાહેરાતોનો ભાગ બનીને ખોટા ઉત્પાદન અથવા સેવા માટે તેમનું સમર્થન દર્શાવવું જોઈએ નહીં. જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચે કહ્યું કે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ આ મામલે ગાઈડલાઈન તૈયાર કરી છે. એડવર્ટાઈઝિંગ કંપની સિવાય, જે એજન્સી એ જાહેરાતમાં ભાગ લે છે તેણે પણ તેનું પાલન કરવું જોઈએ, (અનુ. આઠમા પાને)

# વૃદ્ધાવસ્થા એટલે શાણપણ, સમજણ, શાંતિ અને સ્થીરતાનો સમય

## વૃધ્ધાવસ્થામાં અનુભવને ઉમેરવાની કળા જ આપણને સદાકાળ યુવાન રાખે

### ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

મનુષ્યની ત્રણ અવસ્થા છે:બાલ્યાવસ્થા,યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા.બાલ્યાવસ્થાનો સમય જિજ્ઞાસા અને કુતુહલ નો સમય છે.યુવાની એટલે જુસ્સો ધગશ અને કંઈક કરી છૂટવાની તાલાવેલી.જયારે વૃદ્ધાવસ્થા એટલે શાણપણ,સમજણ,શાંતિ અને સ્થિરતાનો સમય.આ ત્રણેય વસ્તુ દરેક પાસે હોય એવું માની લેવાને કારણે નથી.અકાળે વૃદ્ધ થતાં યુવાનો પણ જોવા મળે છે અને વૃદ્ધાવસ્થામાં યૌવનની પ્રતીતિ કરાવતા વૃદ્ધો પણ જોવા મળે છે.વય વધે એટલે શાણપણ પણ વધે એવું નથી.ચોવીસ કલાક ભૂતકાળને વાગોળતો માણસ વૃદ્ધ થયો છે,તેમ સમજવું.૬૫ વર્ષે પણ પીએચડી કરનારા ઘણા છે.૭૫ વર્ષની ઉંમરે પણ ચાર કલાક સુધી પલાંઠી મારીને રામ કથા કરનારા સંતો પણ છે. ૮૦ વર્ષે બાર બાર કલાક સુધી ફિલ્મનું શૂટિંગ કરીને દીકરાથી વધુ કમાણી કરનારા ફિલ્મસ્ટાર પણ છે.૮૫ વર્ષે અનેક વર્તમાનપત્રોની કોલમ લખનારા સાહિત્યકારો પણ છે.પ્રવૃત્ત વૃદ્ધોની યાદી બેરોજગાર યુવાનોને ટક્કર મારે એવી છે.

વિશ્વભરના વડીલોનું સર્વે કરવામાં આવે તો ભારતના વૃદ્ધો જેટલો સમૃદ્ધ વૃદ્ધ ભાગ્યે જ કોઈ દેશમાં નીકળે.મનુષ્ય જીવનમાં ત્રણ ફીલિંગ્સ વૃદ્ધત્વની વેક્સિન જેવી લાગે છે: ૧.ફિલિંગ્સ ઑફ એકસપ્ટન્સ (સ્વીકારે એ સુખી). દરેક પરિસ્થિતિનો સહજ રીતે સ્વીકાર એ જ અકસીર ઈલાજ છે.દરેક માતા પિતાએ સ્વીકારવું જ રહ્યું કે કામ ધંધાને લીધે સંતાનો પાસે સમયની ખેંચ હોય તો તેને લાગણી ઘટી છે,એવું ન સમજવું.ઈચ્છાઓ તો મહેલોની પણ અધૂરી રહેશે અને જરૂરિયાત તો ઝૂંપડાની પણ પૂરી થાય છે.૨.ફિલિંગ્સ ઑફ સેટિસ્ફેકશન (સંતોષી નર સદા સુખી).જીવનમાં સંતોષની માત્રા વધારે એમ સુખની માત્રા પણ વધારે.સંતોષી નર સદા સુખી.આ ઉંમરે જે મળ્યું છે તેને બોનસ સમજવું.૩.ફિલિંગ્સ ઑફ ફરગિવનેસ (ક્ષમા આપવામાં જ સુખ).જીવનના અંતિમ પડાવમાં જતું કરવાની ભાવના રાખવામાં જ ભલાઈ છે.સંતાનો અને સમાજના દરેક લોકોને માફી આપવામાં જ શાણપણ પણ રહેલું છે.માફી આપતા નહીં આવડે તો કોઈ માંગી તાલી પણ નહીં આપે.

વૃદ્ધાવસ્થા એ એક વાસ્તવિકતા છે.સૌ કોઈએ તેનો સ્વિકાર કરવો જ રહ્યો.આ ઉંમરે આજુબાજુના માણસો ઘટવા લાગશે.પતિ પત્ની ધાર્યાં કરતાં વહેલા કે મોડા મૃત્યુ પામી શકે.આવા સમયે એકલા રહેતા શીખવું પડશે અને એકલા રહીને પણ આનંદમાં રહેતા શીખવું પડશે.આ સમયે સમાજનું તમારા તરફનું ધ્યાન ઘટતું જશે.આપણી ભૂતકાળની કારકિર્દી ગમે તેટલી ભવ્ય અને ઉજજ્વળ હોય પરંતુ નિવૃત્તિ પછી આપણી જાતને ઊડી ગયેલા બલ્બ જેવી સમજવી. વીજળીનો બલ્બ જ્યાં સુધી સાબુદ હોય છે,ત્યાં સુધી તેની કિંમત ૧૦૦,૨૦૦ કે ૫૦૦ ના વોલ્ટની ગણતરીમાં આવે છે.પરંતુ આ બલ્બ જ્યારે ઊડી જાય છે,ત્યારે બધા જ બલ્બની કિંમત શૂન્ય થઈ જાય છે.એવું જ કંઈક નિવૃત અવસ્થાનું છે.

હેરોલ્ડ બ્રેચરે એક પુસ્તક લખ્યું છે: 'The life is uncertain. Eat first desert.'

અર્થાત જિંદગી અચોક્કસ છે.મિષ્ટાન પહેલા આરોગી લેવું.મનગમતી પ્રવૃત્તિ પહેલા કરી લેવી.૬૦ – ૭૦ વર્ષની ઉંમરે પૈસા કમાવા પાછળ દોડવું નકામું છે.એક સિનિયર સીટીઝનની સભામાં મોટીવેશનલ સ્પીકર પ્રવચન આપી રહ્યા હતા.આ સભામાં અઢીસો જેટલા સભ્યો ઉપસ્થિત હતા.વક્તાએ સભામાં પ્રશ્ન કર્યો કે આ ઉંમરે પણ કેટલા લોકો એવા છે કે જેને આજીવિકા માટે કામ કરવું પડે છે? ૨૭ લોકોએ હાથ ઊંચો કર્યો.વક્તાએ બીજો પ્રશ્ન કર્યો.આ ૨૭ લોકોમાંથી એવા કેટલા લોકો છે કે જેને કમાવા સિવાય કોઈ વિકલ્પ નથી ? તો ફક્ત ચાર લોકોએ હાથ ઊંચો કર્યો.બાકીના ૨૩ વ્યક્તિને કમાવાની જરૂર નહોતી છતાં પણ તેમણે કામ ધંધો ચાલુ રાખ્યો હતો.

આ વાત પર પ્રકાશ પાડવા માટે વધુ એક પ્રસંગ જોઈએ.૭૨ વર્ષની ઉંમરે એકલવાયુ જીવન જીવતા એક બુઝુર્ગ ડિપ્રેશનમાં આવી ગયા હતા.એટલે તેમને મનોચિકિત્સક ડોક્ટર પાસે ગયા.

ડોક્ટર : તમારા દીકરા દીકરી શું કરે છે ?

બુઝુર્ગ : એમને પરણાવી દીધા છે અને તેઓ સુખી છે.પત્ની ગુજરી ગયા છે.જીવનમાં કોઈ જલસો નથી.

ડોક્ટર : એવી તમારી કોઈ ઈચ્છા ખરી કે જે પૂરી ના થઈ હોય ?

બુઝુર્ગ :હા,એક ઈચ્છા હતી કે એક દિવસ કોઈ ફાઈવસ્ટાર હોટલમાં રોકાવ.

ડોક્ટર : તમારી પાસે મિલકત કેટલી છે ?

બુઝુર્ગ: હું હાલમાં રહું છું તે એક ફલેટ અને એક મોટો ૧૦૦૦ મીટરનો ખાલી પ્લોટ છે,જેની કિંમત આઠ કરોડ રૂપિયા જેવી છે.

ડોક્ટર : તમને એમ નથી થતું કે તમારી પાસે જે મિલકત છે,તે વેચીને તમે જલસાની જિંદગી જીવો? મારું માનો તો એ પ્લોટ વેચી નાખો.જે આઠ કરોડ રૂપિયા આવે તેમાંથી ચાર કરોડની મિલકત લઈ લો અને બાકીના ચાર કરોડ વાપરવા માંડો.એક ફાઈવ સ્ટાર હોટલમાં જેનું ભાડું રોજના દસ હજાર છે,તેમાં રહેવા માંડો.ત્યાં તમને સ્વીમીંગ પુલ,જીમ, મનગમતાં ભાવતાં ભોજન મળશે અને અનેક લોકોને મળવાનું બનશે.દર ત્રણ મહિને શહેર બદલી નાખો. તમને જીવન પ્રત્યે પ્રેમ જાગશે અને તમારું ડિપ્રેશન કાયમને માટે દૂર થઈ જશે.

તે બુઝુર્ગ દસ હજારના ભાડા વાળી ફાઈવ સ્ટાર હોટલમાં રહેવા ગયા.આનંદ અને જલસામાં દિવસો પસાર થવા મંડ્યા.૮૨ મા વર્ષે જ્યારે તેમનું અવસાન થયું ત્યારે ચાર કરોડમાંથી એક કરોડને પાંત્રીસ લાખ જેટલા રૂપિયા બચ્યા હતા અને ચાર કરોડની લીધેલ પ્રોપર્ટીના ભાવ ૮ કરોડ થઈ ગયા હતા.કહેવાની જરૂર નથી કે ડિપ્રેશન તો સદંતર નાબૂદ થઈ ગયું હતું અને જીવવા માટેના અનેક બહાના મળતા રહ્યા હતા.મોરલ ઓફ સ્ટોરી:'મરણ મૂડી મરણ પહેલા વાપરી નાખવી.જલસાથી પાછલી જિંદગી જીવવી. ભોગવે તે ભાગ્યશાળી.'

નિવૃત્તિ પછી શું કરવું અને શું ન કરવું તે નક્કી કરવા માટે એક સર્વેક્ષણ થયેલું.આ સર્વેક્ષણના નેવું ટકા વરિષ્ઠ નાગરિકોની પસંદગી આ પ્રમાણે હતી:
૧.સ્વસ્થતા જાળવવી.
૨.પ્રભુ સ્મરણ અને ધાર્મિક પુસ્તકનું વાચન કરવું.
૩.કથા સાંભળવી.
૪.પરિવાર સાથે સમય પસાર કરવો.
૫.મિત્રો સાથે પ્રવાસ - પર્યટન કરવા.

**છોડવા જેવી પ્રવૃત્તિ :** કાવા દાવા, ખટપટ, પ્રપંચ, ઈર્ષા, અદેખાઈ વગેરે છોડવા. બીજાની લીટી ભૂંસીને આપણી લીટી લાંબી કરવા પ્રયત્ન ન કરવો.

મોટા ભાગના વડીલની વાણીમાં નિરાશાના સૂર સાંભળવા મળતા હોય છે.હવે પહેલા જેવું નથી રહ્યું.ઘોર કળિયુગ છે.બધું ખલાસ થઈ ગયું.અમે જીવ્યા એવું કોઈ ન જીવી શકે.જાણે કે એમના ગયા પછી સૂર્ય ઉગવાનો જ ન હોય,ફૂલ ખીલવાનાં જ ના હોય,મેઘ ધનુષ્ય રચાવાના જ ન હોય ! આ ઉંમરે સહાનુભૂતિની મેળવવાની આદમ્ય ઝંખના રાખવી ઠીક નથી.

**ખરી વૃદ્ધાવસ્થા કોને ગણવી ?**

આંખ નબળી પડે પણ આત્મવિશ્વાસ નબળો ન પડે એ સાચો વૃદ્ધ.રિપોર્ટમાં સુગર ન આવે પણ જીભ ઉપર કાયમ મીઠાશ ટકી રહે એ ખરો વૃદ્ધ. બોલીને નહીં પણ મૌન રહેવાથી પરિવારમાં સમસ્યાનું સમાધાન થઈ જાય એ ખરો વૃદ્ધ.મૃત્યુના સમાચાર નાની અવસાન નોંધને બદલે 'બ્રેકિંગ ન્યુઝ' બને એ ખરો વૃદ્ધ !

આપ કેવા વૃદ્ધ બનવા ઈચ્છો છો ? 'Choice is yours.'

# નવા ટીનના અછત વચ્ચારે જુના ડબામાં તેલ ભરવા સામે રોક ન હોવી જોઈએ: સમીર શાહ

## ગાંધીનગર ફૂડ સેફટી વિભાગ કમિશ્નરને સમીર શાહે પત્ર પાઠવી કરી માંગ

**અબતક,રાજકોટ**

ખાદ્યતેલ નવા હબ્બામાજ પેક કરવાના કાયદામાં સુધારો કરી ખાદ્યતેલના પેકીંગમાં જુના રીસાયકલ ડબ્બાના ઉપયોગને સૈધ્ધાંતીક મંજુરી આપવા ગુજરાત રાજય ખાદ્યતેલ તેલીબીયા એશો.ના પ્રમુખ સમીરભાઈ શાહએ ગાંધીનગર ફુડ સેફ્ટી વિભાગ ખોરાક અને ઔષધ નિયામક તંત્ર કમિશ્નરને પત્ર પાઠવી રજૂઆત કરી છે. સમીર શાહે પાઠવેલા પત્રમાં જણાવ્યું છે વર્ષોથી Recycled tins માં ખાદ્યતેલ ભરવા પર પ્રતિબંધ છે પણ અત્યાર સુધી તેની કડક અમલવારી થઈ નથી.

ખાદ્યતેલ નવા ડબાઓમાં જ પેક કરવું જોઈએ તેવો કાયદો બિનજરૂરી છે. દાયકાઓથી Recycled tins માં ખાદ્યતેલ ભરાતું આવ્યું છે. ને તેને કારણે આમ જનતાના આરોગ્ય પર ક્યારેય કોઈ જોખમ આવ્યું હોવાનું જાણવામાં આવ્યું નથી. જે નાના એકમો Recycled tins માં ખાદ્યતેલ પેક કરે છે તે તેની સ્વચ્છતા વિષે સંપૂર્ણ પણે ચોકસાઈ રાખીનેજ વપરાશ કરે છે. એમ ન કરેતો આજના હરીફાઈ ના યુગમાં તેઓ અન્ય સ્પર્ધકો સાથે ટકી જ ન શકે. વળી તેલ તો મેટલ ની ખાસ કરી ને લોખંડ કે સ્ટીલ ના મટીરીયલ પર કાટ ન લાગે તે માટે વપરાતી વસ્તુ છે. એટલે તેલના સંપર્ક માં આવેલ ડબામાં અન્ય મેટાલિક કરતા કાટ લાગવાની શક્યતા ઘણી ઓછી રહે છે. ક્યારેક ખાલી ડબા પર કાટ દેખાય તો તે માત્ર બહારની સાઈડ જ હોઈ છે. અંદરના ભાગમાં એક વાર તેલનો સંપર્ક થયો હોવાને કારણે કાટ લાગવાની શક્યતા નહીવત છે.



આ ઉપરાંત લોક જાગૃતિને કારણે નવા ડબા તેમજ HDPE plastic અને PVC બોટલ્સમાં પેક થયેલ ખાદ્યતેલો જ ઘર વપરાશ માં ઉપયોગ થાય છે. આમ pre-mium તેલો જેવા કે શીંગતેલ,સુર્યમુખી તેલ વગેરે તો નવા ડબા અથવા plastic packs માં જ વપરાય છે. માત્ર Bulk Consumers, જેવા કે ફરસાણ બનાવનાર, હોટલ, રેસ્ટોરન્ટ વગેરે માં જ જુના ડબાનો ઉપયોગ થાય છે. આવા એકમોમાં જતા ડબાઓ તરત ખાલી કરાઈ જતા હોય, તેલ ની ગુણવત્તા સમયગાળે ઘટવાની શક્યતા નથી. માટે તાત્કાલિક અસર થી Recycled tins નો ઉપયોગ બંધ કરવો બિનજરૂરી છે. આવી જગ્યાએ કપાસિયા તથા પામોલીન તેલનો જ વધુ વપરાશ થાય છે. વળી આપણે ત્યાં ભરાતા તમામ ખાદ્યતેલો જો નવા ડબા જ ભરવામાં આવે તો એટલા ખાલી નવા ડબાની ઉપલબ્ધી પણ શક્ય નથી. એટલા નવા ડબા રોજ ઉત્પન્ન કરવાની ક્ષમતા જ આપણી પાસે નથી. ડીસેમ્બર,જાન્યુઆરી માસમાં બાર મહિના શીંગતેલ ભરવાની મોસમ આવે ત્યારે અમો Producers અને Packers ને નવા ડબાની અછત નો સામનો કરવો પડે છે. અમારી જરૂરિયાતના ૬૦ થી ૭૦% જેટલાજ ડબાઓ અમને મળે છે. ડબા બનાવતા યુનિટોને ORDER આપીએ ત્યારે જે દિવસે ડબાની જરૂર હોઈ તેનાથી બે કે ત્રણ દિવસ પછી ડબાઓ મળે છે. તે પણ ૧૦૦૦ ડબા જોઈતા હોય તો તેની સામે ૬૦૦ થી ૭૦૦ જ ડબા મળે છે. વળી ડબા બનાવતા એકમો વધુ ઉત્પાદન લેવાની લ્હાયમાં જરૂરી ચોકસાઈ રાખતા નથી અને ડબ્બાનું FIFTING યોગ્ય ના થતા લીકેજ, ગોબા પડવા, ઉપરની કડીઓ તૂટવી વગેરે ફરિયાદ વ્યાપક રીતે ઉપસ્થિત થાય છે. માટે જ્યાં સુધી ખાલી નવા ડબાનું યોગ્ય પ્રમાણમાં ઉત્પાદન કરવાની ક્ષમતા વધે નહિ ત્યાં સુધી આવા જડ નિયમનો કડક અમલ શક્ય નથી. આવા કડકાઈ ભર્યા અમલને કારણે માત્ર ને માત્ર ડબાની બિનઉપલબ્ધી ને કારણે ખાદ્યતેલનું distribution ખોરવાઈ જવાની અને અછત સર્જાવાની શક્યતા પ્રબળ બનશે.

જે યુનિટો જુના ડબામાં ખાદ્યતેલ પેક કરે છે તે નફાખોરી કરે છે તેવા આક્ષેપો પણ બે બુનિયાદ છે કારણકે જુના ડબામાં વેચાતું ખાદ્યતેલ નવા ડબાની કીમત કરતા રૂ. ૫૦ થી ૭૦ પ્રતિ ડબે નીચું મળે છે.આ ઉપરાંત અત્યારે ઘર વપરાશમાં આવતા નવા ડબા જયારે ખાલી થાય ત્યારે ભંગાર ના વેપારી અને ફેરિયાઓ ઘરેઘરેથી આવા ડબા રૂ. ૨૫ થી ૩૦ માં ઉઘરાવતા હોઈ છે. જો વપરાશ અટકી જાય તો આ ખાલી થયેલ ડબાનો વપરાશકારોને કોઈ ભાવ જ ના આવે આમ વપરાશકારોને બેવડો માર પડે.આ કાયદાનો કડક અમલ કરાવતા પહેલા એસોસિએસનો સાથે બેસી ઉદ્યોગ વિભાગના અધિકારીઓ ને સાથે રાખી સર્વમાન્ય નીતિ ઘડી તબક્કાવાર અમલ કરવો જોઈએ.

# બેલસ્ટાર માઈક્રો ફાઈનાન્સ લિ.નો આઈપીઓ આવશે

## કંપનીએ રૂ.૧૩૦૦ કરોડ એકત્રિત કરવા સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**અબતક,રાજકોટ**

બેલસ્ટાર માઈક્રોફાઈનાન્સ લિમિટેડે માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. કંપની માઈક્રો ઈન્ટરપ્રાઈઝ, સ્મોલ એન્ટરપ્રાઈઝ, કન્ઝ્યુમર ગુડ્સ, ફેસ્ટિવલ, એજ્યુકેશન અને ઈમર્જન્સી લોન જેવી વિવિધ શ્રેણીની લોન પ્રોડક્ટ્સ ઓફર કરે છે.

કંપની રૂ. ૧૩,૦૦૦ મિલિયન (રૂ. ૧,૩૦૦ કરોડ) (કુલ ઓફર સાઈઝ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુના)ના આઈપીઓ દ્વારા ફંડ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. કુલ ઓફર સાઈઝમાં (૧) રૂ. ૧૦,૦૦૦ મિલિયન (રૂ. ૧,૦૦૦ કરોડ)ના મૂલ્યના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ (ફ્રેશ ઈશ્યૂ) અને (૨) રૂ. ૩,૦૦૦ મિલિયન (રૂ. ૩૦૦ કરોડ) સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર (ઓફર ફોર સેલ)નો સમાવેશ થાય છે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી આવકનો ઉપયોગ નાણાંકીય વર્ષ ૨૦૨૫માં અંદાજિત રૂ. ૭,૬૦૦ મિલિયન (રૂ. ૭૬૦ કરોડ)ના ઓનવર્ડ લેન્ડિંગ માટે ભાવિ મૂડી જરૂરિયાતો સંતોષવા તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત કરે છે (ઓફરનો હેતુ).

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, એચડીએફસી બેંક લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આઈપીઓ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૦૩ | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૯૦ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| સાકરટેટી | ૨૩૦ | ૨૨૦ | ૪૩૦ |
| તરબુચ | ૪૯૫ | ૧૫૦ | ૨૫૦ |
| બટેટા | ૪૨૦૦ | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૪૧૦૦ | ૮૦ | ૩૦૦ |
| ટમેટા | ૩૬૫ | ૨૨૦ | ૪૧૦ |
| સુરણ | ૯૦ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| કોથમરી | ૨૯૫ | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૬૪ | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૫૭ | ૬૦ | ૧૪૦ |
| ફલાવર | ૩૪૦ | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૬૨ | ૨૫૦ | ૫૮૦ |
| ગુવાર | ૩૮૭ | ૩૫૦ | ૭૫૦ |
| ચોળાસીંગ | ૭૦ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૭૦ | ૫૫૦ | ૯૫૦ |
| દુધી | ૪૨૫ | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૧૬૦ | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૮૨ | ૨૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૨૬૦ | ૨૨૦ | ૪૫૦ |
| પરવર | ૮૦ | ૬૫૦ | ૯૫૦ |
| કાકડી | ૨૩૫ | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૩૯ | ૧૫૦ | ૨૮૦ |
| વટાણા | ૬૦ | ૧૧૦૦ | ૧૮૫૦ |
| ગલકા | ૮૫ | ૧૬૦ | ૨૮૦ |
| બીટ | ૬૦ | ૧૭૦ | ૨૮૦ |
| મેથી | ૬૫ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૮૦ | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૩૦ | ૧૮૫૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૩૩૦ | ૫૬૦ |
| મકાઈ લીલી | ૧૭૫ | ૧૩૦ | ૩૫૦ |
| ગુંદા | ૮૦ | ૩૫૦ | ૬૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૯૦૦ | ૧૩૮૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૪૮૮ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૨૯૦૦ | ૪૮૦ | ૬૪૦ |
| જુવાર સફેદ | ૪૦ | ૬૩૦ | ૭૩૦ |
| જુવાર લાલ | ૨૦ | ૮૦૦ | ૯૦૫ |
| જુવાર પીળી | ૫૦ | ૪૦૦ | ૪૮૦ |
| બાજરી | ૭૦ | ૪૧૦ | ૫૧૭ |
| તુવેર | ૮૫૦ | ૧૮૦૦ | ૨૨૭૧ |
| ચણા પીળા | ૨૨૦૦ | ૧૧૫૦ | ૧૨૩૮ |
| ચણા સફેદ | ૭૦૦ | ૧૪૦૦ | ૨૧૦૦ |
| અડદ | ૬૦ | ૧૭૧૦ | ૧૯૭૦ |
| મગ | ૬૫૦ | ૧૬૦૦ | ૨૧૫૦ |
| વાલ દેશી | ૧૦૫ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| વાલ પાપડી | ૫૦ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૧૫ | ૨૩૮૧ | ૨૪૫૦ |
| મઠ | ૫૦ | ૧૦૦૦ | ૧૧૭૫ |
| વટાણા | ૮ | ૧૩૫૦ | ૧૭૧૦ |
| સીંગદાણા | ૧૫ | ૧૫૮૦ | ૧૬૭૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૨૦ | ૧૨૯૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૬૦ | ૧૨૯૦ |
| તલી | ૪૦૦ | ૨૩૦૦ | ૨૮૦૦ |
| સુરજમુખી | ૧૫ | ૫૪૦ | ૬૩૦ |
| એરંડા | ૧૨૦૦ | ૯૫૦ | ૧૦૭૮ |
| અજમો | ૭૫ | ૧૩૪૫ | ૨૮૭૬ |
| સુવા | ૧૨ | ૧૨૮૦ | ૧૬૭૧ |
| સોયાબીન | ૪૦૦ | ૮૫૦ | ૮૯૬ |
| સીંગફાડા | ૩૭૦ | ૧૧૫૦ | ૧૫૬૫ |
| કાળા તલ | ૧૫૦ | ૨૯૦૦ | ૩૧૭૬ |
| લસણ | ૧૧૦૦ | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ધાણા | ૪૦૦ | ૧૨૭૫ | ૧૫૫૦ |
| મરચા સુકા | ૨૫૦ | ૯૦૦ | ૨૬૫૦ |
| ધાણી | ૨૫૦ | ૧૩૧૧ | ૧૮૦૧ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૧૦૦ | ૧૭૭૦ |
| જીરૂ | ૭૫૦ | ૪૫૦૦ | ૫૪૧૭ |
| રાય | ૧૨૫ | ૧૧૩૦ | ૧૩૩૫ |
| મેથી | ૭૦૦ | ૯૯૦ | ૧૩૬૦ |
| ઈસબગુલ | ૩૨ | ૧૭૪૦ | ૨૪૬૦ |
| અશેરીયો | ૧૮ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૧૦૦ | ૩૨૮૦ | ૩૯૨૦ |
| રાયડો | ૨૨૫ | ૮૬૦ | ૯૮૫ |
| રજકાનું બી | ૧૨ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| ગુવારનું બી | ૪૫ | ૧૦૧૦ | ૧૦૧૮ |

# અબતક પંચાગ

## તા.૯–૫–૨૦૨૪ ગુરૂવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ શાલીવાહન શકિ: ૧૯૪૫ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | વૈશાખ શુદ એકમ બીજનો ક્ષય |
| નક્ષત્ર | કૃતિકા |
| યોગ | શોભન કરણ: બાલવ |
| સુર્યોદય | ૬.૧૨ સુર્યાસ્ત: ૭.૧૬ |
| ચંદ્ર રાશી | વૃષભ |
| રાશિ અક્ષર | બ.વ.ઉ |
| દિશાશૂળ | દક્ષિણ દિશાતરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩.૦૦ |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૯ થી ૧.૧૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સૂડોકુ –૧૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૩ | ૭ | | | | ૨ | |
| | | ૮ | | | | | | ૧ |
| | ૯ | | ૬ | | | ૪ | ૩ | |
| | | | | ૨ | ૭ | ૩ | | ૯ |
| ૮ | | | ૧ | | ૯ | ૭ | | |
| ૩ | | ૯ | | | | ૧ | ૪ | |
| | ૮ | ૪ | | | | | ૬ | |
| ૧ | ૩ | | | ૬ | ૫ | ૨ | ૯ | |
| | | | | | | | | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ–૧૫૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ |
| ૯ | ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ |
| ૮ | ૬ | ૧ | ૨ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ |
| ૩ | ૭ | ૫ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૭ | ૩ | ૬ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૯ | ૪ | ૭ | ૨ | ૩ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ | ૩ | ૨ | ૪ |

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૮-૦૫-૨૦૨૪ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (શરતો લાગુ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચન્કી ડ્રેગન પોટેટો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોદાઈ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સ્પર્ધાત્મક પરીક્ષા એ જીવનની આખરી પરીક્ષા નથી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ધારા શાહ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (નો એક્ઝીટ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ અંક વિજ્ઞાન પ્રગતિનું સરનામું
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૦:૦૦ જગાબાપા ડાયરો
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૯-૦૫-૨૦૨૪ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભગવત કથા (પ્ર.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

# આજનું રાશિફળ

**તા.૮.૫.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ અમાસ, ભરણી નક્ષત્ર , સૌભાગ્ય યોગ, કિંસ્તુઘ્ન કરણ આજે સાંજે ૭.૦૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ) :** આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .

**કન્યા (પ,ઠ,ણ) :** માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત) :** જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .

**વૃશ્ચિક (ન,ય) :** તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .

**ધન (ધ,ભ,ફ,ઢ):** પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.

**મકર (ખ,જ) :** તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.

**કુંભ (ગ,સ,શ) :** નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .

**મીન (દ,ચ,ઝ,થ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.




# અધધધ ૫.૪૯ લાખ રાજકોટીયન્સો લોકશાહીનો અવસર ચુક્યા

## રાજકોટ શહેરની ૪ બેઠકો ઉપર ૫૮.૦૬ ટકા મતદાન : કુલ ૧૩.૦૯ લાખ મતદારોમાંથી ૭.૬૦ લાખ મતદારોએ જ મતાધિકારનો કર્યો ઉપયોગ

અબતક, રાજકોટ : લોકશાહીના પર્વની ઉજવણીમાં ગઈકાલે મોટા પ્રમાણમાં રાજકોટીયન્સમાં નિરુત્સાહ જોવા મળ્યો હતો. અધધધ ૫.૪૯ લાખ રાજકોટીયન્સો લોકશાહીનો અવસર ચુક્યા હતા. રાજકોટ શહેરની ૪ વિધાનસભા બેઠકમાં કુલ ૧૩.૦૯ લાખ મતદારોમાંથી ૭.૬૦ લાખ મતદારોએ જ મતાધિકારનો કર્યો ઉપયોગ હતો. આમ શહેરમાં ૫૮.૦૬ ટકા મતદાન થયું હતું.

૧૦-રાજકોટ સંસદીય મત વિસ્તારમાં ૭મી મેના રોજ સાંજે મતદાન પૂર્ણ થવાના સમય સુધીમાં ૫૯.૬૦ ટકા મતદાન થયું છે. જેમાં નોંધાયેલા પુરુષ મતદારો ૧૦,૯૩,૬૨૬માંથી ૭,૦૪,૫૦૪ મતદારોએ (૬૪.૪૨ ટકા) મતદાન કર્યું છે. તો નોંધાયેલા મહિલા મતદારો ૧૦,૧૮,૬૧૧માંથી ૫,૫૪,૩૯૪ (૫૪.૪૩ ટકા) મહિલાઓએ મતદાન કર્યું છે. જ્યારે નોંધાયેલા અન્ય ૩૬ મતદારોમાંથી સાત મતદારો (૧૯ ટકા)એ મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન.કે. મુછારની યાદીમાં જણાવ્યા પ્રમાણે, ૬૬-ટંકારા વિધાનસભા મત વિસ્તારમાં ૧૨૯૯૮૫ પુરુષ મતદારો, ૧૨૨૩૭૦ મહિલા મતદારો તેમજ ૦ અન્ય મતદારો મળીને કુલ ૨૫૨૩૫૫ નોંધાયેલા છે. જેમાંથી ૯૧૮૮૨ પુરુષ મતદારો, ૭૪૩૫૮ મહિલા મતદારો મળીને કુલ ૧૬૬૨૪૦ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૭૬.૬૯ ટકા, સ્ત્રીઓનું ૬૦.૭૬ ટકા મળીને કુલ ૬૫.૮૮ ટકા મતદાન થયું છે. ૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તારમાં ૧૪૮૪૨૧ પુરુષ મતદારો, ૧૩૯૧૩૬ મહિલા મતદારો તેમજ ૨ અન્ય મતદારો મળીને

### શહેરમાં પુરૂષોનું મતદાન

| બેઠક | કુલ મતદારો | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૧૫૯૫૭૫ | ૯૯૮૫૧ | ૬૨.૫૭% |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૧૮૩૧૮૩ | ૧૧૩૧૨૦ | ૬૧.૭૫% |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૧૩૩૦૦૫ | ૮૪૧૬૫ | ૬૩.૨૮% |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૨૦૨૬૪૯ | ૧૨૯૮૬૪ | ૬૪.૦૮% |
| કુલ | ૬,૭૮,૪૧૨ | ૪,૨૭,૦૦૦ | ૬૨.૯૪% |

### શહેરમાં મહિલાઓનું મતદાન

| બેઠક | કુલ મતદારો | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૧૪૪૩૧૩ | ૭૬૦૫૫ | ૫૨.૭૦% |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૧૭૮૧૦૨ | ૯૫૮૪૯ | ૫૩.૮૨% |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૧૨૫૬૩૯ | ૬૫૩૪૬ | ૫૨.૦૧% |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૧૮૩૦૨૪ | ૯૬૦૬૮ | ૫૨.૪૯% |
| કુલ | ૬૩૧૦૭૮ | ૩૩૩૩૧૮ | ૫૨.૮૧% |

### થર્ડ જેન્ડરનું મતદાન

| બેઠક | કુલ મતદારો | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૯ | ૨ | ૨૨% |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૪ | ૧ | ૨૫% |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૧૩ | ૨ | ૧૫% |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૮ | ૦ | ૦% |
| કુલ | ૩૪ | ૫ | ૧૪.૭૦% |

### કુલ મતદાન

| બેઠક | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૩૦૩૮૯૭ | ૧૭૫૯૦૮ | ૫૭.૮૮% |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૩૬૧૨૮૯ | ૨૦૮૯૭૦ | ૫૭.૮૪% |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૨૫૮૬૫૭ | ૧૪૯૫૧૩ | ૫૭.૮૦% |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૩૮૫૬૮૧ | ૨૨૫૯૩૨ | ૫૮.૫૮% |
| કુલ | ૧૩,૦૯,૫૨૪ | ૭૬૦૩૨૩ | ૫૮.૦૬% |

કુલ ૨૮૭૫૫૯ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૦૨૬૪૦ પુરુષ મતદારો, ૮૩૩૩૪ મહિલા મતદારો તેમજ અન્ય બે મતદાર મળીને કુલ ૧૮૫૯૭૬ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૯.૧૫ ટકા, સ્ત્રીઓનું ૫૯.૮૯ ટકા, અન્યનું ૧૦૦ ટકા મળીને કુલ ૬૪.૬૭ ટકા મતદાન થયું છે.


૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ૧૫૯૫૭૫ પુરુષ મતદારો, ૧૪૪૩૧૩ મહિલા મતદારો તેમજ ૯ અન્ય મતદારો મળીને કુલ ૩૦૩૮૯૭ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૯૯૮૫૧ પુરુષ મતદારો, ૭૬૦૫૫ મહિલા મતદારો અને અન્ય બે મળીને કુલ ૧૭૫૯૦૮ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૨.૫૭ ટકા, સ્ત્રીઓનું ૫૨.૭૦ ટકા, તથા અન્યના ૨૨ ટકા મળીને કુલ ૫૭.૮૮ ટકા મતદાન થયું છે. ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારમાં ૧૮૩૧૮૩ પુરુષ મતદારો, ૧૭૮૧૦૨ મહિલા મતદારો તેમજ ૦૪ અન્ય મતદારો મળીને કુલ ૩૬૧૨૮૯ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૧૩૧૨૦ પુરુષ મતદારો, ૯૫૮૪૯ મહિલા મતદારો તથા અન્ય એક મળીને કુલ ૨૦૮૯૭૦ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૧.૭૫ ટકા, સ્ત્રીઓનું ૫૩.૮૨ ટકા તથા અન્યના ૨૫ ટકા મળીને કુલ ૫૭.૮૪ ટકા મતદાન થયું છે.

૭૦-રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં ૧૩૩૦૦૫ પુરુષ મતદારો, ૧૨૫૬૩૯ મહિલા મતદારો તેમજ ૧૩ અન્ય મતદારો મળીને કુલ ૨૫૮૬૫૭ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૮૪૧૬૫ પુરુષ મતદારો, ૬૫૩૪૬ મહિલા મતદારો તથા અન્ય બે મળીને કુલ ૧૪૯૫૧૩ મતદારોએ

### ગત ચૂંટણીઓમાં થયેલ મતદાન

| બેઠક | ૨૦૧૪ | ૨૦૧૯ |
|---|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૬૪.30% | ૬૩.૭૪% |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૬૪.૫૪% | ૬૪.૭૦% |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૬૪.૬૨% | ૬૩.૭૩% |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૫૯.૬૮% | ૬૧.૪૭% |
| કુલ | ૬૩.૨૮% | ૬૩.૪૧% |

મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૩.૨૮ ટકા, સ્ત્રીઓનું ૫.૦૧ ટકા તથા અન્યના ૧૫ ટકા મળીને કુલ .૫૭.૮૦ ટકા મતદાન થયું છે. ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં ૨૦૨૬૪૯ પુરુષ મતદારો, ૧૮૩૦૨૪ મહિલા મતદારો તેમજ ૦૮ અન્ય મતદારો મળીને કુલ ૩૮૫૬૮૧ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૨૯૮૬૪ પુરુષ મતદારો, ૯૬૦૬૮ મહિલા મતદારો મળીને કુલ ૨૨૫૯૩૨ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૪.૦૮ ટકા, સ્ત્રીઓનું ૫૨.૪૯ ટકા મળીને કુલ ૫૮.૫૮ ટકા મતદાન થયું છે. ૭૨-જસદણ વિધાનસભા મત વિસ્તારમાં ૧૩૬૮૦૮ પુરુષ મતદારો, ૧૨૬૦૨૭ મહિલા મતદારો તેમજ ૦ અન્ય મતદારો મળીને કુલ ૨૬૨૮૩૫ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૮૨૯૮૨ પુરુષ મતદારો, ૬૩૩૮૨ મહિલા મતદારો મળીને કુલ ૧૪૬૩૬૬ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૦.૬૬ ટકા, સ્ત્રીઓનું ૫૦.૨૯ ટકા મળીને કુલ ૫૫.૬૯ ટકા મતદાન થયું છે. જ્યારે રાજકોટ શહેરની સ્થિતિ જોઈએ તો ૬૮ રાજકોટ પૂર્વ, ૬૯ રાજકોટ પશ્ચિમ, ૭૦ રાજકોટ દક્ષિણ અને ૭૧ રાજકોટ ગ્રામ્ય આ બેઠક ઉપર કુલ કુલ ૧૩.૦૯ લાખ મતદારોમાંથી ૭.૬૦ લાખ મતદારોએ જ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.




## રૂપાલાનો ચૂંટણી પછી સામાજીક કોલ

# સામાજીક સમરસતા જળવાય રહેવી જોઈએ, જે કંઈ ભૂલ થઈ તે બદલ ફરી એક વખત માફી માગુ છું:રૂપાલા

અબતક,રાજકોટ

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ મતદાન પછી આજે પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકાર પરીષદમાં પરસોતમભાઈ રૂપાલાએ જે કાંઈ ઘટના થઈ તે બદલ ક્ષત્રીય સમાજની ફરી એકવાર માફી માંગેલ અને ક્ષત્રીય સમાજે ગઈકાલના મતદાન શાંતીપુર્ણ રીતે કરવા બદલ આભાર વ્યકત કરી પત્રકાર પરિષદમાં રૂપાલાએ વધુમાં જણાવી લોકોને સામાજીક સમરસતા જાળવવા કોલ આપ્યો હતો.વધુ જણાવતા લોકોને સામાજીક સમરસતા જાળવવાનો કોલ આપ્યો હતો. હાલનાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં સામાજીક સમરસતા અતિ આવશ્યક છે. ચૂંટણી દરમિયાન મારાથી જે ભૂલ થયેલ તેનો મને ખૂબજ અફસોસ છે.

પરંતુ માણસ માત્ર ભૂલને પાત્રનો સંદર્ભમાં મે ક્ષત્રીય સમાજની અનેક વખત માફી માગેલ છે.


તસ્વીર: શૈલેષ વાડોલીયા

શાંતિપૂર્ણ મતદાન થઈ જવા બદલ ક્ષત્રીય સમાજનો તથા સાથે સાથે દરેક સમાજ, પત્રકાર મીત્રોનો આભાર માનું છઉં.ક્ષત્રીય સમાજની બહેનોની અસ્મિતા જળવાઈ રહેવી જ જોઈએ મારા જાહેર જીવનના ૪૦ વર્ષના કાર્યકાળમાં જ્ઞાતી જાતી વિશે ઘસાતું બોલ્યું નથી પરંતુ તાજેતરની ચૂંટણી દરમિયાન જે કાંઈ મારાથી થયેલ તેમાં ક્ષત્રીય સમાજ અને બહેનોને દુઃખ લાગેલ છે તેનું દુખ છે. મારા મનમાં કયારેય પણ પ્રતિશોધ કે કટુતા નો ભાવ રહ્યો નથી રહેશે નહી તેવું પણ રૂપાલાએ કોલ વ્યકત કર્યો હતો.







# ચૂંટણીની દોડાદોડી પૂરી: નેતાઓ હળવાશના મૂડમાં

અબતક, રાજકોટ

છેલ્લા એક પખવાડીયાથી લોકસભાની ચૂંટણીની ભાગાદોડી કરતા ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ મતદાન પૂર્ણ થતાની સાથે જ રાહતનો ઊંડો શ્વાસ લીધો હતો. આજે નેતાઓ હળવાશના મૂડમાં જણાતા હતા. કેટલાક આગેવાનોએ આજે સંપૂર્ણ આરામ કરવાનું મુનાસીબ સમજ્યું હતું તો કેટલાક આગેવાનો આજથી ફરી રૂટિન પ્રક્રિયામાં પરોવાય ગયા છે તો કેટલાક ફરી જનસેવાના કાર્યોમાં લાગી ગયા છે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલાએ આજે સવારે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધી હતી. આજથી જ તેઓ ફરી રૂટિન કામગીરીમાં પરોવાય ગયા છે.

**શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ પરિવાર સાથે હળવાશની પળો વિતાવી: સાંજે ઢોલરામાં વૃદ્ધ માવતરો સાથે કરશે ભોજન: કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ સવારે ઘરે પતિદેવ માટે બનાવી 'ચા'**

જ્યારે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે પોતાના ઓફિસના અંગત કામો પતાવ્યા હતા. સાંજે તેઓ કાર્યકર્તાઓને મળી આભાર વ્યક્ત કરશે. છેલ્લા ઘણા સમયથી ચૂંટણીની ભાગાદોડી કરી રહેલા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ આજે સવારે પરષોત્તમભાઈ રૂપાલાની પત્રકાર પરિષદમાં હાજરી આપ્યા બાદ અન્ય કામો ટાળ્યા હતા અને આરામ કરવા માટે પોતાના ઘરે ઉપડી ગયા હતા. ધર્મપત્ની કાશ્મિરાબેન, પુત્રી ખુશી અને પુત્રવધૂ જીલબેન સાથે સમય પસાર કર્યો હતો. તેઓ દર

## ભાજપના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલાએ સવારમાં મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લઈ પત્રકાર પરિષદ સંબોધી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ અંગત કામો પતાવ્યા, સાંજે કાર્યકરોને મળી આભાર માનશે

અઠવાડીયે એકવાર અચૂકપણે ઢોલરા સ્થિત દીકરાના ઘર વૃદ્ધાશ્રમ ખાતે જાય છે અને ત્યાં વસવાટ કરતા વૃદ્ધ માવતરો સાથે સમય પસાર કરે છે. લોકસભાની ચૂંટણીને કારણે તેઓ છેલ્લા દોઢ મહિનાથી દીકરાના ઘરની મુલાકાત લઈ શક્યા ન હોય આજે સાંજે તેઓ ઢોલરા જશે અને વૃદ્ધો સાથે સમય પસાર કરી રાત્રિ ભોજન પણ ત્યાં જ આરોગશે. પરષોત્તમભાઈ રૂપાલાને પણ તેઓએ ઢોલરા વૃદ્ધાશ્રમની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું છે.

રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ આજે સવારે ગૃહિણી ધર્મ નિભાવ્યો હતો અને પોતાના પતિદેવ મનોહરભાઈ બાબરિયા અને પુત્રી માટે 'ચા' બનાવી હતી. આખો દિવસ પરિવાર સાથે પસાર કર્યો હતો. જ્યારે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ આજે સવારથી ફરી સામાજીક કાર્યોમાં પરોવાય ગયા છે. તેઓએ સવારમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી ત્યારબાદ સમય મળતા તેઓની વિધાનસભામાં કાળઝાળ ગરમીમાં ભાજપ તરફી મતદાન કરાવવા માટે પરસેવો પાડનાર તમામ કાર્યકર્તાઓને વ્યક્તિગત ફોન કરી આભાર માન્યો હતો. બપોરે ૨:૦૦ કલાકે તેઓ પોતાના વિધાનસભા પશ્ચિમ જનસંપર્ક કાર્યાલય ખાતે લોકસેવાના કામોમાં લાગી ગયા હતા. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી પણ આજે ચૂંટણીની ભાગાદોડીમાંથી ફ્રી થયા બાદ રૂટિન દિનચર્યામાં આવી ગયા છે. તેઓએ સવારના સમયે પોતાની ઓફિસે ગયા હતા અને પેન્ડિંગ કામોને નિપટાવ્યા હતા. પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂએ આજે સંપૂર્ણપણે આરામ ફરમાવ્યો હતો.

**શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી ઓફિસના રૂટિન કામમાં પરોવાય ગયા: ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ દિવસ દરમિયાન કર્યો સંપૂર્ણ આરામ: ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે જનસેવા કાર્યાલયનો હવાલો સંભાળ્યો, મેયર નયનાબેન પેઢડિયા કોર્પોરેશન કચેરીએ સમયસર આવી ગયા**

ચૂંટણીની આચાર સંહિતાના કારણે છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન કચેરીમાં પદાધિકારીઓ આવતા ન હતા. દરમિયાન ગઈકાલે મતદાન પૂર્ણ થયા બાદ આજે શહેરના પ્રથમ નાગરિક એવા મેયર નયનાબેન પેઢડિયા કોર્પોરેશન કચેરીએ સવારે સમયસર આવી ગયા હતા અને અરજદારોને પણ સાંભળ્યા હતા. કેટલાક નેતાઓ આજે પોતાના ફોન સ્વિચઓફ કરી દીધા હતા તો કેટલાક નેતાઓએ ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી ન હતી. ટૂંકમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ નેતાઓ હવે સંપૂર્ણપણે હળવાશના મૂડમાં આવી ગયા છે.

# S2G2-અ રોમેન્ટિક મિશન હાસ્ય-એકશનથી ભરપુર ફિલ્મ

## અબતકની શુભેચ્છા મુલાકાતે S2G2-અ રોમેન્ટિક મિશનના કલાકારોઃ ૧૦મીએ થશે રિલીઝ

**અબતક, રાજકોટ**

પ્રખ્યાત બોલીવુડ સિંગર જાવેદ અલીના અવાજમાં સ્વરબધ્ધ સોન્ગમાં કચ્છના મનમોહક વસ્યો જોવા મળશે મહેસાણા શ્રીનિક આઉટરિ ચના બેનર હેઠળ બનેલ ફન, ફેશન અને એક્શન પેક્ડ ગુજરાતી ફિલ્મ ''S2G2-અ રોમેન્ટિક મિશનનું ધમાકેદાર ટ્રેલર તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવ્યું છે. ફિલ્મની વાત કરીએ તો આ એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે જેમાં હાસ્ય, એક્શન બધું જ છે. ૧૦મી મે, ૨૦૧૪ના રોજ રિલીઝ થઈ રહેલ આ ફિલ્મ સંપૂર્ણ ફેમિલી એન્ટરટેઈનર સાબિત થશે તે તો નક્કી જ છે. રાકેશ શાહ દ્વારા દિર્ગદર્શિત આ ફિલ્મ શ્રીનિક આઉટરિચના બેનર હેઠળ વિશાલ ભટ્ટ તથા મિરલ શાહ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. અન્ય પ્રોડ્યુસર્સમાં મૌલિક પટેલ તથા ધવલ પટેલનો સમાવેશ થાય છે.

### ગુજરાતી છો તો ગુજરાતી ફિલ્મ નિહાળોઃ અભિનેત્રી કથા પટેલ



અબતકની શુભેચ્છા મુલાકાતે S2G2-અ રોમેન્ટિક મિશનના અભિનેત્રી કથા પટેલએ જણાવ્યું હતું કે ગુજરાતી સિનેમાનો ગ્રાફ ઘણો વધ્યો છે. તો આપણે ગુજરાતી છે તો ગુજરાતી છો તો ગુજરાતી ફિલ્મ ખાસ નિહાળો આ ફિલ્મ હાસ્ય અને એકશનથી ભરપુર છે.



આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં મૌલિક ચૌહાણ, કથા પટેલ, શ્રેય મારડિયા, પ્રિયલ સટ્ટ, અર્ચન ત્રિવેદી, કલ્પેશ પટેલ, સ્પંદન કુમાર અને ચંદ્રેશ કેરલીયા જેવાં જાણીતા કલાકારોએ અદભૂત કામગીરી દર્શાવી છે. ફિલ્મનું લેખન કાર્ય મિરલ શાહ દ્વારા કરાયું છે. ફિલ્મના પ્રમોશન અર્થે કલાકારો મૌલિક ચૌહાણ અને કથા પટેલ રાજકોટની મુલાકાતે આવ્યાં હતા અને ફિલ્મ અંગે વાતો શેર કરી હતી. બંને કલાકારોને રાજકોટવાસીઓને પોતાના પરિવાર સાથે આ ફિલ્મ માણવા વિનંતી કરી હતી. આજે ગુજરાતી સિનેમાનો ગ્રાફ ઘણો વધ્યો છે અને દર્શકોને અલગ-અલગ વિષયવસ્તુ ધરાવતી ફિલ્મો પસંદ આવી રહી છે ત્યારે ૧૦મી મે એ રિલીઝ થઈ રહેલ આ ફિલ્મ પણ દર્શકોને આકર્ષશે.

S2G2- અ રોમેન્ટિક મિશન ફિલ્મમાં ૨ કપલની વાત છે. ફિલ્મના ટ્રેલર લોન્ચની સાથે જ દર્શકોમાં ફિલ્મ અંગે ઉત્સુક્તા વધી ગઈ છે.૧૦મી મેના રોજ રિલીઝ થઈ રહેલ આ ફિલ્મ દર્શકોને ડિલાઈટફુલ રોમેન્ટિક એક્સપિરિયન્સ આપવાનું સંપૂર્ણ વચન આપે છે. ફિલ્મમાં વિવેક (મૌલિક ચૌહાણ દ્વારા અભિનીત) એક ફોટોગ્રાફર છે જે એક મિશન પર નીકળે છે પણ આ મિશન શું અને અને તેને આમ સફળતા મળે છે કે નહિ તે તો આ ફિલ્મ થકી જ જોવું રહ્યું.

ફિલ્મનું મ્યુઝિક જોય મહેતા દ્વારા આપવામાં આવ્યું છે અને જાવેદ અલી અને સંદીપ કુલકર્ણી જેવા ફેમસ બોલીવુડ પ્લેબેક સિંગરે આ ફિલ્મન આ એક સોન્ગમાં પોતાનો અવાજ આપ્યો છે જેમાં કચ્છના મનમોહક દ્રશ્યો જોવા મળશે. ફિલ્મના ગીતો કિરણ પરિહાર તથા શયામલ મુન્શી પારા લખાયા છે.

### કલાકારને પ્લેટ ફોર્મ ન મળે ત્યાં સુધી તે ટેલેન્ટ સાબિત કરી શકતા નથીઃ અભિનેતા મૌલિક ચૌહાણ



અબતકની શુભેચ્છા મુલાકાતે S2G2-અ રોમેન્ટિક મિશન ફિલ્મના અભિનેતા મૌલિક ચૌહાણએ વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ફિલ્મમાં બે કપલની વાત છે ફિલ્મમાં હાસ્ય એકશન બધુ જ છે. ગુજરાતી ફિલ્મમાં વધુ પડતું રોકાણ કરવાથી તેમાથી આવકનો એટલો સ્ત્રોત મળતો નથી. ગુજરાતી ફિલ્મમાં બેકરોડથી વધુ રોકાણ કરવામાં આવે તો તેમાંથી પરત મળતું નથી. કલાકાર કોઈ પ્લેટફોર્મ ન મળે ત્યાં સુધી તે ટેલેન્ટ સાબિત કરી શકતું નથી.

# અમેરિકામાં સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવની ભવ્ય ઉજવણી





## પૂજન માટે ભારતથી એક હજાર તીર્થોનું જળ એકત્રિત કરાયું હતુ

**અબતક,રાજકોટ**

ગુરુકુલ - અમદાવાદના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી સનાતન ધર્મની સેવાર્થે સતત પ્રયાસ કરતા રહે છે. સ્વામીશ્રી દ્વારા અમેરીકાના જ્યોર્જિયા સ્ટેટમાં આવેલા સવાનાહ શહેરમાં શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં વૈદિક હિંદુ ધર્મની સર્વે ધારાઓના સમન્વય સ્વરૂપે દ્વાદશ જ્યોતિર્લિંગ, ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી વિષ્ણુ, શિવજી, ગણપતિજી, પાર્વતીજી તથા સૂર્યનારાયણના દિવ્ય સ્વરૂપોની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

અહીં બિરાજતા દેવોના પંચમ પાટોત્સવ નિમિત્તે પંચાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચાબ્દિ મહોત્સવના પ્રથમ દિવસે માનસરોવરનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું.

માનસરોવરના આ પૂજન માટે ભારતથી એક હજાર તીર્થોનું જળ એકત્રિત કરવામાં આવ્યું હતું.

ભકિતભાવથી ભરેલી પાંચસોથી વધારે બહેનોએ આ તીર્થજળના કળશોને મસ્તક પર લીધા હતા અને માનસરોવરને ફરતા લગભગ એક કિલોમીટર જેટલા માર્ગમાં પ્રદક્ષિણા કરવામાં આવી હતી.

અમેરીકા જેવા દેશમાં આ રીતે તીર્થજળ સાથેની વિશાળ જળયાત્રા પ્રથમવાર યોજાઈ હતી. આ કળશયાત્રાનું દ્રશ્ય અત્યંત અદ્ભૂત હતું. શોભાયાત્રાના સમાપન સમયે વેદમંત્રોના ઘોષ સાથે આ તીર્થજળને માનસરોવરમાં પધરાવવામાં આવ્યું હતું અને વરૂણદેવ સહિત સર્વ તીર્થદેવોની સમુહ આરતી ઉતારવામાં આવી હતી. આ આરતીનું દ્રશ્ય પણ અતિ દિવ્ય હતું.

આ પ્રસંગે સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું હતુ કે, આજથી આ સરોવર સાચા અર્થમાં માનસરોવર બન્યું છે. આ સરોવરના જળને માથે ચડાવવાથી સર્વ તીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થશે.

મહોત્સવના દ્વિતીય દિને રૂદ્રયાગનું આયોજન થયું હતું. અહીં ૧૮ એકરમાં વિસ્તરેલા સરોવરને કિનારે સુંદર યજ્ઞશાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. પંચાબ્દિ મહોત્સવના યજમાનો સપરિવાર યજ્ઞમાં જોડાયા હતા. પવિત્ર ભૂદેવોએ વૈદિક મંત્રોના ગાન સાથે યજમાનોને યજ્ઞવિધિ

(અનું. આઠમાં પાને)

# જૈન અગ્રણી કિશોરભાઇ કોરડીયા જીવદયા કાર્યને વિસ્તારવા આપ્યું ત્રણ લાખનું અનુદાન





**અબતક, રાજકોટ**

જૈન અગ્રણી તથા જીવદયા પ્રેમી એવા કિશોરભાઈ કોરડીયા ના નિવાસ સ્થાને વિવિધદાનના ચેકનો નાનો પરંતુ ભવ્ય કાર્યક્રમ યોજાયેલ.

પ્રભુજીનો આશરો નામની રાજકોટની સંસ્થા જે માનસિક વિકલાંગ ની અનન્ય સેવા કરી રહેલ છે. જેમાં હાલ લગભગ ૫૦ વ્યકિતઓ લાભ લઈ રહ્યા છે તેમજ સંસ્થાના આધુનિક મકાનનું શિલારોપણ કરી ભવિષ્યમાં ૧૫૦ થી વધુ લાભાર્થીઓની સેવા કરી શકાય તેવી સંસ્થા ને રૂ. ૧૦ એક લાખનો ચેક અર્પણ કરવામાં આવેલ.

શંખેશ્વર પાશ્વનાથ દહેરાસરજીમાં સાધુ તથા સાધ્વીજી ભગવંતો તેમજ અન્ય આરાધકોમાં સરસ્વતિની આરાધના કરી જ્ઞાન સંપન્ન બને તેવા હેતુથી માં સરસ્વતિ ની આરસની સુંદર દિવ્ય પ્રતિમા પધરાવવાનો લાભ કિશોરભાઈને મળેલ છે. જે માટે રૂ. એક લાખ નું દાન શંખેશ્વર પાશ્વનાથ જૈન ટ્રસ્ટને અર્પણ કરવામાં આવેલ. ઉમરના કારણે તથા માંદગીના કારણે ઉપયોગ વિનાના બની ગયેલ આખલાઓ તથા બળદોને શાતા

(અનું. આઠમાં પાને)

# ભારત વિકાસ પરિષદ દ્વારા બે દિવસીય રીજયોનલ વર્કશોપ



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## અબતકની શુભેચ્છા મુલાકાતે ભારત વિકાસ પરિષદના સભ્યોએ આપી વિગત

**અબતક,રાજકોટ**

સંપર્ક.. સહયોગ.. સંસ્કાર.. સેવા.. અને સમર્પણ એવા પંચસૂત્રોને વરેલી અને સ્વસ્થ, સમર્થ, સંસ્કારિત ભારત- ના મંત્રને વરેલી સંસ્થા ભારત વિકાસ પરિષદનો રીજયોનલ વર્કશોપ આગામી તા.૧૦/૫/૨ થી ૧૨/૫/ ના દિવસે રાજકોટની સુવિખ્યાત આધ્યાત્મિક સંસ્થા આર્ષ વિદ્યામંદિર - મુંજકા ખાતે યોજાશે.

પરિષદનું નાનામાં નાનું એકમ એટલે બ્રાન્ચ (શાખા) ત્યારબાદ પ્રાંત, રીજીયન અને નેશનલ. આ મુજબ સંસ્થા તેના બંધારણ મુજબ દરેક શરૂ થતાં નવા વર્ષે નેશનલ વર્કશોપ, રીજયોનલ વર્કશોપ, પ્રાંતિય વર્કશોપ એમ ક્રમાનુસાર વર્કશોપનું આયોજન કાર્યકર્તાઓના ઘડતર માટે કરે છે. જેમાં નવનિયુક્ત જવાબદારી સંભાળનાર પદાધિકારીઓનું ઘડતર કરવામાં આવે છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં પ્રવિણપુરી ગોસ્વામીએ જણાવ્યું હતુ કે, ભારત વિકાસ પરિષદની ૧૫૦૦ થી વધુ જેટલી શાખાઓ સમગ્ર દેશમાં ફેલાયેલી છે. આ શાખાઓને ૧૦ રીજીયન અને ૭૯ પ્રાંતમાં વહેચવામાં આવેલ છે. જે પૈકી વેસ્ટ રીજીયન (પશ્ચિમ ક્ષેત્ર) માં કુલ ૩ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના ૧૦ પ્રાંતના રીજીયનના અધિકારીઓ, દરેક પ્રાંતના અધ્યક્ષ, મહાસચિવ, કોષાધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સંગઠનમંત્રી અને મહિલા સંયોજિકા આ

(અનું. આઠમાં પાને)

# વી.એમ. મહેતા ફાઉન્ડેશનનાં ઉમ્મીદ શિક્ષા રથનો ત્રીજી બેંચનો શુભારંભ

## ૧૦૦થી વધુ બાળકોનો પ્રોજેકટ અંતર્ગત અભ્યાસ

**અબતક,રાજકોટ**

સેવાકિય પ્રવૃતિઓમાં હંમેશા મોખરે જીનીયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશનના વી. એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ઉમ્મીદ શિક્ષા રથપ્રોજેક્ટ અંતર્ગત સ્કૂલ બસમાં હરતા ફરતા પૂર્ણ કક્ષાના ક્લાસરુમ અર્થાત શિક્ષા રથ દ્વારા બાંધકામ ક્ષેત્રે કામ કરતા મજદૂરોના બાળકોને ભણાવવાનો અભિયાન કરવામાં આવેલ છે. જેની ત્રીજી બેચનો શુભારંભ આર. કે. ટ્રેડ ટાવર એન્ડ હાઈ સ્ટીટ, શીતલ પાર્ક બસ સ્ટોપ ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે તા. ૧૦ મે, શુક્રવારના રોજ સવારે ૦૯.૦૦ કલાકે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલ સાહેબના વરદ હસ્તે થનાર છે.





આ ત્રીજી બેચમાં આર.કે ગ્રુપની જુદી જુદી બાંધકામની સાઈટ પર કામ કરતા મજદુરોના ૩૫ જેટલા બાળકોને ઉમ્મીદ શિક્ષા રથના માધ્યમથી ભણાવવામાં આવશે. હાલમાં શિક્ષા રથના માધ્યમથી પ્રથમ બેચમાં એક્રોલોન્સ ક્લબ ખાતે અને બીજી બેચમાં ગેલેક્સી ગાર્ડન ખાતે શ્રી વી. એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦ થી વધારે બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય શરૂ થઈ ગયું છે. બન્ને બેચના સફળ સંચાલન બાદ ત્રીજી બેચનો શુભારભ આર. કે. ટ્રેડ ટાવર એન્ડ હાઈ સ્ટીટ ખાતે થવા જઈ રહ્યો છે.

આ અભિયાનના અંતર્ગત બાળકોને દત્તક લઈને તેમના અભ્યાસનો તમામ ખર્ચ વી.એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા ઉઠાવવામાં આવશે.

ઉમ્મીદ શિક્ષા રથની તૃતિય બેચના વિદ્યારંભ કાર્યક્રમમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલ સહિત રાજકોટના નામાંકિત મહાનુભાવો જેમાં આર.કે. ગ્રુપના ચેરમેન શ્રી સર્વાનંદભાઈ સોનવાણી, રાજકોટ બિલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી પરેશભાઈ ગજેરા, શ્રી જગજીવનભાઈ સખીયા, પાન ગ્રુપના શ્રી મનસુખભાઈ પાન, શિલ્પન ગ્રુપના શ્રી ભરતભાઈ ડઢાણીયા, લાડાણી એસોસિયેશન શ્રી દિલીપભાઈ લાડાણી, ડેકોરા ગ્રુપના શ્રી નિખિલભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ શેઠ, શ્રી પરેશભાઈ પારેખ અને શ્રી સંદિપભાઈ સાવલિયા ઉપસ્થિત રહેનાર છે. આ પ્રસંગે શ્રી વી.એમ. મહેતા ફાઉન્ડેશનના શ્રીમતી તારાબેન વ્રજલાલ મહેતા પણ

(અનું. આઠમાં પાને)

# આંતરરાષ્ટ્રીય સ્તરે પંચાયતીરાજના મહિલા રત્નો કરશે ભારતનું પ્રતિનિધિત્વ

## વુમન ઈન લોકલ ગર્વમેન્ટ ઈનઈન્ડિયા લીડ થર્વે વિષય સાથે નીરૂ યાદવ, સુપ્રિયા દાસ ગુપ્તા અને કનુ હેમકુમરી લેશે ભાગ



**અબતક,રાજકોટ**

સંયુક્ત રાષ્ટ્ર સંઘની આંતર રાષ્ટ્રીય સ્તરે યોજાવેલ વિવિધ વિષયની મહિલા સમિટમાં '' વુમન ઈન લોકલ ગર્વમેનટ ઈન ઈન્ડીયા લીડ થવે'' વિષય સાથે ભારતમાંથી ત્રણ વિચક્ષણ પંચાયતીરાજની મહિલા પ્રતિનિધિ નીરૂ યાદવ (રાજસ્થાન), સુપ્રિયા દાસગુપ્તા તેમજ કનુક હેમકુમારી (આંધપ્રદેશ) નામે પ્રતિનિધિત્વ કરી. ભારતના ગ્રામીણ વિકાસમાં પંચાયતીરાજના માધ્યમથી મહિલા જનભાગીદારી અને સર્વાંગી વિકાસ સબંધે દાખલા દલીલ અને અનુભવ સહીત વિષદ છણાવટ કરેલ અને ભારતીય પંચાયતીરાજની મહિલા પ્રતિનિધિએ ભારતના પંચાયતીરાજનો વૈશ્વીક કક્ષાએ ડંકો વગાડેલ.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્દેશ અને સુશાસનથી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રથમ વખત આ કાર્યક્રમનું આયોજન કરાયેલ હતું.

પંચાયતીરાજની વિવિધ રાજયની વીરાંગનીએ દેશના પંચાયતીરાજનો વૈશ્રીક સ્તરે ડંકો વગાડતા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ પરેશ

(અનું. આઠમાં પાને)

# જૈન વિઝન આયોજીત નવકારશીમાં ૧૫ હજાર લોકોએ લીધો લાભ



## સમગ્ર આયોજનમાં જૈન અગ્રણી જયોતિન્દ્રભાઈ મહેતા, ચંદ્રકાન્તભાઈ શેઠ, દિનેશભાઈ પારેખ સહિતનું મળ્યું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

જૈન વિઝન ટીમ તથા નવકારશી સંકલન સમિતિએ ધર્મ સત્તાની સાથે રાજસત્તા માટે સમસ્ત રાજકોટના તેમજ વાંકાનેરના જૈન ઉપાશ્રય તથાં દેરાસરોમાં શાતાકારી નવકારશીનુ બેનમૂન આયોજન કરી અજોડ તથાં બેજોડ સરાહનીય સત્કાર્ય કરી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી પ્રેરણાત્મક અભિગમ અપનાવેલ છે.

અભૂતપૂર્વ શાતાકારી નવકારશીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૫ હજાર લોકોએ લાભ લીધેલ હતો.

રાજકોટ અને વાંકાનેર સુધી નજીકનાં ઉપાશ્રય, દેરાસર ખાતે નવકારશીનું સુંદર આયોજન કરવામાં આવેલ સ્થા.જૈન મોટા સંઘ,રોયલપાર્ક જૈન સંઘ

મનહરપ્લોટ જૈન સંઘ, નેમિનાથ વીતરાગ જૈન સંઘ, રેસકોર્ષપાર્ક .જૈન સંઘ, સદર જૈન સંઘ, શેઠ ઉપાશ્રય જૈન સંઘ,મહાવીરનગર જૈન સંઘ, શ્રમજીવી જૈન સંઘ, જૈનચાલ જૈન સંઘ, નૂતનગુરુ વૈયાવચ્ચ ધામ (સંઘાણી) તથા ગોંડલરોડ વેસ્ટ જૈન સંઘ, ગીતગુર્જરી જૈન સંઘ, સાધનાભવન જૈન સંઘ, અજરામર જૈન સંઘ, વખારીયા જૈન સંઘ, જંકશનપ્લોટ જૈન સંઘ, ભક્તિનગર જૈન સંઘ, રૈયાહિલ જૈન સંઘ, તેમજ દેરાસર મણિયાર દેરાસર, પ્રહલાદ પ્લોટ દેરાસર , શ્રમજીવી દેરાસર, વાસું પૂજ્ય દેરાસર , જાગનાથ દેરાસર , વિમલનાથ દેરાસર , પારસધામ દેરાસર , યુનવર્સીટી દેરાસર , જીરાવાલા દેરાસર , રૈયા હિલ દેરાસર , પંચવટી દેરાસર, ગાંધીગ્રામ દેરાસર, શાંતિનાથ એરપોર્ટ દેરાસર, શખેશ્વર જિનાલય, નાગેશ્વર પાશ્વનાથ દેરાસર , આનંદગર દેરાસર અને વાંકાનેર જૈન સંઘ સુધી આયોજન થયેલ

સમસ્ત જૈન સમાજને મત દાન કરવા અપીલ બોહળો પ્રતિસાદ મળેલ હતો ,

અને સવારે ૧૧:૦૦ કલાક

(અનું. આઠમાં પાને)

# ગાંજાનો જથ્થો મંગાવનાર શખ્સ જામીન મૂક્ત

## પોલીસે સગીરને ૧૧ કિલો ગાંજા સાથે ઝડપી પાડયો તો

**અબતક,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલા જંગલેશ્વરમાં ઝડપાયેલા ગાંજાનો જથ્થો મંગાવનાર શખ્સને અદાલતે જામીન ઉપર છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ભક્તિનગર પોલીસે તા.૧૫/૦૨/ ૨૪ ના રોજ જંગલેશ્વર શેરી ને ૯ માથી માદકપદાર્થની હેરાફેરી થતી હોવાની ભક્તિનગર પોલીસને મળેલી બાતમીના આધારે સ્ટાફે વોચ ગોઠવી હતી ત્યારે શંકાસ્પદ હાલતમાં એક્સપ્રેસ મોટરસાયકલ લઈને નીકળેલા સગીરને અટકાવી થેલામાં તલાસી લેતા ૧૧ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

ઝડપાયેલા સગીરની પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યા મુજબ આ ગાંજો દાનીશ ઉર્ફે ભગો હનીફભાઈ માજોઠીએ જંગલેશ્વર વિસ્તારના કાજલ પાન પાસે ઉભેલા ભૈયા પાસેથી લઈને હબીબ હાઝનભાઈ ખીયાણી વાળાના ઘરે આપી દેવાનુ જણાવેલુ હતુ જે મતલબની ફરીયાદ ભકતિનગર પોલીસ સ્ટેશનમા નોંધવામા આવી હતી. જેના આધારે ભક્તિનગર પોલીસે દાનીશ ઉર્ફે ભગો હનીફભાઈ માજોઠીની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલ હવાલે રહેલા દાનીશ ઉર્ફે ભગો માજોઠીએ સેસન્સ કોર્ટમા જામીન મેળવવા અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજ પુરાવાને ધ્યાને લઈ અદાલતે જામીન અરજી મંજુર કરી હતી.આ કામે આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહીસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ અને આસીસન્ટ તરીકે અમાનખાન પઠાણ રોકાયેલ હતા.

# ગૃહ કંકાશ : મવડીમાં પત્નીને ગળાના ભાગે છરીના છરકા મારી પતિનો આપઘાતનો પ્રયાસ

## રિસામણે ગયેલી પત્નીને સમાધાન માટે ઘરે બોલાવી છરીના ઘા ઝીંકી દીધા : બંને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ગૃહ કંકાસમાંના લીધે વધુ એક પરિવાર ભાંગી પડ્યો છે. શહેરના મવડી વિસ્તારમાં ગૃહ કંકાસના લીધે પત્નીને ગળાના ભાગે છરીના છરકા મારી પતીએ પણ આપઘાતનો પ્રયાસ કર્યાનો બનાવ માલવિયાનગર પોલીસના ચોપડે નોંધાયો છે. પતિને દેણું થઈ જતાં રિસામણે જતી રહેલી પત્નીને પરત તેડાવી પતિએ છરીના છરકા મારી દીધાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે સાંજે પાંચ વાગ્યાં આસપાસ શહેરના મવડી વિસ્તારમાં ઉદયનગર શેરી નંબર ૧૪માં રહેતા મહેન્દ્રસિંહ તોગુભા જાડેજા (ઉ.વ.૪૦)એ પત્ની પ્રીતિબા જાડેજા (ઉ.વ.૩૯) પર છરી વડે હુમલો કરીને ગળાના અને પેટના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. જે બાદ પોતે પણ મહેન્દ્રસિંહ જાડેજાએ ગળા અને ડાબા હાથના ભાગમાં છરીના છરકા મારી લીધા હતા. બંને ઈજાગ્રસ્તો હાલ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ત્યારે સમગ્ર મામલે ઈજાગ્રસ્ત પત્નીના પરિજનોએ જણાવ્યું હતું કે, મહેન્દ્રસિંહ તોગુભા જાડેજા અને પ્રીતિ ચૌહાણ વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો જેથી આશરે ૧૬ વર્ષ પૂર્વે પ્રેમ લગ્ન કર્યા હતા. મહેન્દ્રસિંહ પોતે જુગારની ટેવ ધરાવતા હોય તેના લીધે આશરે રૂ. ૨.૫ લાખનું દેણું થઈ જતાં બંને પતિ-પત્ની વચ્ચે અવાર નવાર ઝગડા થતાં રહેતા હતા. જેના લીધે છેલ્લા એકાદ માસથી પત્ની પ્રીતિબા રિસામણે પિયર જતાં રહ્યા હતા. જે બાદ ગઈકાલે મહેન્દ્રસિંહ સમાધાન કરીને પત્નીને ઘરે લઇ ગયાં હતા. દરમિયાન સાળી કવિતાબેન ચૌહાણ પણ સાથે ગયાં હતા. ઘરે પહોંચ્યા બાદ સાળી કવિતાબેનને પરત ચાલી જવાનું કહ્યું હતું પણ કવિતાબેન પરત જવાને બદલે શેરીમાં જ ઉભા રહ્યા હતા.

દરમિયાન બનેવી મહેન્દ્રસિંહે બહેન પ્રીતિને છરીના છરકા મારી પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યાનું જાણવા મળતા પોતે નજીકમાં જ આવેલા પોલીસ મથકે દોડી ગયાં હતા. પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ એમ્બ્યુલન્સ બોલાવી તાત્કાલિક બંનેને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

કવિતાબેન ચૌહાણે આપેલી વિગતો અનુસાર બનેવી મહેન્દ્રસિંહ જુગારની ટેવવાળા હોય જુગાર રમવા માટે ઘર વખરીનો ગમે તે સામાન વેંચી નાખતા હતા. મહેન્દ્રસિંહે સાસુ રસીલાબેન હરેશભાઈ ચૌહાણ(ઉ.વ.૫૨)ના નામે પણ સહકારી મંડળીમાંથી રૂ. ૫૦ હજારની લોન લઈ હપ્તા નહિ ભરતા સાસુ પર ચેક રિટર્નની ફરિયાદ થતાં તેઓ પણ જેલમાં હતા અને હજુ થોડા દિવસ પૂર્વે જ જામીન પર મુક્ત થયાં છે. ઉપરાંત ઈજાગ્રસ્ત પ્રીતિબાના ભાઈ વિમલ ચૌહાણ(ઉ.વ.૩૨) પણ બાંધા-બારાકીમાં કેસમાં જેલમાં બંધ છે.

# સીએની વિદ્યાર્થીનીએ સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવ્યું

## તિરૂપતિ સોસાયટીમાં યુવતીએ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

**અબતક,રાજકોટ**

આઈ એમ સોરી,હું આ કેમ કરું છું મને ખબર નથી, સીએ સુધી પહોંચી હવે હું મૂકી નથી શકતી, હવે મારાથી સહન નથી થતું - સ્યુસાઈડ નોટમાં લખી શહેરના કોઠારીયા રોડ પર તિરૂપતિ સોસાયટીમાં રહેતી અને સી.એ.નો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા રોડ, તિરૂપતિ સોસાયટી-૧ માં રહેતી માનસી રાજેશભાઈ ગઢીયા નામની ૨૧ વર્ષીય યુવતિએ આજરોજ સવારે પોતાના ઘરે રૂમમાં પંખામાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. સવારે પરિવારજનો જાગતા પુત્રીને આ સ્થિતિમાં જોઈ સ્તબ્ધ રહી, ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી જોઈ તપાસી યુવતીને મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે ભક્તિનગર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનસ્થળે પહોંચી યુવતીએ લખેલી સ્યુસાઈડ નોટ કબ્જે કરી જરૂરી કાર્યવાહી હાથધરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મૃતક બે ભાઈની એકની એક બહેન હતી અને પિતા પાનની દુકાન ધરાવે છે. યુવતીએ અભ્યાસના ટેન્શનમાં પગલું ભરી લીધું હતું.

# પોપટપરામાં સાઈકલ પરથી પટકાતા વૃદ્ધનું મોત

## પાળ પરથી પટકાતા આજીડેમમાં ડૂબી જવાથી વૃદ્ધનું મોત

**અબતક,રાજકોટ**

શહેરના પોપટ પરા વિસ્તારમાં શક્કર આવીને સાયકલ પરથી પટકાવેલા વૃદ્ધનું મોત નીપજતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ શહેરના પોપટ પરા વિસ્તારની શેરી નંબર દસમાં રહેતા કાળુભાઈ નારણભાઈ અત્રેસા નામના ૬૫ વર્ષીય વૃદ્ધ પોતાના ઘરેથી સાઈકલ લઈને આંટો મારવા જતાં હતા ત્યારે સાઈકલ પરથી પટકાયા હતા જેમનું સારવારમાં મોત નિપજ્યું છે.બનાવની જાણ સિવિલ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવી તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક નિવૃત્ત જીવન જીવતા હતા.તેઓ ચાર ભાઈ અને એક બહેન છે.તેને સંતાનમાં બે પુત્ર એક પુત્રી છે.મૃતક કાળુભાઈ ગત દિવસે સાઈકલ લઈને જતા હતા ત્યારે ચક્કર આવતા પટકાયા બાદ સારવારમાં દમ તોડી દેતા મોત નિપજ્યું છે.

જ્યારે શહેરના જૈન દેરાસર સામે આજીડેમના પાળા પાસે એક અજાણ્યા પુરુષ જેની ઉંમર આશરે ૬૦ વર્ષ હોય,તેઓ ગત રોજ સાંજના સાતેક વાગ્યે પારીએ બેઠા હતા ત્યારે અચાનક પારી પરથી આજીડેમમાં પટકાઈ જતા ડૂબી જવાથી તેમનું મોત નિપજ્યું છે. બનાવ અંગે આજીડેમ પોલીસને લોકોએ જણાવતા પોલીસ ઘટનસ્થળે દોડી આવી હતી. આજી ડેમ પોલીસના જે.એમ. બોસિયાએ સ્થળ પર પહોંચી મૃતકની ઓળખ અંગે તપાસ હાથધરી છે.

# શાપર -વેરાવળના આનંદ રેસીડેન્સીમાં પ્રૌઢે ફિનાઈલ પીધું

## મૈત્રીકરારથી સાથે રહેતી મહિલા દાગીના લઈ જતી રહેતા પરિવારના આક્ષેપ

**અબતક,રાજકોટ**

શાપર વેરાવળમાં મૈત્રી કરારથી સાથે રહેતી મહિલા દાગીના લઈ ઘરેથી નાશી છુટ્યાના આક્ષેપ સાથે પ્રોઢે ફીનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શાપરમાં આવેલી આનંદ રેસીડેન્સીમાં રહેતા મનુભાઈ દુધાભાઈ પરમાર નામના ૪૬ વર્ષીય પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના બારેક વાગ્યા અરસામાં ફિનાઈલ પી લીધું હતું પ્રૌઢને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મનુભાઈ પરમાર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે મનુભાઈ પરમાર બે ભાઈ ત્રણ બહેનમાં નાના છે અને તેમને સંતાનમાં બે પુત્રી છે મનુભાઈ પરમાર રેખાબેન નામની મહિલા સાથે મૈત્રી કરારથી સાથે રહેતા હતા.

પરંતુ મૈત્રી કરારથી સાથે રહેતી રેખાબેન દાગીના લઈ ભાગી ગઈ હોવાથી મનુભાઈ પરમારે ફિનાઈલ પી લીધું હોવાનો આક્ષેપ કર્યો છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સર ગામે દંપતી ઉપર હુમલો કરનાર ખેડુતનો છૂટકારો

## જમીનના વાવેતરનાં હિસાબના પ્રશ્ને બઘડાટી બોલી તી

**અબતક,રાજકોટ**

રાજકોટ તાલુકાના સર ગામે નજીવી બાબતે કોટડા સાંગાણી તાલુકાના ભાડવા ગામના દંપતી ઉપર હુમલો કરવાંના ગુનાનો કેસ ચાલી જતાં અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ કોટડા સાંગાણી તાલુકાના ભાડવા ગામે રહેતા સરોજબેન કાંતિભાઈ ચાવડાને રાજકોટ તાલુકાના સર ગામના ખેડૂત નરશીભાઈ પરબતભાઈ ગોહિલે મારમાર્યા અંગેની રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગત તારીખ ૨૨ /૩/ ૧૪ ના રોજ ફરિયાદી સરોજબેન અને તેના પતિ કાંતિભાઈ ચાવડાએ આરોપી નરશિભાઈ ગોહિલ ની સર ગામે ભાગમાં ઘઉં અને જીરાનું વાવેતર કર્યું હોય જેના હિસાબ બાબતે બંને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા નરશીભાઈ ગોહિલે સરોજબેન ચાવડાને ખેત ઓજારથી માર માર્યાનું ખુલતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચારસીટ રજૂ કરવામાં આવી હતિ બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપી નરસીભાઈ ગોહિલના રાજકોટ જિલ્લા લીગલ એડ ડિફેન્સ ના કાઉન્સિલ શાખાના વકીલ ભાવિશાબેન પંડિત દ્વારા કરેલી લેખિત મૌખિક દલિત તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

# વિરપુરઃ કારમાં ચોરખાનામાંથી રૂ.૧.૨૭ લાખનો દારૂ પકડાયો

## એલસીબીએ દરોડો પાડી રૂ. ૪ લાખના મુદામાલ કબ્જે કર્યોઃ જુનાગઢના ચાર શખ્સોની ધરપકડ



**અબતક, રાજકોટ**

ગોંડલ- જેતપુર ધોરી માર્ગ પર આવેલા વિરપુર નજીક ટોલ ટેક્સ પાસેથી એલસીબીએ કારમાં ચોર ખાનામાં છૂપાયેલા રૂ. ૧.૨૭ લાખની કિંમતનો ૬૨૯ બોટલ વિદેશી દારૂ સાથે જુનાગઢના ચાર શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે દારૂ, મોબાઈલ અને કાર મળી રૂ. ૪ લાખ મુદ્દામાલ કબ્જે કર્યો છે.પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જીલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસ.પી.એ. આપેલી સુચનાને પગલે એલસીબીના પી.આઈ. વી.વી. ઓડેદરા સહીતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું.

જુનાગઢના જોષીપરામાં રહેતો મીલન ખોડા પટોળીયા, સતીષ શશીકાંત કયાડા, સોનીક ભીમજી પોશીયા અને નરેન્દ્ર દેવજી ચોંડેગરા સહિત ચારેય શખ્સો જીજે ૧ આરી ૧૫૪૯ નંબરના કારમાં વિદેશી દારૂ ભરીને આવી રહ્યાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ ડી.જી. બડવા અને એચ.સી. ગોહિલ સહીતના સ્ટાફે વિરપુર ટોલ ટેક્સ પાસે વોંચ ગોઠવી હતી.ત્યારે શંકાસ્પદ હાલતમાં ઉપરોક્ત નંબરની આવતી કારને અટકાવી તલાસી લેતા જેમાં ચોર ખાનામાં છૂપાયેલો રૂ. ૧.૨૭ લાખની કિંમતનો ૬૨૯ બોટલ દારૂ સાથે ચારેય ની ધરપકડ કરી હતી.પોલીસે કાર, દારૂ મોબાઈલ મળી રૂ. ચાર લાખ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# પરીન ક્રેડિટના મહિલા સભાસદને ચેક રીટર્ન કેસમાં ૬ માસની જેલ

## એક માસમા ચેક મુજબનું વળતર ન ચુકવે તો વધુ એક માસની સજાનો હુકમ

**અબતક,રાજકોટ**

મંડળીમાથી લોન લીધા બાદ તેની વસુલાત માટે આપેલો રૂ.૩૫,૩૧૬ ની કીમતનો ચેક પરત ફરવાના કેસમા સભાસદને કોર્ટે ૬ માસની સાદી જેલની સજા અને વળતર પેટે ચેક મુજબની રકમ એક માસમા ન ચુકવે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રેલનગરમાં આવેલી પરીન ક્રેડિટ કો-ઓ. સો. લી.માંથી આરોપી શિલ્પાબેન રવિભાઈ ઘાવિત્રી (રહે. ઠકકરબાપા હરીજન વાસ, સદર બજાર, રાજકોટ)એ મંડળી પાસેથી રૂપિયા એક લાખની જાત જામીનની લોન લીધી હતી. ત્યારબાંદ આરોપીએ લેણી રકમના ચડત હપ્તા પેટે ફરીયાદી મંડળીને રૂ.૩૫, ૩૧૬ નો ચેક આપ્યો હતો. જે ચેક એકાઉન્ટ કલોઝડના શેરા સાથે પરત ફર્યો હતો. મંડળીએ પોતાના એડવોકેટ મારફત પાઠવેલી લીગલ નોટીસ બજી જવા છતાં રકમની ચુકવણી નહિ કરતા પરીન ટ્રેડીટ કો-ઓ. સો. લી.ના ચેરમેન જયેશભાઈ જગદીશભાઈ પરમારે કોર્ટ સમક્ષ ચેક રીટર્ન થયાની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા કોર્ટે ફરીયાદીના એડવોકેટની દલીલો માન્ય રાખી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુના હેઠળ આરોપી શિલ્પાબેન રવિભાઈ ઘાવિત્રીને ૬ માસની સાદી કેદની સજા અને વળતર પેટે ચેક મુજબની રકમ એક માસમા વળતર પેટે ન ચુકવે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી મંડળી તરફે રાજકોટના યુવા એડવોકેટ અમિત વી. ગડારા, કેતન જે. સાવલીયા, ભાર્ગવ પંડયા, પરેશ મૃગ, રીતેશ ટોપીયા અને ડેનીશ વિરાણી રોકાયા હતા.

# દુષ્કર્મના ગુનામાં શિક્ષકનો જેલવાસ લંબાયો

## યુવતીને લગ્નની લાલચ આપી દોઢ વર્ષ સુધી હવસનો શિકાર બનાવી તી

**અબતક,રાજકોટ**

જસદણ પંથકના એક ગામમાં યુવતીને લગ્ન માટે લલચાવી દોઢ વર્ષ સુધી જુદી જુદી જગ્યાએ શરીર સંબંધ બાંધી ઠુકરાવી દેવાની નોંધાયેલી ફરિયાદ મામલે આરોપી શિક્ષકની આગોતરા જામીન અરજી રાજકોટ સેશન્સ અદાલતે ફગાવી દીધી છે.આ અંગેની હકીકત મુજબ, જસદણ પંથકના શિક્ષક તરીકે ફરજ બજાવતા સુરેશ ધનજી આંદાણી નામના શખ્સ સામે ખુદ પીડીતાએ આઈપીસી કલમ ૩૭૬ (બે) એન મુજબ ફરિયાદ નોંધાવી હતી, જેમાં સુરેશ આંદાણીએ યુવતી સાથે પરિચય કેળવી તારીખ ૨૭/ ૫/ ૨૨થી તારીખ ૧૩/ ૧૧/ ૨૦૨૩ સુધી લગ્ન કરવાની લાલચ આપી જુદા જુદા સ્થળે હોટલમાં તેમજ આરોપીના નવા મકાન ખાતે લઈ



જઈ વારંવાર શરીર સંબંધ બાંધીને લગ્ન કરવાની ના પાડી દઈ ઠુકરાવી દીધાની ફરિયાદ તારીખ ૧/ ૪/ ૨૦૨૪ના રોજ જસદણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ફરિયાદ અન્વયે પોલીસ દ્વારા ધોરણસરનીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ભોગ બનનાર પીડિતાનું સીઆરપીસી ૧૬૪ મુજબ નિવેદન લેવામાં આવ્યું હતું, ત્યારબાદ આરોપી શિક્ષક સુરેશ ધનજી આંદાણીએ રાજકોટ સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. આ અરજી અન્વયે અદાલતમાં સરકારી વકીલ બિનલ રવેશિયા હાજર થયા હતા. તેમણે આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો તેમજ આરોપી સુરેશ આંદાણી ને અન્ય સાથે પણ સંબંધો હોય એ પ્રકારના ફોટોગ્રાફ રજૂ કર્યા હતા, તેમજ આરોપીની ધરપકડની ખાસ જરૂરત હોવાના મતલબની દલીલો કરી હતી, જે ધ્યાને લઈને અધિક સેશન્સ જજ એસએસ વર્માએ આરોપી સુરેશ ધનજી આંદાણીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી. આ કામમાં સરકાર પક્ષે એપીપી બીનલબેન રવેશિયા રોકાયા હતા.

# લીંબડીઃ કારનું ટાયર ફાટતા અકસ્માતઃ પાંચ વ્યક્તિઓ ઘાયલ

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

ઉનાળો અને આંકડા તાપમાનમાં આવા વાહનો હાઈવે ઉપર પસાર થતા હોય છે અને હાઈવે ઉપર પણ ગરમીના કારણે રોડ રસ્તા ઉપર પણ ગરમી જોવા મળતી હોય છે ત્યારે વાહનોના ટાયર પણ ગરમ થઈ જતા હોય છે ત્યારે આવી જ રીતે કારનું ટાયર ફાટતા પાંચ વ્યક્તિઓને ઈજા થવા પામી હત સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી હાઈ-વે પર કટારિયા ગામના બોર્ડ નજીક પૂરઝડપે જતી કારનું ટાયર ફાટતા કાર ગલોટિયાં ખાઈ ગઈ હતી. કાર પલટી ખાઈ જતાં રાહદારીઓ અને વાહનચાલકો દોડી આવ્યા હતા. કારમાં ફસાયેલા બળોલ ગામના કિરીટભાઈ ચંદુભાઈ પરમાર, ભરતભાઈ પરમાર, મોરબીના સાહિલભાઈ મુકેશભાઈ, પુષ્પરાજભાઈ કિરીટભાઈ ટાપરિયા અને જયદીપભાઈ દિનેશભાઈ ટાપરિયાને બહાર કાઢી સારવાર અર્થે લીંબડીની સરકારી હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપી ઘાયલોને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર હોસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા.

# ચાર કર્મચારીઓને કાયમી કરી હોદ્દા સંલગ્ન પગાર ચુકવવા હુકમ

## જસદણ પાલીકાના રોજમદારે ઔદ્યોગીક ન્યાયપંચ સમક્ષ કાયમી કરવા દાદ માંગી તી

**અબતક,રાજકોટ**

જસદણ નગરપાલિકા લાંબા સમયથી ફરજ બજાવતા ચાર કર્મચારીઓના ડિમાન્ડ કેસમાં ઔદ્યોગિક ન્યાયપંચે ચારે કર્મચારીઓને કાયમી કરી હોદાને સંલગ્ન પગાર ધોરણના લાભ આપવાનો નગરપાલિકાને હુકમ કર્યો છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, જસદણ નગરપાલીકામાં વર્ષોથી રોજમદાર તરીકે કામ કરતા કર્મચારી અશ્વીનભાઈ શુકલ, ચાંપરાજભાઈ તથા માણસુરભાઈ તથા વિનુભાઈને કાયમી કરવામાં આવતા ન હતા અને કાયમી કર્મચારીને મળતાં લાભો આપવામાં આવતા ન હતા. જેથી આ કર્મચારીઓએ રાજકોટના સિનિયર એડવોકેટ જી. આર. ઠાકરને અન્યાય વિશે માહીતગાર કરી ઔદ્યોગીક ન્યાયપંચ, રાજકોટ સમક્ષ ડિમાન્ડ કેસ દાખલ કર્યો હતો, તેમાં આ કર્મચારીઓને ૨૪૦ દિવસ પુરા થયા હોય ત્યારથી કાયમી કર્મચારીને મળતા તમામ લાભો અપાવવાની માંગણી કરાઈ હતી.

આ કર્મચારીઓનો આ ડિમાન્ડ કેસ ઔદ્યોગીક ન્યાયપંચ સમક્ષ ચાલવા ઉપર આવતા કર્મચારીઓ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા જુબાનીઓને તથા એડવોકેટ જી. આર. ઠાકરની લંબાણપુર્વકની કાનુની દલીલોને ધ્યાને લઈ ઔદ્યોગીક ન્યાયપંચ દ્વારા આ ૪(ચાર) કર્મચારીઓને કાયમી કરવાનો તથા તેના હોદાને સંલગ્ન પગારધોરણમાં સમાવેશ કરી પગાર ચુકવવાનો મહત્વનો ચુકાદો આપ્યો છે. આ ચાર કર્મચારીઓ વતી રાજકોટના સિનિયર એડવોકેટ જી. આર. ઠાકર, ગાર્ગીબેન ઠાકર તથા મિલન દુધાત્રા તથા કૃપાલ ઠાકર રોકાયા હતા.

# દુષ્કર્મના ગુનામાં મેડિકલ પુરાવાના આધારે આરોપીને આજીવન કારાવાસ

## પીડિતા અને તેના ભાઈ હોસ્ટાઈલ થયાઃ ખોટા પુરાવા બદલ ફરિયાદને કારણદર્શક નોટિસ

**શ્રમિક પરિવારની ૧૨ વર્ષની કિશોરીને હવસનો શિકાર બનાવી**

**અબતક, રાજકોટ**

રાજકોટમાં પેટીયું રળવા આવેલા શ્રમિક પરિવારની ૧૨ વર્ષની સગીરાનું અપરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં ભોગ બનનાર સગીરા અને તેનો ભાઈ હોસ્ટાઈલ થયા હતા તેમ છતાં મેડિકલ પુરાવાના આધારે પોકસો કોર્ટે આરોપીને જીવે ત્યાં સુધી આજીવન કેદની સજા અને રૂ.૭૨ હજારનો દંડ તેમજ ખોટો પુરાવો આપવા બદલ ફરિયાદીને કારણ દર્શક નોટીસ ફટકારતો હુકમ કર્યો હતો.

આ કેસની હકીકત મુજબ મૂળ મધ્યપ્રદેશના વાતની અને પરિવાર સાથે રાજકોટ પેટીયું રળવા આવેલા પરિવાની બાર વર્ષની સગીરા અને તેની માતા મજૂરી કામ કરવા જતા હતા ત્યારે ત્યાં મજૂરી કામ કરવા આવતા ગોંડલના બિલિયાડા ગામના અલ્પેશ જયંતીભાઈ પાતર નામના શખ્સે સગીરાને પ્રેમ સંબંધ રાખવા માટે વાતચીત કરવા મોબાઈલ ફોન લઈ દીધો હતો અને ભોગ બનનાર સાથે સંબંધ કેળવી ભોગ બનનારને લગ્નની લાલચ આપી અલ્પેશ પાતરે ૧૨ વર્ષની સગીરાનું અપહરણ કરી ચોટીલા, જુનાગઢ અને ધોરાજી સહિતના અલગ અલગ સ્થળે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું આ અંગે ભોગ બનનાર તરુણીના ભાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં આરોપી અલ્પેશ પાતર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે આરોપી અલ્પેશ પાતરની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો જે કેસમાં આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળી આવતા તપાસ અધિકારી દ્વારા પોકસો કોર્ટમાં આઈપીસી કલમ ૩૬૩, ૩૬૦ તથા ૩૭૬ એબી અને પોકસો કલમ ૬ મુજબ ચાર્જશીટ દાખલ કર્યું હતું. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા મદદનીશ સરકારી વકીલ આબિદભાઈ સોસન હાજર રહ્યા હતા અને અંદાજિત ૨૩ થી વધુ દસ્તાવેજી પુરાવો રજૂ રાખ્યા હતા અને ૧૦ થી વધુ સાહેબોની જુબાની નોંધવામાં આવી હતી આ કેસમાં મહત્વની હકીકત એ છે કે



કેસને સમર્થન કરતા મહત્વના સાહેદ એવા ભોગ બનનાર અને ભોગ બનનારના ફરિયાદી ભાઈએ બનાવને સમર્થન આપ્યું ન હતું પરંતુ ફરિયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલા ભોગ બનનારના મેડિકલ તપાસણી દરમિયાન ભોગ બનનારને ૧૭ અઠવાડિયાનો ગર્ભ હોવાનું માલુમ પડ્યું હતું જે અંગેનો ભોગ બનનારના તપાસ કરનાર મેડિકલ ઓફિસર તથા આરોપીની મેડિકલ તપાસણી કરનાર મેડિકલ ઓફિસરે બનાવને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું તેમ જ તપાસનીશ અધિકારીએ બનાવની હકીકત કોર્ટના રેકોર્ડ ઉપર રજૂ કરી કરી હતી અને બનાવને સમર્થન આપ્યું હતું તેમજ ભોગ બનનારની જ્યારે મેડિકલ ચકાસણી સમયે ગર્ભના ડીએનએ માટેના જે સેમ્પલો ડોકટરે મેળવીને પરીક્ષણ અર્થે ગાંધીનગર મોકલવામાં આવેલા હતા તે સેમ્પલો પણ પ્રીસરવેટીવ રાખવામાં આવ્યા હતા આમ ફરિયાદ પક્ષે સરકારી સાહેદો અને દસ્તાવેજી પુરાવોઓ અને મદદનીશ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાનમાં રાખી ન્યાયાધીશ બી.બી. જાદવે ભોગ બનનાર અને તેના ભાઈએ બનાવને સમર્થન આપ્યું ન હોવા છતાં મેડિકલ એવિડન્સને ધ્યાનમાં રાખી આરોપી અલ્પેશ જયંતીભાઈ પાતરને આજીવન જીવે ત્યાં સુધી કેદની સજા અને રૂ.૭૨ હજાર દંડ તેમજ ખોટો પુરાવો આપવા બદલ ફરિયાદીને કારણ દર્શક નોટીસ ફટકારતો હુકમ કર્યો હતો.આ કેસમાં સરકાર તરફે સરકાર મદદનીશ સરકારી વકીલ આબિદભાઈ સોસન રોકાયા હતા.


અરિહંતશરણ
ઉઠમણું - પ્રાર્થનાસભા



સ્વ. શ્રી કંચનબેન શાંતિલાલ દામાણી
અરિહંતશરણ
૪-૫-૨૦૨૪, શનિવાર

અમારા પરિવારનાં ગં.સ્વ. કંચનબેન શાંતિલાલ દામાણી તે ભાવેશભાઈ (મસ્કત), મેહુલભાઈ (રીઝલ્ટ એડ.) બા.બ્ર.પ.પૂ. મનસ્વીજી મ.સ., અલકાબેન કમલેશભાઈ પરીખ (પ્રકાશ સ્ટોર), રૂપલબેન નરેશભાઈ ગોંટિયા (પ્લાસ્ટીક હાઉસ)નાં માતુશ્રી તેમજ દિપાલીબેન અને હીરલબેનનાં સાસુશ્રી તેમજ હસમુખભાઈ જમનાદાસ દામાણીનાં ભાભીશ્રી અને કમલેશભાઈ દામાણીનાં કાકી તે ગોંડલ સંપ્રદાયનાં બા.બ્ર.પૂ.હિરાબાઈ મ.સ. તથા બા.બ્ર. જ્યોતિબાઈ મ.સ.નાં સંસારી ભાભીશ્રી તા.૪-૫-૨૦૨૪ ને શનિવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

સદ્દગતનું ઉઠમણું: તા.૯-૫-૨૦૨૪, ગુરુવાર સવારે ૯.૩૦ કલાકે શ્રી સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, રાજકોટ. વેલેટ પાર્કિંગ રાખેલ છે

સદ્દગતની પ્રાર્થનાસભા: તા.૯-૫-૨૦૨૪, ગુરુવાર સવારે ૧૧.૦૦ થી પારસ કોમ્યુ. હોલ, પારસ સોસાયટી, નિર્મલા રોડ, રાજકોટ.

દામાણી પરિવારનાં જય જિનેન્દ્ર

તંત્રી લેખ

# સેલિબ્રિટીઓ ભ્રામક જાહેરાતોથી દુરી બનાવે તે જરૂરી

ભારતમાં ફિલ્મ સિતારાઓ, સ્પોર્ટ્સમેન સહિતના સેલિબ્રિટીઓનું અનુકરણ કરનારો વર્ગ ખૂબ મોટો છે. ત્યારે આવી સેલિબ્રિટીઓ જે પ્રોડક્ટની જાહેરાતો કરે છે. તે પ્રોડકટ પાછળ ખૂબ મોટો વર્ગ ઘેલછા ધરાવે છે. ત્યારે સુપ્રીમે આ બાબતને ધ્યાને લઈ કહ્યું છે કે સેલિબ્રિટીઓ પણ જો ભ્રામક જાહેરાત કરે છે તો તે પણ જવાબદાર ગણાય છે.

ભ્રામક જાહેરાતોને લઈને સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ટકોર કરતા કહ્યું હતું કે સેલિબ્રિટી અને મીડિયા ઈન્ફ્લુએંસર જે કોઈ ભ્રામક જાહેરાતો કરતા હોય તો તેઓ પણ એટલા જ જવાબદાર ગણાય. સાથે જ જાહેરાતો આપનારે અને એજન્સીઓ કે એન્ડોર્સર આવી જાહેરાતો માટે સરખા જવાબદાર ગણાશે. આઈએમએ અધ્યક્ષના વિવાદિત નિવેદન પર નોટિસ પણ પાઠવી છે અને ૧૪મી મે સુધીમાં જવાબ માગ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બ્રોડકાસ્ટર્સને કોઈપણ જાહેરાત આપતા પહેલાં સ્વ-ઘોષણાપત્ર દાખલ કરવું જોઈએ. જેમાં એવુ આશ્વાસન આપવામાં આવે કે તેના પ્લેટફોર્મ પર પ્રકાશિત કે પ્રસારિત થનારી જાહેરાતો કેબલ નેટવર્ક નિયમો, જાહેરાત કોડ વગેરેનું પાલન કરે છે.

એક ઉપાયના રૂપે અમે આ આદેશ આપવાનું યોગ્ય સમજીએ છીએ કે કોઈ પણ જાહેરાતને અનુમતી આપતા પહેલા એક સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવામાં આવે. ૧૯૯૪ના કેબલ ટીવી નેટવર્કના નિયમો, જાહેરાત સંહિતા વગેરેના આધાર પર જાહેરાતો માટે સ્વ-ઘોષણા પ્રાપ્ત કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં પતંજલિની ભ્રામક જાહેરાતો અને બાબા રામદેવના કેસની સુનાવણી ચાલી રહી છે.

સુનાવણી દરમિયાન અગાઉ સુપ્રીમ કોર્ટે આઈએમએના અધ્યક્ષ આરવી અશોકન દ્વારા અપાયેલા નિવેદનની નોંધી લીધી હતી. જેમાં તેમણે સુપ્રીમ કોર્ટના અવલોકન અંગે ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેટલાક ડોક્ટરો પણ બિનજરૂરી મોંઘી દવાઓ દર્દીઓને લખી આપે છે. પતંજલિ સામે આઈએમએ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે પતંજલિની સાથે સાથે આઈએમએને પણ ટકોર કરી હતી.


જોકે આઈએમએના અધ્યક્ષે આ ટકોર બાદ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની ડોક્ટરો અંગેની ટિપ્પણીથી ખાનગી ડોક્ટરોનું મનોબળ તુટ્યું છે. આ નિવેદન બાદ પતંજલિના બાલકૃષ્ણે આઈએમએના અધ્યક્ષ સામે કાર્યવાહીની માગણી કરી હતી. તેથી હાલ સુપ્રીમ કોર્ટે હવે આઈએમએના અધ્યક્ષ પાસેથી પણ જવાબ માગ્યો છે. સાથે જ જે ટિપ્પણી કરી હતી તેનો સ્વીકાર ના કરી શકાય તેવી પણ ટકોર કરી હતી.

# ડો. પ્રદીપ કણસાગરા લિખિત ''કિડનીઓ અને તેની પથરીઓ'' પુસ્તકનું વિમોચન

અબતક,રાજકોટ

કિડની એ શરીરનું બીજું હૃદય છે, પરંતુ મોટાભાગનાં લોકોને ખબર નથી કે કિડનીનું શરીરમાં શું મહત્વ છે અને જેણે પેટનાં દુખાવાની અસહ્ય પીડા સહન કરી હોય એને જ ખબર પડે કે પથરી શું છે ? કિડની અને પથરી વિષે ડોક્ટરે જાતે અનુભવેલી પીડામાંથી કોઈ પુસ્તક પ્રગટ થાય તો સામન્ય માણસને પણ સમજાય જાય કે કિડનીનું શરીરમાં શું મહત્વ છે અને કિડની શરીરમાં કઈ રીતે કામ કરે છે ?

ડો. પ્રદીપ કણસાગરા એક એવા તબીબ છે જે પોતે જ પથરીની પીડામાંથી પસાર થયા છે અને પોતાના પિતાજીને પણ કિડની ફેલ્યોર હોય ત્યારે સામન્ય લોકોના એ વખતે થતાં સવાલો પરથી કિડનીઓ અને તેની પથરીઓ નામનું સરળ ગુજરાતી ભાષામાં પુસ્તક લખ્યું છે એટલું જ નહીં




સર્વે સન્તુ નિરામયા.ની ઉત્તમ ભાવના સાથે આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે, પુસ્તકમાં આપેલી સચિત્ર માહિતી ખરેખર અમૂલ્ય છે.

પોતાના પ્રેરણા સ્રોત એવા કર્મયોગી પિતા જીણાભાઈ કણસાગરાની સ્મૃતિમાં સમાજની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સ્વ. જીણાભાઈ કણસાગરા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે, આ પુસ્તક ડો. પ્રદીપ કણસાગરાએ પોતાના જીવનસંગિની એવા શ્રીમતી કિરણબેનને અર્પણ કર્યું છે. લોકોનો એટલો બધો આવકાર મળ્યો છે કે વર્ષ ૨૦૨૪ માં આ પુસ્તકની પાંચમી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે, ડો. પ્રદીપ કણસાગરા એમ.એસ, કન્સલ્ટન્ટ યુરોલોજીસ્ટ છે અને હાલ યુએસએ છે. તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પણ યુરોલોજીસ્ટ તરીકે માનદ સેવા આપી છે. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કિડની રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના તેઓ સ્થાપક, મેનેજિંગ ટ્રસ્ટી અને પૂર્વ ચેરમેન છે. ડો. કણસાગરાના બહોળા અનુભવ અને સેવાકીય ભાવનાનો નિચોડ આ પુસ્તકમાં વાંચવા મળે છે,' વિશ્વ કિડની દિવસ -૨૦૨૪ ' નિમિત્તે જ આ પુસ્તક લોકાર્પણ કરવામાં આવ્યું છે, વિજ્ઞાનની પ્રગતિ અને આરામદાયક છતાં તનાવયુક્ત જીવનથી કિડનીની બિમારીઓ દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહી છે , આ બિમારીને શરૂઆતના તબક્કામાં અટકાવી પણ શકાય છે, જન - સમાજ કિડનીની બિમારીઓ વિષે જાગૃત થાય તે હેતુથી સરળ ભાષામાં આ પુસ્તક પ્રકાશિત કરાયું છે તેની અગાઉની ચાર આવૃત્તિને લોકોનો બહોળો પ્રતિસાદ મળતા આ પાંચમી આવૃત્તિ પ્રગટ થઈ છે. જેમાં કિડની અને પથરી વિષે પ્રાથમિક માહિતીથી માંડીને કિડનીના કાર્યો, કિડનીની બિમારીઓ, કિડનીની પથરીઓ, પથરી થવાના કારણો, તેના ચિન્હો, નિદાન, સારવાર, ઉપાયો એમ ૨૧ પ્રકરણમાં સચિત્ર માહિતી એવી રીતે આપવામાં આવી છે કે સામન્ય માણસ પણ સમજી શકે.

એક ડોક્ટર તરીકે તેમણે લોકોને એ પણ સૂચન કર્યું છે કે આ પુસ્તકની માહિતીનો ઉપયોગ કરતાં પહેલા આપના ડોક્ટરની સલાહ લેવી. ડો. પ્રદીપ કણસાગરાએ આ જ રીતે પ્રોસ્ટેટ ગ્રંથિની બિમારીઓ વિષે સરળ ભાષામાં પુસ્તક પ્રકાશિત કર્યું છે,આ પુસ્તકનો હેતુ પણ લોકોને કેન્સરની ગાંઠ અને પ્રોસ્ટેટની સાદી ગાંઠ વચ્ચે સમજ આપવાનો છે, આ પુસ્તક તેમણે મેડિકલ શિક્ષણમાં અને જીવનમાં તેમજ પ્રેક્ટિસ દરમિયાન માર્ગદર્શન આપી મદદ કરનાર યુરોલોજિસ્ટ ડોક્ટર મહાનુભવોને અર્પણ કરી પોતાના પ્રોફેસર ડો. પી. સી. પટેલ, ડો. અજીત ફડકે ,ડો. કનુભાઈ શાહ અને ડો. વલ્લભભાઈ પટેલ જર્મની વંદના કરી છે. પોતાની કારકિર્દીમાં સિંહ ફાળો આપનાર ડો. દસ્તૂરને પણ ખાસ યાદ કરી આ પુસ્તક અર્પણ કર્યું છે.


આ પુસ્તકમાં પ્રોસ્ટેટની બિમારીઓ, સાદી ગાંઠ, ચિન્હો, સારવાર, લક્ષણો, પ્રોસ્ટેટ કેન્સર, તેના પરિબળો, નિદાન, દવાઓ ,રેડિયોથેરાપી વગેરે વિષે એકદમ સરળ ભાષામાં સમજણ આપી છે. આ બંને પુસ્તકો સામાન્ય લોકોને બિમારીઓની ગંભીરતા સમજાવવાની સાથે દીવાદાંડી રૂપ બની ચેતવણી આપે છે.

પુસ્તક મેળવવાનું સ્થળ : જીણાભાઈ કણસાગરા ચેરિટેબલ ટ્રસ્ટ , કેપ્રેજ સેલ્સ કોર્પોરેશન, કણસાગરા હોસ્પિટલ , સંપર્ક : મગનભાઈ કણસાગરા ૦૨૮૧ - ૨૪૬૫૦૬૪.

# વોર્ડ નં.૧૪ના યુવા ભાજપના પ્રભારી જય ગજજરનો જન્મદિવસ

વોર્ડ નં.૧૪ના યુવા ભાજપના પ્રભારી જય ગજજરનો જન્મદિવસ છે. આજે તેઓ ૨૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે

ખુબજ નાની ઉંમરમા મોટી લોક ચાહના પ્રાપ્ત કરનાર તેમજ છેલ્લા ૭ વર્ષથી યુવા ભાજપની જવાબદારી નિષ્ઠા પૂર્વક નિભાવી છે તેમજ રાજકોટ શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૨ મંત્રી ત્યારબાદ શહેર યુવા મોરચામાં સોશીયલ મીડીયા ઈન્ચાર્જ તેમજ હાલ વોર્ડ નં.૧૪માં પ્રભારી છે. પરષોત્તમભાઈ રૂપાલા,ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરિયા, ભરતભાઈ બોઘરા, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ, ડો.પ્રદીપ ડવ, કમલેશભાઈ મીરાણી, ડો. મધાવભાઈ દવે ,વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, કિશનભાઈ ટીલવા અનેક વિધ રાજકીય આગેવાનોની પ્રેરણાથી આટલી નાની ઉંમરમાં ખુબજ મોટી સિદ્ધિ હાંસલ કરી છે.



આજે જન્મદિવસ પર બહોળા મિત્ર વર્ગ, રાજકીય, સામાજીક સમર્થકોની અભિનંદન વર્ષા થઈ રહી છે.

# પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનો આજે જન્મદિવસ

ગુજરાતના રાજકીય સામાજીક ક્ષેત્રે આદર્શ વ્યકિતત્વની આભા ધરાવતા પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનો આજે જન્મદિવસ હોય રાજકીય, સામાજીક ક્ષેત્રે પૂર્વ મંત્રી, ક્ષત્રીયી આગેવાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાને અભિનંદન અપાયા હતા.

ભુપેન્દ્રસિંહ ચુડાસમાની રાજકીય કારકીર્દીનો પ્રારંભ ૬૦ના દાયકાથી શરૂ થઈ હતી. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ અને ભારતીય જનસંઘ દ્વારા જાહેર જીવનમાં એક કાર્યકર તરીકે ૧૯૬૭ માં પ્રવેશ કર્યા બાદ સતત સક્રિય રીતે મોખરે રહી જનસંઘ- -ભાજપ માં સંગઠન માં વિવિધ સ્થાન ઉપર જવાબદારી ઓ નિભાવી ભાજપ ના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ (૧૯૮૦-૮૧થી ૧૯૮૩) ભાજપના પ્રદેશ મંત્રી(૧૯૮૩-૧૯૮૫) અમદાવાદ: જીલ્લા ભાજપના પ્રમુખ(૧૯૮૮-૯૦) ભાજપ ના પ્રદેશ મહામંત્રી(૨૦૦૧-૨૦૦૩) ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે તેમજ રાષ્ટ્રીય કારોબારી માં સદસ્ય તરીકે સ્થાન ઉપર જવાબદારીઓ નિભાવી ચુક્યા છે

ચુડાસમાગુજરાત વિધાનસભાની



ધોળકા મતવિસ્તારમાં થી ૧૯૯૦, ૧૯૯૫, ૨૦૦૨, ૨૦૧૨ અને ૨૦૧૭ એમ પાંચ વાર પ્રતિનિધિત્વ કરી ચૂકેલા છે. વીર ક્ષત્રીય આગેવાન તરીકે ભુપેન્દ્રસિંહ ચુડાસમા સામાજીક, કન્યા કેળવણી અને શિક્ષણના વિકાસ માટે સતત કાર્યરત રહે છે.

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૫૧૩મું ચક્ષુદાન

અબતક, રાજકોટ

મનહરલાલ નૌતમભાઈ કોટેચાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે.

જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૧૩મું ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન માટે જનકલ્યાણ ટ્રસ્ટ ના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની રવિવારે સામાન્ય સભા

અબતક, રાજકોટ

શ્રી રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની સામાન્ય સભા આગામી તા. ૧૨-૫-૨૪ ના રોજ બપોર પછી ચાર વાગ્યે શ્રી મોચી મંદિર, હરિચંદ્ર ટોકીઝ સામે, રાજકોટ ખાતે યોજાશે. જેમાં વર્ષ ૨૦૦૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ ના નાણાકીય હિસાબો રજુ કરવા અને આગામી બે વર્ષ (૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬) માટે પ્રમુખ અને હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. સામાન્ય સભામાં અચુક પધારવા પ્રમુખ હાર્દિકભાઈ ચૌહાણ અને મંત્રી કિશોરભાઈ પરમારની યાદીમાં જણાવેલ છે.

# મનોદિવ્યાંગ દિકરીઓનું મતદાન અભિયાન રંગ લાવ્યું

## દિકરીઓ દ્વારા મતદાન અંગે સામાન્ય જનતા સુધી સંદેશો પહોચાડયો

અબતક,રાજકોટ

ગુજરાતભરમાં લોકશાહી પર્વ એકરંગ સંસ્થાની મનોદિવ્યાગ દિકરીઓ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન પ્રજાપતિ સાથે મતદાન કરીને આપણા સમાજના સામાન્ય નાગરિકોને લોકશાહી પર્વ અવસર નિમિતે પોતાના મત આપવાના અધિકાર પ્રત્યે જાગૃતિ લાવવા માટે ઠેર ઠેર સ્ટોલ રાખીને નારા તથા બેનર દ્વારા સમાજાન ૧૮ વર્ષથી ઉપરના નાગરિકોને મત આપવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

લોકશાહી માટે ચૂંટણી જરૂરી છે અને ચૂંટણી માટે મતદાન ખુબ જ જરૂરી છે. એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓએ આજના પવિત્ર દિવસે સામાન્ય નાગરિકોને મતદાન મથક પે જઈ પવિત્ર ફરજ બજાવવા માટે જાગૃતિ અભિયાન ચલાવી સમાજમાં અસામાન્ય દિકરીઓ દ્વારા સામાન્ય નાગરિકોને જાગૃતિ લાવવા માટે સમાન્ય જનતા સુધી નોંધપાત્ર સંદેશ પહોંચાડયો છે.

એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓ સાધુવાસવાણી રોડ પર રાજપેલેસ ચોક પાસે, યુનિવર્સીટી રોડ પર એચ. પી. પેટ્રોલ પંપ પાસે, તેમજ રૈયા રોડ પર આલાપ ગ્રીન સીટી પાસે સ્ટોલ રાખી હાથમાં બેનર રાખી અને સુત્રોચ્ચાર કરી પશ્ચિમ રાજકોટના સામાન્ય નાગરિકોને મતદાન કરવા પ્રેરણા મળે તે માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવેલ હતુ.

# લોકતંત્રને ચાર ચાંદ લગાવી ઉમંગભેર મતદાન કરનાર મતદારોને ચેતનભાઈ રામાણીએ અભિનંદન આપ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણીએ કહ્યુ હતુ કે, વિશ્વની સૌથી મોટી અને શકતીશાળી લોકશાહી ભારતની ચુંટણી પ્રક્રીયા ચાલુ છે. જેમા ગઈકાલે તા.૭/૫/૨૪ના રોજ ત્રીજા તબક્કાના મતદાનમા ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસીત પ્રદેશો સામેલ હતા. જેમા લોકપ્રીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ઘર અને ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાતા ગુજરાતની પણ ૨૫ બેઠકો પર મતદાન યોજાયુ હતું. કેન્દ્રમાં સતત ત્રીજીવાર નરેન્દ્ર મોદીના



નેતૃત્વમાં ૪૦૦થી વધુ બેઠકો સાથે એનડીએની સરકાર રચવા રાજકોટ જિલ્લાના પ્રજાજનોએ જે મતદાન કર્યુ છે.

રાજકોટ બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના સમર્થનમાં ભારતીય જનતા પાર્ટીના તમામ જિલ્લાઓના તેમજ દરેક મંડલના આગેવાનો, હોદેદારો, ચુંટાયેલા પ્રતિનિધીઓ, સરપંચો, બુથ પ્રમુખો, દેવ દુર્લભ કાર્યકર્તાઓએ અપેક્ષા વગર તનતોડ મહેનત કરી છે સાથે સોસાયટીઓ, ફ્લેટવાસીઓ ઢોલ નગારાની સાથે નાચ ગાન કરી ''રાષ્ટ્રહીત'' માટે મતદાન કરવા ખુબ આનંદ, ઉત્સાહ અને ઉમંગભેર મતદાન મથક પહોંચ્યા હતા.

એકવાર કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર બને તેમજ સૌના સાથ અને સૌના વિકાસ માટે મતદારોએ ભાજપને જંગી જનાદેશ આપ્યો છે. જેથી સર્વેના સહિયારા પ્રયાસ અને મહેનત થકી આવનાર ૪ જુને ભવ્ય વિજય મેળવીશું.

# સરગમ લેડીઝ કલબના સમર ટ્રેનીંગ કલાસીસનો કાલથી આરંભ

## વિવિધ ૧૫ વિષયોના નિષ્ણાંત ટી ચર્સ દ્વારા બહેનોને અપાશે તાલીમ

અબતક, રાજકોટ

વેકેશનનાં સમયગાળાનો બહેનો સદુપયોગ કરી શકે તે હેતુથી સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફક્ત બહેનો માટેના સમય ટ્રેનીંગ કલાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર ટ્રેનીંગ ક્લાસ આગામી તા. ૦૯/૦૫/૨૪ થી તા. ૧૯/૦૫/૨૪ સુધી કોટક સ્કૂલમાં મોટી ટાંકી ચોક, પાસે દરરોજ સાંજના ૫ થી ૭ સુધી યોજાશે. સમર ટ્રેનીંગ ક્લાસનો ઉદઘાટન સમારોહ તા. ૦૯/૦૫/૨૪ ને ગુરુવાર ના રોજ સાંજે ૫ કલાકે યોજાશે.

સમર ટ્રેનીંગ ક્લાસનુ ઉદઘાટક મેયર નયનાબેન પેઢડીયા હસ્તે કરવામાં આવશે. પ્રમુખ સ્થાને ડો. દર્શિતાબેન શાહ ધારાસભ્ય મુખ્ય મહેમાન તરીકે જૈમિનભાઈ ઠાકકર, મનીષભાઈ માંડેકા, ચંદ્રકાન્તભાઈ શેઠ મહાવીર સેવા ટ્રસ્ટ - ચેરમેન, અશોકકુમાર ઝીંઝુવાડીયા રાધિકા જવેલર્સ, હર્ષદભાઈ માલાણી ચેરમેન - રાજ બેંક, યુસુફભાઈ માંકડા જોહર કાર્ડ્સ, નવીનભાઈ ઠક્કર રાજકોટ કેળવણી મંડળ - ટ્રસ્ટી, હરીશભાઈ લાખાણી અગ્રણી ઉદ્યોગપતિ, રાજદીપસિંહ જાડેજા - અગ્રણી ઉદ્યોગપતિ અતિથી વિશેષ તરીકે હંસીકાબેન મણિયાર, જ્યોતિબેન ટીલવા, જ્યોતિબેન રાજ્યગુરુ, જયશ્રીબેન સેજપાલ, ચંદ્રિકાબેન ધામેલીયા, કાંતાબેન કથીરિયા, હેલીબેન ત્રિવેદી, કાશ્મીરાબેન નથવાણી, લત્તાબેન તન્ના, આશાબેન શાહ, રેણુકાબેન યાજ્ઞીક, શીલાબેન ચાંદરાણી ખાસ ઉપસ્થિત રહેશે.

આ સમર ટ્રેનીંગ ક્લાસમાં વિવિધ વિષયોના નિષ્ણાંત ટીચર્સ દ્વારા ૧૫ વિષયોની તાલીમ આપવામાં આવશે. આ સમર ટ્રેનીંગ ક્લાસમાં દર વર્ષે ૫૦૦ થી વધુ બહેનો ભાગ લેતા હોય છે.

સરગમ લેડીઝ કલબના સમર ટ્રેનીંગ ક્લાસના આયોજનમાં રાજબેંક, બાન લેબ્સ કંપની, મહાવીર સેવા ટ્રસ્ટ, રાધિકા જવેલર્સ, જોહર કાર્ડસનો ખાસ સહયોગ મળ્યો છે.

આ સમર ટ્રેનીંગ ક્લાસના ફોર્મ સરગમ કલબની ઓફીસ જાગનાથ મંદિર ચોક, ડો. યાજ્ઞીક રોડ તેમજ સ્થળ ઉપર પણ મેળવી ભરી શકાશે. અને સમર ટ્રેનીંગ ક્લાસમાં ભાગ લઈ શકાશે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મૌલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરગમ લેડીઝ કલબના ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, જશુમતીબેન વસાણી, અલ્કાબેન કામદાર,સુધાબેન ભાયા, ગીતાબેન હિરાણી, અલ્કાબેન ધામેલીયા, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, નીતાબેન પરસાણા તેમજ લેડીઝ કલબના ૭૫ થી વધુ કમિટી મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છે.ગુણવંતભાઈ ડેલાવાળા પ્રમુખ સરગમ કલબ

# કરૂણા ફાઉન્ડેશન દ્વારા 'જાત બદલો ભવિષ્ય બદલો' સેમિનાર યોજાયો

## વ્યકિતગત વિકાસ માટે સ્વ-જાગૃતિ અને આત્મ-પ્રતિબિંબ મહત્વ પૂર્ણ: વૈશાલી પારેખ

અબતક, રાજકોટ

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન - રાજકોટના ઉપક્રમે સ્ટાફ મેમ્બર્સ અને રસ ધરાવનારા લોકો માટે ઓનલાઈન તથા ઓફલાઈન માટે 'જાત બદલો, ભવિષ્ય બદલો' ટ્રેનિંગ સેમિનાર, વિશ્વનીડમ ગુરુકુલમ ખાતે યોજાઈ ગયો. જેમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર વૈશાલી પારેખ દ્વારા 'બી.કે.બી.સી' વિષયક ટ્રેનિંગ અપાઈ હતી.

વૈશાલી પારેખ દ્વારા પોતાની જાતને સતત ચાલતી ફાસ્ટ ફોરવર્ડ દુનિયા સાથે કેવી રીતે અપગ્રેડ કરીને મેનેજ કરવી તે સમજાવવામાં આવ્યું હતું. તેમણે ઓનલાઈન કોર્સ કરવા, દિવસનો પુરેપુરો ઉપયોગ કરવો, સતત શીખતા રહેવું જેવી બાબતો પર દયાન દોર્યું હતું. તેમણે બી.કે.બી.સી - બીલીવ ઈન યોર સેલ્ફ, કીપ લર્નિંગ એટીટ્યુડ, ઈમોશનલી સ્ટ્રોંગ બનવું, સતત શીખવું તેના વિષે સમજાવ્યું હતું. તેમને ઘણા ઉદાહરણો આપીઅને કેટલીક ફિલ્મ દેખાડી જીવન જીવવા માટેની મહત્વની વાતો સમજાવી હતી. તેમણે સમજાવ્યું કે વ્યક્તિગત વિકાસ માટે સ્વ-જાગૃતિ અને આત્મ-પ્રતિબિંબ મહત્વપૂર્ણ છે, નવા જ્ઞાન અને કૌશલ્યોને અપનાવવાથી આપણી ક્ષમતાઓમાં વધારો થાય છે.

આ સેમિનાર બાદ મિત્તલ ખેતાણીએ આખા સેમિનાર અંગે પોતાનો પ્રતિભાવ અને અપેક્ષા રજુ કરી હતી તો ટ્રેનરનો પરિચય આપી આભાર વિધિ કૌશિકભાઈ મહેતાએ કરી હતી. સૌ સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. સેમિનારનાં અંતે વિશ્વનીડમ ગુરુકુલમના જીતુભાઈએ મિલેટસનું મહત્વસમજાવ્યું હતું.

# ભુદેવ સેવા સમિતિ દ્વારા શુક્રવારે ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી

## બ્રહ્મ યુવા અગ્રણી તેજસ ત્રિવેદીએ બ્રહ્મ પરિવારોને શોભાયાત્રામાં જોડાવા કર્યો અનુરોધ

અબતક,રાજકોટ

આગામી તા. ૧૦મી મે શુક્રવારના રોજ અખાત્રીજના શુભદિને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા હિ. ભગવાન પરશુરામનો જન્મોત્સવ આવી રહેલ છે જેની ઉજવણી રાજકોટ શહેર તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના ભૂદેવો દ્વારા અનેરા થનગનાટ અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવશે. ગામે ગામ અલગ-અલગ બ્રહ્મ સંસ્થાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, યજ્ઞો, પુજન-અર્ચન કરી ભગવાન પરશુરામના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. ભૂદેવ સેવા સમિતિના સ્થાપક બ્રહ્મ યુવા અગ્રણી તેજસ ત્રિવેદી જણાવે છે કે મહાવૈરાગી અકિંચન બ્રાહ્મણ એવા પરશુરામે ૨૧ વખત જીતેલી પૃથ્વીને પોતાના ગુરૂ ઋષિ કશ્યપને દાન કરી દીધું હતું અને પોતે તપ કરવા મહેન્દ્ર પર્વત પર ચાલ્યા ગયા હતા. ભગવાન પરશુરામ માતૃ-પિતૃ આજ્ઞા પાલનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમજ ભિષ્મ દ્રોણ તથા કર્ણ જેવા મહારથીઓના ગુરૂ ચિ. પરશુરામ હતા, શૌર્ય હતા તથા જ્ઞાનના પ્રતિકનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિષ્ણુ પુરાણમાં જણાવ્યા અનુસાર અખાત્રીજના ઉપવાસ કરવાથી મૃત્યુ ઉપરાંત બ્રહ્મલોકમાં સ્થાન મળે છે અને પરિભ્રમણ થતા રામ સમાન સુખ મળે છે.પરશુરામ ભગવાનનો જન્મોત્સવ અખાત્રીજના દિવસે હોય બ્રહ્મસમાજમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ હોય અલગ અલગ પરશુરામ ભગવાનના પંડાલોનું સ્થાપન કરવામાં આવતું હોય છેલ્લા દિવસે એટલે કે તા. ૧૦ ના અખાત્રીજના પરંપરાગત ગામોગામ નીકળતી શોભાયાત્રામાં બ્રહ્મ પરિવારો એક બની સમાજને મજબુત અને સંગઠિત બનાવી સૌ સાથે મળી ભગવાન પરશુરામના જન્મોત્સવની ઉજવણી કરશે તથા ઘરે ઘરે સવારે યજ્ઞ અને ફરસી (શસ્ત્ર) પુજન કરી ભગવાન પરશુરામની શોભાયાત્રામાં તમામ બ્રહ્મ પરિવારો સંગઠિત થઈને એક તાતણે બાંધી ઉજવણી કરવા તેજસ ત્રિવેદીનો અનુરોધ છે

# પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસ તરફી મતદાન થવાનો પ્રમુખ અતુલ રાજાણીને આત્મવિશ્વાસ

અબતક, રાજકોટ

ગુજરાતમાં ત્રીજા તબકકાનું લોકસભા ચુંટણીનું મતદાન થયું હતુ ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા ચુંટણીમાં રાજકોટ શહેરના પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એમ ત્રણ શહેરી વિસ્તારમાં કોંગ્રેસ તરફી મતદાન થયું છે.



કોંગ્રેસ કાર્યકર્તાઓએ ખુબ જ ધૈર્યપૂર્વક અને ખુબ મહેનત કરીને સિલેકટેડ મતદારને બુથ સુધી પહોચાડવામાં સફળ થયા છે. પરિણામે પાર્ટી આ લોકસભાની બેઠક જીતશે તેઓ આશાવાદ વ્યક્ત કર્યો હતો.કાર્યકર્તાઓની અથાગ મહેનત અને પહેલી જ વખત મોટી સંખ્યામાં બહેનોનું યોગદાન અને વિવિધ સમાજના આગેવાન અને કાર્યકર્તાઓએ કોંગ્રેસ પાર્ટીમાં વિશ્વાસ વ્યક્ત કરીને મતદાન કરાવ્યું છે. તેને યાદ કરીને ખુબ ભાવુકતા સાથે સૌને વંદન કરીને રાજકોટ શહેરની જનતાનો અને કોંગ્રેસ પક્ષના તમામ કાર્યકર્તાઓનો આગેવાનોનો વંદન સાથે અભિનંદન આપીને આભાર વ્યકત કર્યો હતો.

તેમણે રાજકોટ શહેરમાં અને સમગ્ર રાજકોટ લોકસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીની શિસ્ત અને એકદમ સચોટ વ્યુહ રચનાને અને ગજબનાક મહેનત અને આમ આદમી પાર્ટીના એક એક કાર્યકર્તાનું નિષ્ઠા થી કાર્ય કરવાનું જબરદસ્ત યોગદાનને બિરદાવતા જણાવ્યું હતુ કે, આમ આદમી પાર્ટીનું યોગદાન કોઈ શબ્દોમાં મુલત્વી ના શકાય

આપના એક એક કાર્યકર્તાને આગેવાનોએ ખુબ જોરદાર કાર્ય કર્યુ છે. રાજકોટ લોકસભામાં કોંગ્રેસ પક્ષ જીત મેળવે તેમાં આમ આદમી પાર્ટીનું બહુ મોટુ યોગદાન ગણાશે.

# કાલે ઈફકોની ચૂંટણીઃ ભાજપમાં મેન્ડેટ વિરૂધ્ધ મતદાન થવાની દહેશત

## પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા બિપીન ગોતાને મેન્ડેટ અપાયું છતાં સૌરાષ્ટ્રના સભ્યો જયેશભાઈ રાદડિયાને મત આપવાના મૂડમાંઃ મેન્ડેટનો અનાદર કરનાર સામે આકરી કાર્યવાહી કરાશે? કાર્યકરોમાં એક જ સવાલ

**અબતક, રાજકોટ**

દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના એક ડિરેક્ટર માટે આવતીકાલે મતદાન થવાનું છે. જેમાં ભાજપ વિરૂધ્ધ ભાજપ જેવો જંગ જોવા મળી રહ્યો છે. પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા બિપીન ગોતાને મેન્ડેટ આપવામાં આવ્યું છે. છતાં સૌરાષ્ટ્રના સભ્યો જયેશ રાદડિયાને મત આપવાના મૂડમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ભાજપ ક્યારેય અશિસ્ત ચલાવી લેતું નથી. ત્યારે હવે જોવાનું એ રહે છે કે ઈફકોની ચૂંટણીમાં જો વ્હીપ વિરૂધ્ધ મતદાન કરનાર સામે પક્ષ દ્વારા કેવી આકરી કાર્યવાહી કરવામાં આવે છે.

ઈફકોના એક ડિરેક્ટરની ચૂંટણી માટે આવતીકાલે દિલ્હી ખાતે ચૂંટણી યોજાવાની છે. જેમાં કુલ ૧૮૨ સભ્યો છે. જે પૈકી રાજકોટ જિલ્લાના ૬૮ સહિત સૌરાષ્ટ્રના કુલ ૯૮ મતદારો છે. છેલ્લી બે ટર્મથી ડિરેક્ટર તરીકે પૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ચૂંટાતા આવે છે. દરમિયાન આ વખતે પક્ષ દ્વારા અમદાવાદના બિપીન ગોતા ઉર્ફે પટેલને મેન્ડેટ આપ્યું છે. છતાં જયેશ રાદડિયા ફોર્મ ભર્યું હતું અને અંતિમ દિવસ સુધી ફોર્મ પરત ન ખેંચતા હવે ઈફકોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપ વિરૂધ્ધ ભાજપ જેવો જંગ જોવા મળી રહ્યો છે. પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાને એવો લેખિતમાં આદેશ આપવામાં આવ્યો છે કે જિલ્લાના દરેક ઈફકોના સભ્યોને બિપીનભાઈ ગોતાને મત આપવા માટે વ્હીપ આપવી છતાં સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત મુજબ કેટલાક સભ્યો પક્ષના મેન્ડેટનો અનાદર કરવાના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. મેન્ડેટ ભલે બિપીનભાઈ પાસે રહ્યું પણ હાલ પલડું જયેશભાઈનું ભારે લાગી રહ્યું છે.

ભાજપને હમેંશા શિસ્તબદ્ધ પાર્ટી માનવામાં આવે છે. જેમાં સામાન્ય રીતે પક્ષ દ્વારા જે આદેશ આપવામાં આવે છે તેના વિરૂધ્ધમાં જઈ કોઈ વ્યક્તિ ક્યારેય મતદાન કરતો નથી. પરંતુ ઈફકોના એક ડિરેક્ટરની ચૂંટણીમાં મેન્ડેટ વિરૂધ્ધ મતદાન થવાની પૂરેપૂરી ભીતી જણાઈ રહી છે.

# સાંઢીયો પુલ તોડવા માટે રેલવે પાસે મંજૂરી માંગતું કોર્પોરેશન

## ડાયવર્ઝન રોડનું મોટાભાગનું કામ પૂર્ણઃ રેલવેની મંજૂરી મળતા જ જૂનો પુલ તોડી નવો બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરી દેવાશે

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા વર્ષો જૂના સાંઢીયા પુલને તોડી કોર્પોરેશન દ્વારા અહિં કરોડો રૂપિયાના ખર્ચે નવો ફોરલેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નવા બ્રિજના કામનું ખાતમુહુર્ત પણ કરી દેવામાં આવ્યું હતું. હવે ડાયવર્ઝન રોડનું કામ હાલ પૂર્ણતાના આરે છે. ત્યારે કોર્પોરેશન દ્વારા હયાત સાંઢીયા પુલને તોડી પાડવા માટે રેલવે વિભાગ પાસે મંજૂરી માંગવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

સાંઢીયા પુલની આયુષ્ય અવધિ પૂર્ણ થઈ જતા છેલ્લા ઘણા સમયથી પુલ પરથી ભારે વાહનોને પસાર થવા દેવામાં આવતા નથી. અહિં કરોડોના ખર્ચે નવો ફોરલેન બ્રિજ બનાવવાનો નિર્ણય કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે. જેનું ખાતમુહુર્ત કરાયા બાદ વાહનની અવર-જવર માટે ડાયવર્ઝન રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જે હાલ પૂર્ણતાના આરે છે. દરમિયાન રાજકોટ રેલવે ડિવીઝન સમક્ષ કોર્પોરેશને હયાત સાંઢીયા પુલને તોડી પાડવા માટેની મંજૂરી માંગતો પત્ર લખ્યો છે. જેમાં ડિમોલીશનના ડ્રોઈંગ અને મેથડોલોજી સાથે વિસ્તૃત અરજી કરવામાં આવી છે. સાંઢીયા પુલને કંઈ રીતે તોડવામાં આવશે તેની માઈક્રો ડિટેઈલ્સ રજૂ કરવામાં આવી છે. ચાલુ માસના અંત સુધીમાં રેલવે દ્વારા ડિમોલીશનની મંજૂરી મળી જવાની સંભાવના છે. જે મળતાની બાદ તુરંત કામ શરૂ કરી દેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ શહેરનો પ્રથમ એવો બ્રિજ છે કે જેમાં હયાત બ્રિજને જમીનદોસ્ત કરી તેના સ્થાને નવો બ્રિજ બનાવવામાં આવનાર છે. હયાત સાંઢીયા પુલ ખૂબ જ સાંકડો છે અને વાહન ચાલકોને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે. હવે કરોડો રૂપિયાના ખર્ચે બનનારા નવા બ્રિજને ફોરલેન બનાવવામાં આવશે. બ્રિજનું કામ શરૂ થયા બાદ બે વર્ષે પુરૂં થશે ત્યાં સુધી શહેરીજનોએ થોડી હાલાકી વેઠવી પડશે.

# ૧૧૩ આસામીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરતું કોર્પોરેશન

## ગંદકી કરનારાઓ પાસેથી રૂ.30 હજારનો દંડ વસુલાયો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા ત્રણેય ઝોનમાંથી કુલ ૧૧૩ આસામીઓ પાસેથી ૬.૫૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૦૦૮૪/- નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનમાં પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૦.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૭૦૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યું હતું.

વેસ્ટ ઝોનમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ પાસેથી ૪.૯૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૬૫૫૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ઈસ્ટ ઝોનમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૮ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૮૩૪/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યું હતું.

# એનએસઈ ફરી શનિવારે સ્પેશિયલ લાઈવ ટ્રેડિંગ સેશન ચલાવશે

## ૧૮મીએ સવારે ૯:૧૫ થી ૪૫ મીનિટનું પ્રથમ સેશન હશે, બીજું સેશન સવારે ૧૧.૪૫ વાગ્યાથી શરૂ થઈ બપોરે ૧૨.૪૦ વાગ્યે પૂરૂ થશે

**અબતક, નવી દિલ્હી**

નેશનલ સ્ટોક એક્સચેન્જે વધુ એક શનિવારે સ્પેશ્યલ લાઈવ ટ્રેડિંગ સેશન યોજવાનું આયોજન કર્યું છે. એનએસઈ ૧૮ મેના રોજ સ્પેશ્યલ લાઈવ ટ્રેડિંગ સેશન યોજશે.

એનએસઈએ જાહેર કર્યું છે કે, મેમ્બરોએ શનિવારે ૧૮, મે ૨૦૨૪ના પ્રાઈમરી સાઈટથી ડિસ્ઝાસ્ટર રિકવરી સાઈટ પર ઈન્ટ્રા-ડે સ્વિચઓવર કરવા સાથે સ્પેશ્યલ લાઈવ ટ્રેડિંગ યોજવાનું નક્કી કર્યું છે. ટ્રેડિંગ સેશન દરમિયાન પ્રાઈમરી સાઈટથી ડિસ્ઝાસ્ટર રિકવરી સાઈટ પર ઈન્ટ્રા-ડે ટ્રાન્ઝિશન હાથ ધરવામાં આવશે.

આ સ્પેશ્યલ ટ્રેડિંગ સેશન બે સેગ્મેન્ટ્સમાં યોજવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૪૫ મીનિટનું સેશન સવારે ૯.૧૫ વાગ્યાથી શરૂ થશે અને બીજું સેશન સવારે ૧૧.૪૫ વાગ્યાથી શરૂ થઈ બપોરે ૧૨.૪૦ વાગ્યે પૂરું થશે.




આ સ્પેશ્યલ ટ્રેડિંગ સેશનમાં તમામ ડેરિવેટીવ્ઝ પ્રોડક્ટસ માટે મહત્તમ ભાવ મર્યાદા અર્થાત અપર સર્કિટ પાંચ ટકાની રહેશે. જ્યારે જે સિક્યુરિટીઝમાં અત્યારે બે ટકા અથવા તેથી ઓછી ભાવ મર્યાદા (લોઅર સર્કિટ) લાગુ છે, એ મર્યાદા લાગુ રહેશે.અગાઉ બીએસઈ અને એનએસઈ દ્વારા ડિઝાસ્ટર રિકવરી સેશનના ભાગરૂપે ૨ માર્ચ શનિવારે સ્પેશ્યલ ટ્રેડિંગ સેશનનું આયોજન થયું હતું. સામાન્ય રીતે સ્ટોક માર્કેટ શનિવાર અને રવિવારે બંધ હોય છે. અગાઉ ૨૨ જાન્યુઆરીએ પણ રામમંદિર પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે શેરબજાર બંધ રહેતાં તેની અગાઉના શનિવારે માર્કેટ ખૂલ્લુ રહ્યું હતું.સેબીની ગાઈડલાઈન્સ અનુસાર, સ્પેશ્યલ લાઈવ ટ્રેડિંગ સેશન યોજાય છે. મુંબઈમાં લોકસભા ચૂંટણી ૨૦ મેના રોજ યોજાવાની હોવાથી તે દિવસે શેરબજારો બંધ રહેશે. જેની ભરપાઈના ભાગરૂપે આ સ્પેશિયલ લાઈવ ટ્રેડિંગ સેશન થશે.

# અમદાવાદમાં સમસ્ત મહાજનનો વાર્ષિક ઉત્સવ યોજાયો




કાર્યક્રમમાં મહાનુભાવો દાતાઓ જીવદયા પ્રેમીઓ રહ્યા ઉપસ્થિત

**અબતક,રાજકોટ**

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમને જીવદયાનાં કર્યો કરવાની સલાહ મળી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. ''સેવા અને રક્ષણ કરો''. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. વર્તમાન સમયમાં ડો. ગિરીશભાઈ શાહ જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ડો. ગિરીશભાઈ શાહના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય - ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. ગ્રામીણ વિકાસના ભાગ રુપે ૭૫ નવા તળાવો તૈયાર કરવામાં આવ્યા છે અને ૧ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, સમસ્ત મહાજન દ્વારા દેશમાં અનેક પાંજરા પોળોને મદદ કરવામાં આવી છે.

સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ડો. ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.સમસ્ત મહાજન દ્વારા મુંબઈ બાદ હવે અમદાવાદ ખાતે વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવો, દાન દાતાઓ અને જીવદયા પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સમસ્ત મહાજનનાં ગતવર્ષનાં કાર્યોનું વિશ્લેષણ અને નવા વર્ષમાં કરવામાં આવનાર સેવાકીય કાર્યોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, લલિતભાઈ ધામી, રત્નમણિ મેટલ્સનાં પ્રકાશભાઈ સંઘવી , શ્રીપાલભાઈ, આણંદજી કલ્યાણજી પેઢીનાં ટ્રસ્ટી, પ્રકાશભાઈ સંઘવી, સંજયભાઈ કોઠારી, ગોપાલભાઈ સુતરીયા, હિમાંશુભાઈ શાહ, બાલુભાઈ શાસ્ત્રી, એડવોકેટ અભયભાઈ શાહ, પ્રવીણભાઈ આત્મારામ, કેતનભાઈ શાહ, મુકેશભાઈ સહિતનાઓએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, અશોકભાઈ શાહ, પરેશભાઈ શાહ, નુતનબેન દેસાઈ, ગિરીશભાઈ સત્રા, મિત્તલ ખેતાણી સહિતનાઓની ટીમે જહેમત ઉઠાવી હતી.

# વેરા વળતર યોજના અંતર્ગત ૧૦૩ કરોડની આવકઃ કરદાતાઓ પણ વધ્યા

## ગત વર્ષની સરખામણીએ ૮૮૩૯ કરદાતાએ લીધો વેળા વળતર યોજનાનો લાભઃ આવકમાં રૂ.૧૩.૪૭ કરોડનું ડિસ્કાઉન્ટ અપાયું

**અબતક રાજકોટ**

પ્રામાણિક કર દાતાઓને પ્રોત્સાહિત કરતી વેરા વળતર યોજના હાલ કોર્પોરેશન ચાલી રહી છે.આજ સુધીમાં ૧૬૪૪૪૯ કરદાતાઓએ આ યોજનાનો લાભ લેતા કોર્પોરેશન તિજોરીમાં ૧૦૩ કરોડથી વધુની રકમ ઠાલવી દીધી છે.ગત વર્ષની સરખામણી કરદાતા અને આવક બંનેમાં વધારો નોંધાયો છે.

ટેક્સ બ્રાન્ચના સૂત્ર પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ગત વર્ષે આજ દિન સુધીમાં ૧૫૫૬૧૦ કરદાતાઓએ વેરા વળતર યોજનાનો લાભ લીધો હતો અને કોર્પોરેશન તિજોરીમાં ૮૯.૯૦ કરોડ રૂપિયા ઠાલવ્યાં હતા. કોર્પોરેશન દ્વારા રૂ.૯.૩૬ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.આ વખતે કરદાતાઓની સંખ્યામાં વધારો થયો છે. ગત વર્ષની સરખામણી ૮૮૩૯ કરદાતાઓ વધ્યા છે. આજ સુધીમાં ૧૬૪૪૪૯ કરદાતાઓએ કોર્પોરેશનની તિજોરીમાં ₹૧૦૩.૩૭ કરોડ જમા કરાવી દીધા છે.તેઓને રૂ.૧૧.૨૧ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે. વેરા વળતર યોજના અંતર્ગત આગામી ૩૧ માર્ચ સુધીમાં એડવાન્સ વેરો ભર પણ કરનાર કરદાતાઓને ૧૦ થી લઈ ૨૨% સુધીનું પડતર આપવામાં આવશે.

# ડીવાઈન ટ્રસ્ટ દ્વારા કાલે દંતયજ્ઞ, બત્રીસી કેમ્પ

**અબતક, રાજકોટ**

શ્રી જલારામ મંદિર ગ્રીનફર્ડ, લંડન, યુ.કે. અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે નિઃશુલ્ક દંત યજ્ઞ અને દાંતની બત્રીસીનાં કેમ્પનું આયોજન સવારે ૧૦ થી ૧ દરમિયાન કરેલ છે. આ કેમ્પ જલારામ મંદિર, મુખ્ય બજાર ચરખડી તાઃ ગોંડલ ખાતે રાખેલ છે. આ કેમ્પ શ્રી લલીતાબેન અને તુલસીદાસ કોટેચાની પુણ્ય સ્મૃતિમાં કોટેચા પરિવારના સહયોગથી યોજાનાર છે. આ કેમ્પમાં રાજકોટના દાંતના રોગોના નિષ્ણાંત ડો.જયસુખભાઈ મકવાણા અને સહયોગી મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, રાજુભાઈ વરિયા સેવા આપશે. ડેન્ટલ કેમ્પમાં દાંતના રોગોનું નિદાન કરી જેમાં હાલતા દુઃખતા દાંત જાલંધર બંધ યોગ વડે કાઢી અપાશે તેમજ જરૂરિયાત મંદ દર્દીને દાંતની બત્રીસી (મર્યાદિત સંખ્યા ૧૦ વ્યકિતને) દાતા કોટેચા પરિવારના સહયોગથી બનાવી આપવામાં આવશે.

# મિલકતના જીયો ટેગીંગમાં પણ વેઠ ઉતારતી એજન્સી

## બીએસએનએલએ ટેગીંગ કરેલી મિલકતો પૈકી ૬૦ હજાર જેટલી મિલકતોને રીજેક્ટ કરી ફેર ટેગીંગની કોર્પોરેશનની સૂચના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ટેક્સ બ્રાન્ચ દ્વારા શહેરની આશરે ૪.૫૦ લાખ મિલકતોનું જીયો ટેગીંગ કરવાની કામગીરીનો કોન્ટ્રાક્ટ સરકારની બીએસએનએલ કંપનીને સોંપવામાં આવ્યો છે. આ મુખ્ય કંપની દ્વારા અનેક પેટા કંપનીઓને અલગ-અલગ કામગીરી સુપરત કરવામાં આવી છે. કાર્પેટ એરિયા આધારિત કામગીરીમાં જેમ એજન્સી દ્વારા વેઠ ઉતારવામાં આવી હતી. તેમ જીયો ટેગીંગની કામગીરીમાં પણ અનેક ભૂલો સામે આવી છે. એજન્સીએ ૪,૪૦,૯૪૨ મિલકતોનું ટેગીંગ કરી કોર્પોરેશનને સુપરત કરી દીધું છે. જે પૈકી કોર્પોરેશન દ્વારા ૧,૯૭,૨૨ મિલકતોને એપ્રૂવ કરવામાં આવી છે. જ્યારે ૫૯,૫૧૭ મિલકતોને જીયો ટેગીંગ રિજેક્ટ કરવામાં આવ્યા છે.

જીયો ટેગીંગની કામગીરી દરમિયાન માત્ર ૩ વોર્ડમાં જ ૧૦૦ ટકા જેટલી કામગીરી થઈ છે. બાકીના તમામ ૧૫ વોર્ડમાં હજુ ઘણી કામગીરી બાકી છે. કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરાની અમલવારી પૂર્વે એજન્સીને આકરણી માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. તેને કામગીરીમાં ખૂબ જ ભૂલો કરી હતી. આજે આ નવી પધ્ધતિની અમલવારીના ૭ વર્ષ બાદ પણ હજુ ભૂલો સામે આવી રહી છે. જીયો ટેગીંગની કામગીરીમાં પણ કંઈક જ આવું જ થયું છે. બીએસએનએલ એજન્સી દ્વારા કુલ ૪,૪૦,૯૪૨ મિલકતોનું જીયો ટેગીંગ કરી કોર્પોરેશન સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યું છે. જે પૈકી કોર્પોરેશન દ્વારા ૧,૯૭,૬૨૨ મિલકતોને જીયો ટેગીંગના કામને બહાલી આપી દેવામાં આવી છે. જ્યારે ૫૯,૫૧૭ મિલકતોની જીયો ટેગીંગની કામગીરીને રિજેક્ટમાં આવી છે. હજુ ૧,૮૩,૮૦૩ મિલકતોની કામગીરી બાકી છે. વોર્ડ નં.૧, વોર્ડ નં.૨ અને વોર્ડ નં.૧૫માં મિલકતના જીયો ટેગીંગની કામગીરી પૂરી થઈ ગઈ છે. જ્યારે વોર્ડ નં.૪, વોર્ડ નં.૫, વોર્ડ નં.૬, વોર્ડ નં.૧૬ અને વોર્ડ નં.૧૮માં હજુ મોટાભાગની કામગીરી બાકી છે. વર્ષ-૨૦૨૪થી જીયો ટેગીંગની કામગીરી ચાલી રહી છે. જે ક્યારેય પૂરી થશે તે હજુ કહેવું મુશ્કેલ બન્યું છે.

## (પહેલા પાનાનું ચાલુ)

## ચૂંટણી પુરી...

કેન્દ્ર શાસિત પ્રદેશોની કુલ ૯૩ બેઠકો પર ત્રીજા તબક્કાનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું હતું. ત્રીજા તબક્કામાં ૬૧ ટકા જેટલું મતદાન થયું છે. જેમાં ગુજરાતની ૨૫ બેઠકો પર સરેરાશ ૫૯.૪૯ ટકા જેટલું મતદાન થયું છે. ગુજરાતની ૨૫, મહારાષ્ટ્રની ૧૧, ઉત્તર પ્રદેશની ૧૦, કર્ણાટકની ૨૮માંથી બાકી રહેલી ૧૪, છત્તીસગઢની ૭, બિહારની ૫, બંગાળ તેમજ આસામની ૪-૪ અને ગોવાની ૨ બેઠકો પર મતદાન થયું હતું. આ ઉપરાંત દમણ-દીવ અને દાદરા નગર હવેલીની બન્ને બેઠકો પર તેમજ મધ્ય પ્રદેશની ૯ બેઠકો પર પણ ત્રીજા તબક્કાનું મતદાન યોજાયું હતું. આ ઉપરાંત ગુજરાતની પાંચ વિધાનસભાની બેઠકો પર પણ મતદાન થયું હતું. ગુજરાતની સુરત બેઠક બિનહરીફ જાહેર થતા આ બેઠક પર મતદાન થયું ન હતું.

ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯ની સરખામણીએ આ વખતે ગુજરાતમાં ઓછું મતદાન થયું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં ગુજરાતમાં ૫૯.૪૯ ટકા જેટલું મતદાન થયું છે. જેમાં સૌથી વધુ મતદાન વલસાડમાં ૭૨.૨૪ ટકા અને સૌથી ઓછું અમરેલીમાં ૪૯.૨૨ ટકા નોંધાયું હતું. મહત્વનું છે કે વર્ષ ૨૦૧૪માં ૬૩.૬૬ ટકા અને ૨૦૧૯માં ૬૪.૧૨ ટકા મતદાન થયું હતું. આમ ૧૦ વર્ષમાં સૌથી ઓછું મતદાન આ વખતે ગુજરાતમાં નોંધાયું છે.

## રસી...

ઝડપથી ઘટવા લાગે છે. શરીરમાં લોહી ગંઠાઈ જવાને કારણે બ્રેઈન સ્ટ્રોકનું જોખમ પણ વધી જાય છે.

ભારતમાં, આ એસ્ટ્રાઝેનેકા રસી અદાર પૂનાવાલાની કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી હતી. કંપનીએ આ રસી કોવિશિલ્ડના નામથી બજારમાં ઉતારી હતી. આ રસી ભારતમાં કરોડો લોકોને આપવામાં આવી હતી.

## ફતવો પરત...

રોજ, આયુષ મંત્રાલયે તમામ રાજ્ય/કેન્દ્રશાસિત લાયસન્સિંગ ઓથોરિટીઝ અને આયુષના ડ્રગ કંટ્રોલર્સને એક પત્ર મોકલીને આયુર્વેદિક, સિદ્ધ અને યુનાની ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડની ભલામણને ધ્યાનમાં રાખીને નિયમ ૧૭૦ હેઠળ પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. નિયમ હટાવવાની અંતિમ સૂચના તે સમયે પ્રસિદ્ધ થવાની બાકી હતી.

ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ /દવા કંપનીઓ દ્વારા જાહેરાતો દ્વારા કરવામાં આવતા ભ્રામક સ્વાસ્થ્ય દાવાઓના મોટા મુદ્દા તેમજ ૧૯૪૫ના નિયમોમાંથી નિયમ ૧૭૦ દૂર કરવાના યુનિયનના નિર્ણયને ધ્યાનમાં લેવા માટે આ બાબતને સૂચિબદ્ધ કરવામાં આવી હતી. અગાઉ, કોર્ટે કેન્દ્રને કહ્યું હતું કે જ્યારે તેણે નિયમ ૧૭૦ દૂર કરવાનો નિર્ણય લીધો ત્યારે ''શું મહત્વ આપવામાં આવ્યું હતું'' તેના પર જવાબ આપવાનો હતો. જવાબમાં, એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજે રજૂઆત કરી હતી કે તેઓ સૂચનાઓ લેશે અને સ્પષ્ટતા કરશે.

સુનાવણી દરમિયાન, એએસજી, આયુષ મંત્રાલયના સંયુક્ત સચિવ દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટને ટાંકીને જણાવ્યું હતું કે નિયમને પડકારતી ઓછામાં ઓછી ૮-૯ રિટ અરજીઓ વિવિધ હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. જો કે, ડિવિઝન બેન્ચે કહ્યું કે આમાંથી કોઈપણ કેસમાં કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી. આ તબક્કે એએસજી એ સમજાવવાનો પ્રયાસ કર્યો કે દિલ્હી હાઈકોર્ટે નિયમ ૧૭૦ સંબંધિત મુદ્દા પર પુનર્વિચાર કરવાનું કહ્યું છે. તેની સામે વાંધો ઉઠાવતા ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે, હાઈકોર્ટે નિયમો અંગે નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હોય તો પણ આ કેવી રીતે થઈ શકે? જ્યારે અંતિમ નિર્ણય (ડિફોલ્ટ અંગે) લેવામાં આવ્યો ન હોય ત્યારે સરકાર કાયદાના અમલીકરણ પર પ્રતિબંધ મૂકતો પત્ર બહાર પાડે છે.

## (ચોથા પાનાનું ચાલુ)

## અમેરીકામાં સ્વામિનારાયણ

કરાવ્યો હતો.

મહોત્સવના તૃતીય દિને સોમવાર હતો. ભગવાન શિવજીને સોમવાર પ્રિય છે. અહીં માનસરોવરના મધ્યભાગમાં સર્વેશ્વર ધામનું નિર્માણ કરવામાં આવેલ છે. અહીં ભગવાન શિવજી દ્વાદશ જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજમાન છે. આજ રોજ દ્વાદશ જ્યોતિર્લિંગનો પ્રથમ પાટોત્સવ હોવાથી સ્વામી શ્રી માધવપ્રિયદાસજીએ માનસરોવરના પવિત્ર જળ, વિવિધ ઔષધિ દ્રવ્યો, પંચામૃત, કેસરજળ વગેરેથી વૈદિક મંત્રોના ગાન સાથે દ્વાદશ જ્યોતિર્લિંગનું મહાભિષેક દ્વારા ભવ્ય પૂજન કર્યું હતું. ભગવાનના મહાભિષેક બાદ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરાવીને અન્નકૂટ ધરાવવામાં આવ્યા હતા.

ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે સનાતન મંદિરમાં બિરાજમાન ભગવાનનો મહાભિષેક કરવામાં આવ્યો હતા. આ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ ધરાવવા માટે ભક્તજનો ઘરે ઘરેથી વિવિધ પ્રકારની વાનગી બનાવીને લાવ્યા હતા.

ત્રિદિનાત્મક પંચાબ્દિ મહોત્સવમાં દરરોજ સંધ્યા આરતી બાદ સ્વામી શ્રી માધવપ્રિયદાસજીએ રઘુવંશના મહાન રાજાઓ તથા ભગવાન શ્રીરામચંદ્રજીની કથાનું શ્રવણ કરાવ્યું હતું. પૂજ્ય સ્વામીશ્રીએ સવાના નિવાસી ભક્તજનોને સંબોધતા જણાવ્યું હતું કે, 'આપ સર્વે સનાતની ભાઈ-બહેનો સાથે મળીને અહીં અમેરિકામાં ઉત્સવ-સમૈયા કરતા રહો છો. સૌ સાથે મળીને વૈદિક સંસ્કૃતિની રક્ષા કરવાનો પ્રયાસ કરો છો તે જાણીને અમારું હૃદય પ્રસન્નતા અનુભવે છે.'

## જૈન અગ્રણી

સમાધિ મળે તે માટે વાગુદડ ગામ પાસે બળદનો આશ્રમ ઉભો કરી ૧૬૦૦ થી વધુ બળદોની સેવા માટે વિજયભાઈ ડોબરીયાના નેતૃત્વમાં બળદનો આશ્રમ બની રહેલ છે. આવા આશ્રમમાં જીવદયાના હેતુથી રૂ. એક લાખનું દાન નો ચેક અર્પણ કરવામાં આવેલ.

કાન્તીભાઈ પટેલ તથા વિમલભાઈ ધામીના હસ્તે એક અર્પણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં દાનને ઉત્તેજન મળે તે માટે સંસ્થાના અગ્રણીઓ વિજયભાઈ ડોબરીયા, વિજયસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, નિતાબા જાડેજા ઉપરાંત વલ્લભભાઈ કથીરીયા, ગોવિંદભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેલ ઉપરાંત ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા ગ્રેટર ચેમ્બરના ઉપપ્રમુખ કાન્તીભાઈ પટેલ તથા વરિષ્ઠ પત્રકાર વિમલભાઈ ધામી, મહાજન પાંજરાપોળના યોગેશભાઈ શાહ પણ ઉપસ્થિત રહેલ.

સર્વે મહાનુભાવોનું સ્વાગત કરી ત્રણેય સંસ્થાને દાનના ચેક અર્પણ કરવામા આવેલ.

આ પ્રસંગે મહેશભાઈ મહેતા, વિનુભાઈ કોરડીયા, મહેન્દ્રભાઈ શાહ, ગૌરવભાઈ ધ્રુવ તથા દિનેશભાઈ બોરડીયા અને મિતેષભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા.

## ભારત વિકાસ પરિષદ

વર્કશોપમાં અપેક્ષિત છે.

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંત જેના અધ્યક્ષ દિપેનભાઈ પંડયા, મહા સચિવ છે સંજયભાઈ કોટક, અને કોષાધ્યક્ષ ડો. જયેશભાઈ પનારા છે તે આ વર્કશોપના યજમાન પદે રહેલ છે જેને રાજકોટ શહેરમાં આવેલી ૮ બ્રાચો પૈકી આનંદનગર, નટરાજનગર, રણછોડનગર, મવડી અને શ્રદ્ધા પાર્કના કાર્યકર્તાઓ દ્વારા આ વર્કશોપની વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ભારત વિકાસ પરિષદ વેસ્ટ રીજીયનનાં જનરલ સેક્રેટરી વિનોદભાઈ લાઠીયા અને વેસ્ટ રીજીયનના જોઈન્ટ જનરલ સેક્રેટરી પ્રફુલભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આ અભ્યાસવર્ગના સંયોજક પ્રફુલભાઈ ગોસ્વામી અને સહસંયોજક દિવ્યેશભાઈ સતાસિયા તેમજ નોર્થ ગુજરાત અને સૌ. કચ્છ એમ બે પ્રાંતના રીજીયોનલ સેક્રેટરી સર્વ નરેન્દ્રભાઈ ભાડલીયા, જેઠસુરભાઈ ગુજરીયા અને રવીન્દ્રભાઈ ત્રિવેદી તેમજ મહિલા સહભાગિતા આશાબહેન ઠક્કર દ્વારા આ તમામ વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

આ અભ્યાસ વર્ગમાં પશ્ચિમ ક્ષેત્ર રીજીયોનલ પ્રમુખ લક્ષ્મીનિવાસ જાજુ, જનરલ સેક્રેટરી વિનોદભાઈ લાઠીયાના માર્ગદર્શન હેઠળ જુદા જુદા ૧૨ થી ૧૫ સત્રોમાં વક્તાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં ભારત વિકાસ પરિષદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુનિલજી ખેરા, રાષ્ટ્રીય કોષાધ્યક્ષ મિગલાણીજી, ક્ષેત્રીય કોષાધ્યક્ષ શરદજી ઠાકર, ક્ષેત્રીય અધ્યક્ષ લક્ષ્મીનિવાસ જાજુજી, જોઈન્ટ જનરલ સેક્રેટરી ભરતસિંહ ચૌહાણ ( રવિપ્રકાશજી, - ગિરિશજી દોશી. નિર્મલા કૌશિક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં ભારત વિકાસ પરિષદના નીતિ, નિયમો, બંધારણ,ધ્યેયો, રાષ્ટ્રીય કાર્યક્રમો વિગેરે વિશે માહિતી આપવામાં આવશે.

અબતકની શુભેચ્છા મુલાકાતે વિનોદભાઈ લાઠીયા, પ્રફુલભાઈ ગોસ્વામી, નરેન્દ્રભાઈ ભાડલીયા, જેઠસુરભાઈ ગુજરીયા, કરશનભાઈમેતા, દિવ્યેશભાઈ સતાસીયા, પ્રવિણપુરી ગોસ્વામી, બકુલભાઈ દુધાગરા, મનોજભાઈ પુરોહિત, અશ્વીનભાઈ કાથરોટીયા, દિપકભાઈ ગોસાઈ, સુખદેવભાઈ અગ્રાવત, શોભનાબેન ભાડલીયા ઉપસ્થિત રહ્યા હતા.

## વી.એમ. મહેતા

ખાસ સર્વે બાળકોને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહેનાર છે.

આ અભિયાનમાં વધુ અને વધુ બિલ્ડર્સ જોડાય તેવી અપીલ જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ તેમજ વી.એમ. મહેતા ફાઉન્ડેશનના શ્રી ડી. વી. મહેતા દ્વારા કરવામાં આવેલ છે. આ ઉમ્મીદ શિક્ષા રથ પ્રોજેક્ટને સફળ બનાવવા સમગ્ર વી.એમ.મહેતા પરિવાર, શ્રી જય મહેતા, શ્રી દર્શન પરીખ, શ્રી ડિમ્પલ મહેતા, શ્રી કાજલ શુક્લ, શ્રી ભુમિ ગઢવી, શ્રી દષ્ટિ ઓઝા, શ્રી મનિંદર કેશપ, શ્રી ચાર્મી જસાણી અને શ્રીકાંત તન્ના દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## આંતરરાષ્ટ્રીય સ્તરે

દેસાઈ(નવસારી) અને માનદ્ મંત્રી ભરત ગાજીપરાએ આ મહિલા પ્રતિનિધિઓને અભિનંદન આપેલ છે તેમજ વ્યુહાત્મક ગોઠવણ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પંચાયતીરાજના મહિલા પ્રતિનિધિને પ્રેરીત અને પ્રોત્સાહિત કરનાર સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરેલ.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના ભારતના સ્થાયી મહિલા પ્રતિનિધિ રૂચિરા કાબોજ એ ભારતના પંચાયતીરાજ ઉપર પ્રકાશ પાડેલ તેમજ સચિવ પંચાયતીરાજ વિવેક ભારદ્રાજ દ્વારા ભારતની પંચાયતીરાજમાં મહિલા સશકિતકરણ દ્વારા વિકાસમાં મહત્વની ભૂમિકા મહિલા બજાવી રહેલ છે

## જૈન વિઝન આયોજીત નવકારશી

સુધીમાં જ મતદાન સ્વયંભુ ફરજ નિભાવેલ લોકશાહી એટલે લોકો માટે લોકોથી અને લોકો દ્વારા ચાલતી સરકાર લોકશાહીમાં લોકો જ સર્વપરી હોય છે. તેથી મત આપવો ખુબ જ જરૂરી છે,જૈન વિઝન દ્વારા ઉપાશ્રય દેરાસર ખાતે અને વાંકાનેર જૈન સમાજ ખાતે પણ નવકારશીનું આયોજન કરાયું હતું , ત્યાર બાદ લોકોએ મતદાન કરીને સવારના ૭:૫૫ થી ૧૦:૦૦ વાગ્યાં સુધી શાતાકારી નવકારશીનો લાભ આપેલ.

સમગ્ર આયોજન જૈન અગ્રણી જ્યોતિન્દ્રભાઈ મહેતા (મામાં ) ચંદ્રકાન્તભાઈ શેઠ, દિનેશભાઈ પારેખ, પ્રવીણભાઈ કોઠારી, કિશોરભાઈ દોશી, જયેશભાઈ શાહ અને સુનિલભાઈ શાહ દ્વારા સુંદર માંગદર્શક મળી રહેલ છે. જૈન વિઝન દ્વારા આ તકે ચારેય ફિરકાના આગેવાનો સ્થાનકવાસી અને મૂર્તિપૂજક દેરાસરના આગેવાનો અને તેમજ ટ્રસ્ટીઓ તેમજ વાંકાનેર જૈન સમાજના આગેવાનોનો સહકાર બદલ ખાસ આભાર મનાયો છે

સમગ્ર આયોજનમાં ટિમ નવકારશીના આયોજનમાં મહેશભાઈ મણિયાર, સુનિલભાઈ કોઠારી, અનીષભાઈ વાઘર, ડોલરભાઈ કોઠારી, ગીરીશભાઈ મહેતા, અજીતભાઈ જૈન, સમગ્ર આયોજન સફળ બનવા ભારે જેહમત ઉઠાવેલ હતી.

સમગ્ર આયોજનની સરાહના કરતાં રાજકોટ- ૬૭ ના લોકપ્રિય ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ભરતભાઈ કાનપુરા તેમજ ડો. બ્રિજેશ પટેલ સહિતના અગ્રણીઓએ ધન્યવાદ પાઠવેલ છે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

## આચારસંહિતાનો ભંગ....

અમદાવાદ પૂર્વમાં નિકોલ વિસ્તારમાં ગેરરીતિ અંગેની ફરીયાદ મળી હતી. ઘાટલોડીયામાં આવેલ નાલંદા સ્કુલ રૂમ નંબર-૨માં વી.વી.પેટમાં નાખેલા વોટની સ્લીપ દેખાતી નથી અને નીકળતી નથી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવેલ વોટીંગનું જીવન પ્રસારણ કરીને મતદારોને પ્રભાવીત કરવામાં આવેલ છે. ખેડા લોકસભાના બે બુથ દસક્રોઈ ૫૭ માં ગેરરીતિ અંગેની ફરિયાદ કરાય છે.

કાલંદરી મસ્જીદ પાસે લગાવવામાં આવેલ બેનર દ્વારા લઘુમિત સમુદાયના લોકોને વોટીંગ ના કરવાની ઝુંબેશના અનુસંધાને લાગેલ બેનર, અમદાવાદ પૂર્વે લોકસભાના એ.જી. ટીચર્સ સ્કુલમાં બુથ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા બી.એસ. પટેલે લોક પ્રતિનિધિ ધારાનો પાલન કરેલ નથી અને બુથમાં એજન્ટોને બેસવા દીધેલ નથી તેમજ કોંગ્રેસના વોર્ડ પ્રમુખને માર મારવામાં આવ્યો હતો.

અમદાવાદ પશ્ચિમ લોકસભાના મણીનગર બુથ નં. ૨૩૧ અને ૨૩૨માં ગેરરીતિ અંગેની ફરિયાદ

અમદાવાદ પશ્ચિમ શાહપુરની સ્કુલ નં. ૭ અને ૮, બુથ નં. ૫૩માં પોલીસ કર્મચારી દ્વારા ભાજપ તરફી મતદાન કરવાની અપીલ કરવામાં આવેલ છે જે આદર્શ આચાર સંહિતાની વિરૂધ્ધ છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારના વેજલપુર બુથ નં. ૨૨૬માં સંકલીતનગરમાં કાલુ ગરદન નામના જેલમાંથી છુટેલ અને તેના મળતીયાઓ દ્વારા બુથ નં. ૨૨૬ પાસે વોટીંગ કરવા જતા મતદારોને રોકતા હતા.

જામનગરના હાલ ફરજ ઉપર એલ.સી.બી.ના પી.આઈ. લગરીયા દ્વારા પોતાના - સભાના દુરુપયોગ કરીને સત્તા પક્ષને ફાયદો પહોંચાડયા કોંગ્રેસના સમર્થકોની અટકાયત કરે છે.

તમામ પોલીંગ બુથ પર નિમાયેલ અધિકારીઓ વોટીંગ દરમ્યાન એજન્ટો દ્વારા ભાજપના નિશાન વાળી પેન તેમજ સાહિત્ય ઉપયોગ કરીને આદર્શ આચાર સંહિતાનો ભંગ કરેલ છે.

ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ૪૨-વેજલપુર વિધાનસભા મત વિસ્તારના સંકલિતનગર પ્રાથમિક શાળા બુથ નં ૨૨૨, ૨૨૬, ૨૩૨, ૨૩૩, ૨૮૯, ૨૯૦, ૨૯૧ વિગેરે ઉપર કાલુ ગરદન વિશે ગુંડા તત્વો દ્વારા મતદાન રોકવામાં આવેલ છે. તાત્કાલીક પગલા લઈ મતદાન ચાલુ કરાવવા રજુઆત કરાય હતી.

કચ્છ લોકસભા મોરબી વિસ્તાર રોટરી નગર જુનુ નામ અહેમદનગરમાં મતદારોને ધમકી આપવાની ફરીયાદ મળી, ગાંધીનગર સંસદીય મત વિસ્તારઓ ત્રાગડ ગામના બુથ નં. ૨૩૧ ઉપર બોગસ વોટીંગ થઈ રહ્યાં અંગે ફરીયાદ ઉઠી હતી.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ૪૨-વેજલપુર વિધાનસભામાં અસામાજીક તત્વો દ્વારા લઘુમતિ સમુદાયના લોકોને વોટ કરતા અટકાવવામાં આવે છે. તેવી ફરીયાદ મળી હતી.

બનાસકાંઠા લોકસભા મતવિસ્તારના રાધનપુર બુથ નં. ૧૬૨ ઉપર ઈ.વી. એમ. ખોટવાયું હતુ.ગાંધીનગર વાસણા ગામ બુથ નં. ૧૪માં ભાજપના ધારાસભ્યના પતિ દ્વારા દોઢ કલાક મતદાન અટકાવતા, મતદાન માટે વધારાના સમયની માંગ સાથે ફરિયાદ મળી હતી જયારેઅમદાવાદ પશ્ચિમ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની શાળાના બુથ નં. ૭, ૮ અને ૫૫ આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનની ફરિયાદ, પોલીસ પોતે જ ભાજપના પ્રચાર કરતા હોવાની ફરિયાદ ઉઠી હતી.

મતદાનના સમય દરમ્યાન મળેલી ફરિયાદો અંગે ચૂંટણી અધિકારીઓનું કોંગ્રેસ પક્ષના લીગલ સેલના દરમ્યાન ૨૦ થી વધુ વકિલોની ટીમ દ્વારા યોગ્ય પગલાં ભરવા લેખિતમાં જાણ કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં સવારથી મતદાતાઓએ મોટી સંખ્યામાં મતદાન મથકની બહાર મતદાન કરવા માટે લાઈનમાં ઉભા હતા

## પ્રચંડ જીત નિશ્ચીત.....

પ્રથમ નોકરી પાકી, ૧ લાખ રૂપિયાની એપ્રેન્ટીસશીપ, ૩૦ લાખ સરકારી ભરતી કેલેન્ડર, શ્રમિકોને ૨૫ લાખ રૂપિયાની સામાજીક સુરક્ષા, વિમા યોજના, ખેડુતોના દેવા માફી, ટેકાના ભાવ માટે કાનુની જોગવાઈ મહિલાઓ માટે દર વર્ષ ૧ લાખ રૂપિયા ન્યાય હિસ્સેદારી સહીત ૨૫ ગેરેન્ટીને સમગ્ર દેશ અને ગુજરાતની જનતાએ વ્યાપક સમર્થન આપ્યું છે. ત્યારે, ગુજરાતના મતદારોના ખુબ ખુબ આભાર જેમણે સંવિધાન બચાવવા અને દેશ બચાવવા મતદાન કરીને લોકશાહીને મજબુત બળ પુરુ પાડયું છે.

મતદાન દરમ્યાન એક કર્મચારી અને એક મહિલા મતદારનું નિધન થયું તે દુઃખદ છે તેમના પરિવારને કોંગ્રેસ પક્ષ શોકાંજલી પાઠવે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મતદારો અને કાર્યકરોનો આભાર માનતા જણાવ્યું હતું કે, ૨૦૧૯ની માફક ૨૦૨૪માં પણ ભાજપની પ્રચંડ જીત નિશ્ચીત છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે ઉનાળો હિટવેવ અને વેકેશનના કારણે મતદાનની ટકાવારી ઘટી હોવાનું તારણ રજુ કર્યુ હતુ.

## વીવીપેટ બદલવા પડયા.....

અંગેના ૩ એલર્ટ્સ, આદર્શ આચારસંહિતા ભંગની ૧ તથા અન્ય ૪ એલર્ટ્સ હતી. ભ-ટ્ઈક્ક્કના માધ્યમથી મતદાનના દિવસે ૧૮૬ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં કુલ ૫,૧૧૮ ફરિયાદો મળી કુલ ૫,૩૧૫ ફરિયાદો મળી છે. મતદાનના દિવસે ૭૫૯ ફરિયાદ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં ૧૫,૫૮૧ મળી અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૪૦ ફરિયાદો મળી છે.મતદાનના દિવસે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ સહિત ઈવીએમ સંબંધી ૧૧, આદર્શ આચારસંહિતા સંબંધી ૨૧ તથા બોગસ વોટીંગ, કાયદો વ્યવસ્થા, ક્રાઉડીંગ વગેરે અંગે ૧૮ અને અન્ય ૪૨ મળી કુલ ૯૨ ફરિયાદો મળી છે. અન્ય માધ્યમો થકી તા. ૬ મે સુધી ૨,૩૮૪ મળી અત્યાર સુધીમાં કુલ ૨,૪૭૬ ફરિયાદો મળી છે. આમ કુલ ૨૪,૧૩૧ ફરિયાદો મળી છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે.

પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના ૨૫,૦૦૦ જેટલા મતદાન મથકો ખાતેથી વેબ કાસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જ્યાં ફરિયાદો મળી હતી તે મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ થકી ક્રોસ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું હતું.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ પોલીંગ સ્ટાફની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, લગભગ ૪૦ થી ૪૧ ડિગ્રીની ગરમીમાં પણ મતદાન સ્ટાફે ખૂબ જ નિષ્ઠાથી ફરજ નિભાવી છે તે બદલ તેમણે મતદાન સ્ટાફ તથા તેમના પરિવારજનોનો આભાર પ્રગટ કર્યો હતો.

રાજ્યમાં બનેલી કેટલીક દુઃખદ ઘટનાઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, રાજુલામાં એક કર્મચારીને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ છે. જ્યારે જાફરાબાદ તાલુકામાં એક કર્મચારીનું મૃત્યુ થયું છે અને છોટાઉદેપુરમાં એક પોલીસ કર્મચારીનું બાઈક અકસ્માતમાં મૃત્યુ થયું છે. તેમણે દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પી હતી.

## માવઠું.....

બનાસકાંઠાના અંબાજીમાં વરસાદ વરસ્યો છે. આ તરફ આજે અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવુ અનુમાન લગાવામાં આવી રહ્યુ છે. આ સાથે જ વડોદરા, રાજકોટમાં ૪૧ ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

## વાયરલ.....

મૂકી વાયરલ કર્યો હતો. મતદાન એ ગુમદાન હોય છે ત્યારે જિલ્લા કલેકટરના જાહેરનામા અનુસાર આ પ્રકારના કોઈ વિડીયો ઉતારવા કે વાયરલ કરવા સામે પ્રતિબંધ હોય છે તેમ છતાં ૨૪ વર્ષીય યુવાને વિડીયો ઉતારીને વાયરલ કરતા તાલુકા પોલીસે સાયબર ક્રાઈમ પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ જયવીરસિંહ ઝાલાની ફરિયાદ પરથી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## (અગીયારમા પાનાનું ચાલુ)

## નેમ...

આપણું નામ જાતે સેટ કરતા હોઈએ છીએ પરંતુ તેવું ન જ કરવું જોઈએ. ઋજ્ઞજ્ઞલહય પરથી મળતા ડેટા અનુસાર ઘણા બોલીવુડ સેલિબ્રિટી અને ઉધોગપતી પોતાનું નામ , પોતાની કંપની નામના જાયહહશક્ષલ માં ફેરફારો કરેલા જોવા મળે છે અને તેનાથી તેમને ફાયદો થયો હોય તેવું પણ જાણવા મળે છે . Google પર સર્ચ કરીયે તો જોવા મળે છે કે ૨૦૦૯ માં સુનીલ શેટ્ટીએ પોતાના નામનો સ્પેલિંગ બદલ્યો હતો. તેણે જ્યારથી નામ બદલ્યું ત્યારથી તેના જીવનમાં ઘણો વિકાસ થયો છે એવુ આપણે માની શકીએ.

ગૂગલ પરથી મળતી માહિતી મુજબ ૨૦૧૪માં અજય દેવગને પોતાના નામના સ્પેલિંગમાં ફેરફાર કર્યા હતા. એ ફેરફાર કર્યા પછી આપે જોયું હશે કે તેની રોમેન્ટિક ફિલ્મ હતી તેમાંથી તે એક્શન ફિલ્મમાં વળી ગયા અને ત્યાર પછી આવેલી બધી ફિલ્મો સફળ રહી હતી. તો આપણે માની શકીએ કે ક્યાંકને ક્યાંક તેને નામથી સપોર્ટ મળ્યો છે.

અંકશાસ્ત્રમાં નવજાત બાળકનું નામ નક્કી કરવા માટે અંક નું પ્રાચીન વિજ્ઞાન છે.

બાળકનું નામ યોગ્ય રીતે રાખવું ખુબ મહત્વ નું છે. તેના નામ પર થી નક્કી કરી શકાય છે કે તમારું બાળક એના જીવન માં કેટલું સફળ થશે કે આવનારી સમસ્યાઓ નો સારી રીતે સામનો કરશે કે કેમ. આ ઉપરાંત, નામ વ્યકિતના ગુણો અને લાક્ષણિકતાઓ ને વ્યાખ્યામિત કરે છે, તેથી તમારા નવજાત બાળક માટે કાળજીપૂર્વક નામ પસંદ કરવું મહત્વપૂર્ણ છે અને રાખેલા નામ નું મુલ્યાંકન તથા તેનો અભ્યાસ કરાવવો ખૂબ જરૂરી છે જેથી ખુબજ નાની ઉંમર થી જ સાચા માર્ગે દોરી શકાય.

છેલ્લા ૩ વર્ષના મારા અનુભવ સાથે, હું ભારપૂર્વક જણાવવા માંગુ છે કે તમારા નામની જોડણી તમારી એકંદર સફળતા અથવા જીવનમાં નિષ્ફળતા માં ૩૦-૪૦% ફાળો આપે છે. તેથી, હું તમારા નામની જોડણીને શક્ય તેટલી વહેલી તકે તમારી જન્મતારીખ સાથે સમન્વયિત કરવાનું ભારપૂર્વક સૂચન કરું છું. જો કે, લોકો ઘણીવાર મોટી ઉંમરે સારા નસીબને આકર્ષવા અને સફળ થવા માટે નામ બદલી નાખે છે. છા, મોટી ઉંમરે નામ બદલવા થી પણ લાભ થાય છે.

માસ્ટર જીનલના મતે ન્યુમેરોલોજિસ્ટની સલાહ મુજબ નામ બદલવું જોઈએ. જો આપ નામનું એનાલીસીસ કરાવવા માંગતા હોય તો માસ્ટર જીનલનો સંપર્ક કરી શકો છો.

## અનુપમભાઈ

બીમારીના કારણે અવસાન થયું.ત્યારબાદ હસમુખભાઈએ દરેક બાળક એ તેમનો પુત્ર જતીન છે એ હેતુથી આવા અવનવાં કાર્યક્રમો યોજે છે અને સંસ્થાનાં ટ્રસ્ટી તરીકે ઘણા દાન-પુણ્યના કર્યો પણ કરે છે. આજના આ કાર્યક્રમ માટે અમારી સંસ્થા ઝનાના હોસ્પીટલના તબીબ તથા અધીક્ષક અને મીડિયા કર્મીનો આભાર વ્યક્ત કરે છે.

## શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘના ટ્રસ્ટી ઈન્દુભાઈ બદાણીના ધર્મપત્ની સુશીલાબેનનું નિધન



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘના ટ્રસ્ટી, શ્રી સદર જૈન સંઘના કાયમી ચૌવિહાર હાઉસના દાતા, શ્રી દશાશ્રી માળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન-જૈન બોર્ડિંગના ટ્રસ્ટી અને મહાવીર હોલના લાભાર્થી વર્ષો સુધી ઈથોપીયા અને હાલમાં રાજકોટ વસતાં ઈન્દુભાઈ ભીમજીભાઈ બદાણીના પત્ની સુશીલાબેન બદાણી તે ચુનીલાલ દામોદરદાસ મોદીના પુત્રી અને અનીશ અને વિશાખા, આરતીના માતુશ્રી તથા અ.સૌ. અનીશાના સાસુ તા.૦૮/૦૫/૨૪ ને બુધવારે ૮૧ વર્ષની ઉંમરે અવસાન થયેલ છે.

પૂ.ધીરગુરૂદેવે સદ્ગતની સરલતા અને ધર્મપરાયણતાને બિરદાવી ગુણાંજલિ અર્પણ કરેલ. મહાવીર ભવન અંતર્ગત વિશાલ મહાવીર હોલ નામકરણનો લાભ (જૈન બોર્ડિંગ સંકુલ) સુશીલાબેન બદાણીએ લઈને જૈન સમાજ માટે મહા ઉપકારનું કાર્ય કરેલ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** મુળ હર્ષદ હાલ રાજકોટ નિવાસી સ્વ. ગીરધરભાઈ ધારશીભાઈ લાખાણી તથા સ્વ. ભાનુબેન ગીરધરભાઈ લાખાણીના સુપુત્ર સ્વ. નીલેશકુમાર લાખાણી (ઉ.વ.૫૨) તે ચેતનાબેનના પતિ, રવિ, રાજ, અક્ષયના પિતા, ગોપીબેનના સસરાનું તા. ૭ ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા. ૯ ને ગુરુવાર સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર, લીંબડા ચોક નજીક, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે

**જુનાગઢઃ** નિર્મળાબેન ચેતનભાઈ રામૈયા (રાયમગીયા) (ઉ.વ.૭૪) તે ચેતનભાઈ પિતામ્બરભાઈ રામૈયાના પત્ની તથા સ્વ. ચંદ્રેશભાઈ, અનિલભાઈ, ધર્મેશભાઈના માતા તથા સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. નવિનભાઈ, સ્વ. કમલેશભાઈ તથા ભુપતભાઈ રાજવીરના બહેનનું તા. ૬-૫ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું - પીયર પક્ષની સાદડી તા. ૧૦-૫-૨૪ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાત રાખેલ છે.

**જુનાગઢ :** શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિના સ્વ.પોપટલાલ ખોડાભાઈ ચાવડાના પુત્ર વિનોદરાય પોપટલાલ ચાવડા, ઉ.વ.૭૩ તે જયસુખભાઈ, જનકભાઈ, પ્રફુલભાઈ, રાજેશભાઈના ભાઈ, જયેશકુમાર, શિલ્પાબેન, જાગૃતિબેનના પિતા તથા આશિષ (કેનેડા)ના દાદાનું તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે સુરસંગમ રેસિડેન્સી, મલ્હાર-૨૦૩, અલકાપુરી, જૂનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** યશવંતરાય દલસુખરાય કાચા (આર.એમ.એસ)ના પત્ની જયોત્સનાબેન કાચાનું તા. ૭ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનુ બેસણું તા. ૯ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન રામેશ્વર મહાદેવ મંદિર રામેશ્વર ચોક હંસરાજ નગરી શેરી નં.૧માં રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** ભાવેશભાઈ જયવંતભાઈ મહેતા (સિધ્ધાર્થ પ્રિન્ટર્સ) (ઉ.વ.૪૩) તે જયવંતભાઈ રવિચંદ્રભાઈ મહેતા તથા બીનાબેન જયવંતભાઈ મહેતાના પુત્ર હિતેશભાઈ મહેતા, ડિમ્પલબેન રાજેશભાઈ મહેતા ના ભાઈ તે બિનલબેન મહેતાના પતિ તે જયેશભાઈ પ્રાણલાલભાઈ કોઠારી સુરેન્દ્રનગર વાળાના જમાઈનું તા. ૭-૫ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯ ને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે જૈન ભુવન, સરવેશ્વર ચોક, યાજ્ઞીક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ વાંકાનેર નિવાસી હાલ રાજકોટ જીતેન્દ્ર હિરાચંદ સંઘવી (યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરસ કંપની) તે પ્રેમિલાબેનના પતિ, પારસ, મૌસમી વિશાલકુમાર ગોડા, પ્રિયા કલ્પેશકુમાર શાહના પિતા, સ્વ. ચીમનલાલ મગનલાલ દેસાઈ (બોટાદ) ના મોટા જમાઈનું તા. ૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯ ને ગુરુવારના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ૫, વૈશાલીનગર ઉપાશ્રયે, રાજકોટ ખાતે રાખેલ છે. સદગતે ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** મુળ ગામ મોટી બાણુંગર, હાલ રાજકોટ અમરશીભાઈ માવજીભાઈ ચોટલીયાના પત્ની રંજનબેન અમરશીભાઈ ચોટલીયા (ઉ.વ.૬૩) તે નેહાબેન અમરશીભાઈ ચોટલીયા તથા બીનીતાબેન શશીકાંતભાઈ પ્રજાપતિના માતા તથા સ્વ. માવજીભાઈ ગંગદાસભાઈ ચોટલીયાના પુત્રવધુનું તા. ૬ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯ ને ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે સ્થળ રાષ્ટ્રીય શાળા પ્રાર્થના ખંડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** જયશ્રીબેન દીપકભાઈ ટાંક (ડી.એચ.ટાંક) (ટેકનીકલ હાઈસ્કુલ ધોરાજી તથા સરકારી એન્જીનીયરીંગ કોલેજના નિવૃત કર્મચારી)ના પત્નીનું તા. ૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને કિશાનપરા શેરી નં.૧, શ્રીમદ્ પેલેસ એપાર્ટમેન્ટ ખાતે રાખેલ છે. ઉત્તર ક્રિયા તા.૧૭-૫ ના રોજ રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.હરિવલ્લભ નારણજી વૈદ્ય અને સ્વ.કુસુમલક્ષ્મી હરિવલ્લભ વૈદ્યના પુત્ર જબલપુર નિવાસી કૃષ્ણદેવભાઈ હરિવલ્લભભાઈ વૈદ્ય (ઉ.વ.૯૩) તે ઉષાદેવી વૈદ્યના પતિ, જયેશ (ગુડુ)ના પિતાજી, શિવાની જયેશભાઈ વૈદ્યના સસરા, કુ.શર્મિષ્ઠાના દાદાજી, નિરંજનભાઈ, સ્વ.જયપ્રકાશભાઈ, સ્વ.દેવેન્દ્રભાઈ, ઓમપ્રકાશભાઈ અને ગં.સ્વ.શાંતિદેવી રશ્મિકાંતભાઈ વૈદ્યના મોટાભાઈ, સ્વ.મહાસુખરાય ઈચ્છાશંકર પટ્ટણીના જમાઈનું તારીખ ૦૫ ને રવિવારે રાજકોટ ખાતે અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તારીખ ૦૯ ને ગુરૂવારે સાંજે ૫ થી ૬, અજમેરા ટાઉનશિપ, શાસ્ત્રીનગર, બગીચા સામે, નાના મૌવા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# તેલંગણામાં ભાજપ માટે સારા સંકેતો : બેઠક વધવાના એંધાણ

## લોકસભા ચૂંટણીઓમાં ભાજપ દક્ષિણના રાજ્યોમાં સારૂં પ્રદર્શન કરી શકે, પરંતુ કર્ણાટકથી આગળ વધવા માટે તેને તેલંગાણામાં પગ જમાવવો પડે તેવું રાજકીય પંડિતોનું અનુમાન

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્યોના પ્રચારને કારણે આ લોકસભા ચૂંટણીઓમાં ભાજપ દક્ષિણના રાજ્યોમાં સારું પ્રદર્શન કરી શકે છે. પરંતુ કર્ણાટકથી આગળ વધવા માટે તેઓએ તેલંગાણામાં પગ જમાવવો પડશે. તેવું રાજકીય પંડિતો જણાવી રહ્યા છે.

૨૦૧૯માં ભાજપે જીતેલી ૧૭ બેઠકોમાંથી ભાજપ તેની સંખ્યા વધારીને ચાર કરી શકશે તેની કોઈ ખાતરી નથી. મતદાન પંડિતો બીજેપી માટે અલગ-અલગ આંકડાઓની આગાહી કરી રહ્યા છે, પરંતુ તેઓ એકમત છે કે તેલંગાણાના મતદારો અન્ય દક્ષિણી રાજ્યો કરતાં બીજેપીની રાજનીતિની બ્રાન્ડ તરફ વધુ અનુકૂળ છે. પાર્ટીએ જે ૧૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, તેમાં માત્ર મુઠ્ઠીભર જ જૂના સંઘના છે; મોટાભાગના તાજેતરમાં અન્ય પક્ષોમાંથી આવ્યા છે. આનાથી ભાજપના કેટલાક અગ્રણી નેતાઓ નારાજ છે.

બીજેપી જે પ્રથમ મુખ્ય વસ્તુનો લાભ લેવાની આશા રાખે છે તે છે પ્રદેશના મુશ્કેલીગ્રસ્ત ભૂતકાળ - અગાઉના હૈદરાબાદ રાજ્યના છેલ્લા નિઝામ મીર ઓસ્માન અલી ખાનની આસપાસનું રાજકારણ અને ભારતીય સંઘમાં પ્રવેશવાની તેમની અનિચ્છાનો વધુ લાભ મેળવશે.

ભાજપના રાજ્યના વડા તરીકેના તેમના તાજેતરના કાર્યકાળ દરમિયાન, બંદી સંજય તેમના વક્તૃત્વથી યુવાનો સુધી પહોંચી શક્યા હતા, ઓસ્માનિયા યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાન વિભાગના નિવૃત્ત વડા કે શ્રીનિવાસુલુએ જણાવ્યું હતું.

તેની નિઝામ વિરોધી ઓળખને મજબૂત કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેરાત કરી કે આ દિવસે હૈદરાબાદને આઝાદ કરાવનારા શહીદોને યાદ કરવા દર વર્ષે ૧૭ સપ્ટેમ્બરે હૈદરાબાદ લિબરેશન ડે ઉજવવામાં આવશે. આ તે દિવસ હતો જ્યારે ભારતીય સશસ્ત્ર દળોએ ૧૯૪૮ માં ઓપરેશન પોલો હેઠળ હૈદરાબાદમાં પ્રવેશ કર્યો અને તેને બળજબરીથી ભારતમાં જોડ્યું. એઆઈએમઆઈએમને ખુશ




કરવા માટે આટલા વર્ષોથી બીઆરએસ પર આ દિવસની ઉજવણી ન કરવાનો આરોપ ભાજપ પર છે.એવું નથી કે તેલંગાણામાં ભાજપનો અચાનક ઉદય થયો છે. પાર્ટીનો ગ્રાફ ધીમે-ધીમે ઉપર જઈ રહ્યો છે, જો કે તેમાં ઘણા ઉતાર-ચઢાવ પણ આવ્યા છે. ૨૦૧૪ માં રાજ્યની રચના પછી યોજાયેલી પ્રથમ વિધાનસભા ચૂંટણીમાં, પાર્ટીએ, ત્યારબાદ ટીડીપી સાથે જોડાણ કરીને, પાંચ બેઠકો જીતી હતી. ૨૦૧૮ માં, આ ભાગીદારી તૂટી ગઈ અને ગોશામહલના રાજા સિંહ વિધાનસભામાં એકમાત્ર ભાજપના ધારાસભ્ય તરીકે રહી ગયા. થોડા જ મહિનામાં ભાજપે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ચાર બેઠકો જીતીને બધાને ચોંકાવી દીધા હતા.તત્કાલિન મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવની પુત્રી કે કવિતા પણ નિઝામાબાદમાં ભાજપના નવા નેતા ડી અરવિંદ સામે હારી ગઈ હતી.૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે આઠ બેઠકો જીતી હતી, જે ૨૦૧૪ પછીની તેની સૌથી મોટી જીત છે, પરંતુ હાઈકમાન્ડની અપેક્ષાઓથી ઘણી ઓછી છે. પરંતુ પાર્ટીની મત ટકાવારી સતત વધી રહી છે અને ૨૦૧૪માં ૧૦.૫% થી વધીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૧૯.૪૫% થઈ ગઈ છે. પાર્ટીએ ૨૦૨૦ની ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ફરીથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા, તેની સીટ સંખ્યા માત્ર ચાર સીટોથી વધારીને ૪૮ કરી અને ૩૫% વોટ શેર સાથે બીઆરએસ પછી બીજા નંબરની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી.૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં તેની સંખ્યા ફરી ઘટીને ૧૪% થઈ ગઈ, પરંતુ નેતાઓને આશા છે કે મોદીની લોકપ્રિયતા તેમને ૧૩ મેની ચૂંટણીમાં આ સ્વિંગને દૂર કરવામાં મદદ કરશે.

# પેઈજ પ્રમુખ-સમિતિનો ભાજપનો ફૂગ્ગો ફૂટી ગયો: કોંગ્રેસના પ્રવક્તાનો ટોણો

## રાજ્યમાં ૧.૯૫ કરોડ મતદારો મત આપવા જ આવ્યા નહિં: ભાજપને જુલાઈમાં મળશે નવા પ્રદેશ પ્રમુખ: હેમાંગ રાવલનું ટ્વીટ

**અબતક, રાજકોટ**

વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યની ૧૮૨ બેઠકો પૈકી રેકોર્ડબ્રેક ૧૫૬ બેઠકો જીત્યા બાદ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે પ્રદેશ પ્રમુખ અને પેઈજ સમિતિના સહારે ગુજરાતની લોકસભાની તમામ બેઠકો પાંચ લાખ મતોની લીડ સાથે જીતવાનો એક ટાર્ગેટ સેટ કર્યો હતો. બૂથ લેવલ સુધી સંગઠન માળખું મજબૂત બને તે માટે તેઓએ અથાગ પ્રયાસો કર્યા હતા. પરંતુ મતદાનની ટકાવારી જોતા એવું લાગી રહ્યું છે કે તેમના પ્રયાસોને ખાસ સફળતા મળી નથી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે આજે ટ્વીટર પર આજે અંદરની વાત એવા મથાળા તળે એક ટ્વીટ કર્યું છે. જેમાં તેને ભાજપ પર પ્રહાર કર્યા છે. ગુજરાત ભાજપમાં અંદરખાને ચર્ચા ચાલે છે કે પેઈજ પ્રમુખ અને પેઈજ સમિતિ કાગળ ઉપર જ છે. એનો ફૂગ્ગો ફૂટી ગયો છે. નહિંતર આટલું ઓછું મતદાન થાય નહિં. ગુજરાતમાં ૧ કરોડ અને ૯૫ લાખ મતદારોએ મતદાન કર્યું નથી. પ્રદેશ ભાજપને જુલાઈમાં નવા પ્રમુખ મળશે અને તે સત્યને ચકાસશે તેવું પણ તેઓએ લખ્યું છે.

મજબૂત સંગઠન માળખું ધરાવતા ભાજપ પાસે હાલ ગુજરાતમાં પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીની સત્તા છે અને ગુજરાતને કમળનો ગઢ માનવામાં આવે છે. છતાં લોકસભાની ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે મતદાનની ટકાવારીમાં થયેલો ઘટાડો ખરેખર ચિંતાજનક છે.

# જામનગરથી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ સાડા ચાર કલાક મોડી ઉપડશે

**અબતક, રાજકોટ:** પેરિંગ રેક મોડી આવવાને લીધે આજરોજ જામનગર થી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેન ને રીશેડ્યુલ કરવામાં આવી છે. આ ટ્રેન જામનગર થી આજરોજ તેના નિર્ધારિત સમય સવારે ૦૮.૧૫ ના બદલે ૪ કલાક ૩૫ મિનિટ મોડી એટલે કે બપોરે ૧૨.૫૦ કલાકે ઉપડશે. આ ટ્રેન આંશિક રીતે ડાઈવર્ટ કરેલા રૂટ વાયા અંબાલા કેંટ- ચંડીગઢ - ન્યુ મોરિન્ડા - સરહિન્દ - સાનેહ વાલ થઈને દોડશે.

# વર્ષી તપના તપસ્વીઓ અક્ષય તૃતિયાના દિવસે તપની કરશે પુર્ણાહુતિ

## વર્ષીતપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ

જૈન સમાજ ૧૦/૫/૨૦૨૪ શુક્રવારે અખાત્રીજ ઉજવશે વર્ષી તપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ છે.

ફાગણ સુદ આઠમથી શુભારંભ અને અખાત્રીજ - અક્ષય તૃતીયાના પૂર્ણાહુતિ થશે.

પ્રભુ મહાવીર કહે છે.. તપસ્યા એટલે કર્મો બાળવાની ભઠ્ઠી..

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમા કુલકર શ્રી નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.

બળદ આદિ પશુઓના ભોજન સમયે મુખ ઉપર જે છીકલી બાંધેલી છે તે ઉતારી લેજો આ વાત કહેવાની ઋષભદેવને સ્મરણમાં ન આવી.

ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે અખાત્રીજના દિવસે ઋષભદેવ ભગવાનનું પારણું થયેલું, ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં ૩૦ મું ''તપો માર્ગ '' નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ખરી અને નિર્જરી જાય છે.

વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે.

આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ - બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી,ઘોડા,હીરા,માણેક,મોતી,વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે - ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસીને નગર નિરીક્ષણ કરતાં શ્રેયાંસ કુમાર પ્રભુને જોઈને ચિંતને ચડ્યા કે..

આવા સાધુને મેં ક્યાંક જોયાં છે,ચિંતન - મનન કરતાં તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે તથા પૂર્વ ભવમાં જૈન સાધુને આપેલો આહાર તથા વિધી - નિયમો યાદ આવી જાય છે અને અતિ હર્ષિત થઈ સાત - આઠ ડગલા પ્રભુની સમીપે જઈ કહે છે...

પધારો ભગવંત...પધારો...

ગોચરી,પાણીનો લાભ આપો.ઋષભદેવ પ્રભુને નિર્દોષ ઈક્ષુ રસ - શેરડીના રસથી ભરેલા ઘડામાંથી અહોભાવથી ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્રથી પારણું કરતાં જ

### તપના બાર પ્રકાર છે, તેમા છ આભ્યંતર અને છ બાહ્ય

વર્ષી તપની બાહ્ય તપમા ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી પૂ.ગુરુવર્યો,પૂ.સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે. અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે.

અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે.

અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

'' અહો દાનમ્...મહા દાનમ્ '' ની ઉદઘોષણા થાય છે તેમજ પંચ દિવ્યો પ્રગટ થાય છે.

પ્રભુ આદિનાથ ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.

આ તપને સંવત્સર તપ પણ કહે છે.

અમુક તપસ્વીઓ ૪૦૦ દિવસને બદલે એક વર્ષ સુધી પણ તપ કરતાં હોય છે.

અમુક આરાધકોથી ઉપવાસ ન થઈ શકતો હોય તો એકાસણા, આયંબિલ વગરે નાની - મોટી તપશ્ચર્યા કરી વર્ષી તપની આરાધના કરતાં હોય છે.પ્રભુ પ્રત્યેના ભક્તિભાવથી તેઓએ કંડારેલી તપરૂપી કેડીને વર્ષી તપની પરંપરાને જૈન,અજૈન સૌ અનુસરી તપ માર્ગને આગળ ધપાવે છે.

જૈન દર્શનમાં કહ્યું છે તપ કરવાથી, કરાવવાથી તથા તપસ્વીઓની અનુમોદના કરવાથી પણ કર્મ નિર્જરા થઈ શકે છે

**સંકલનઃ- મનોજ ડેલીવાળા મો.નં. ૯૮૨૪૧ ૧૪૪૩૯**

# માર્કેટ અપડેટ્સ

**ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269**



## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૩૦૪ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૨૮૬ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૨,૯૫૧ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨,૭૧૨ કરોડ થઈ હતી.

- ડેલ્ટા કોર્પ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૮૬.૬૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩૮.૯૯ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૧૫૪.૦૩ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૩૧.૬૦ કરોડ થઈ હતી.

- લુપિન લિ.એ ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા સ્ટેન્ડએલોન ત્રિમાસિક પરિણામમાં રૂ.૩૮૪.૦૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૧૯.૦૧ કરોડ થયો હતો. કુલ આવક રૂ. ૩,૪૨૭.૨૨ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨,૮૯૧.૫૭ કરોડ થઈ હતી. કોન્સોલિડેટેડ ત્રિમાસિક પરિણામ ગ્રુપને રૂ.૩૫૯.૪૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૨૩૫.૯૬ કરોડ થયો હતો. ગ્રુપની કુલ આવક રૂ.૪,૯૯૦.૦૪ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪,૪૬૭.૩૫ કરોડ થઈ હતી.

- ડીએલએફ લિ.ની ૧૩ મે, ૨૦૨૪ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવા અને ડિવિડંડની ભલામણ કરવામાં આવશે.

- પીવીઆર લિ.ની ૧૪ મે, ૨૦૨૪ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીની સબસિડિયરીઓ અને જોઈન્ટ વેન્ચર કંપનીઓની એપ્રિલ, ૨૦૨૪ કુલ રૂ.૫૦૨.૮ કરોડની ટોલ આવક થઈ છે, જ્યારે એપ્રિલ, ૨૦૨૩ મહિનામાં રૂ.૩૮૮.૪ કરોડની ટોલ આવક થઈ હતી, જે વાર્ષિક ધોરણે ૨૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

- હિન્દુસ્તાન ઝિંક લિ.ની ૭ મે, ૨૦૨૪ના રોજ મળેલી બોર્ડ મીટિંગમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૨ની કિંમતના ઈક્વિટી શેર્સ પર શેરદીઠ રૂ.૧૦ (૫૦૦ ટકા) વચગાળાનું ડિવિડંડ મંજૂર કરવામાં આવ્યું છે.

- એસઆરએફ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૪૨૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૫૬૨ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૩,૫૯૩ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩,૮૦૦ કરોડ થઈ હતી.

- ડો. રેડ્ડી'ઝ લેબોરેટરીઝ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧,૦૩૪.૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૬૭૨.૪ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૫,૩૧૭.૫ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪,૬૬૮.૮ કરોડ થઈ હતી. જોકે કંપનીના ગ્રુપનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૩૧ માર્ચ, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧,૩૦૯.૮ કરોડનો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧,૩૨૯.૧ કરોડ થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૭,૩૧૧.૮ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૬,૪૫૩.૭ કરોડ થઈ હતી.

**IPO UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| INDEGENE LIMITED | 6/5 | 8/5 | CURRENT | 430/452 | 33 | 14,916 |
| TBO TEK LIMITED | 8/5 | 10/5 | CURRENT | 875/920 | 16 | 14,720 |
| AADHAR HOUSING FINANCE LIMITED | 8/5 | 10/5 | CURRENT | 300/315 | 47 | 14,805 |

**SME UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| WINSOL ENGINEERS LIMITED | 6/5 | 9/5 | CURRENT | 71/75 | 1600 | 1,20,000 |
| REFRACTORY SHAPES LIMITED | 6/5 | 9/5 | CURRENT | 27/31 | 4000 | 1,24,000 |
| FINELISTINGS TECHNOLOGIES LIMITED | 7/5 | 9/5 | CURRENT | 123 | 1000 | 1,23,000 |
| SILKFLEX POLYMERS (INDIA) LIMITED | 7/5 | 10/5 | CURRENT | 50 | 2000 | 1,04,000 |
| TGIF AGRIBUSINESS LIMITED | 8/5 | 10/5 | CURRENT | 93 | 1200 | 1,11,600 |

**NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?**

| | |
|---|---|
| NIFTY | RANGE – 22300 - 22500<br>SUPPORT – 22100 - 22200<br>REGISTANCE – 22500 |

**BANK NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?**

| | |
|---|---|
| BANK NIFTY | RANGE – 48250 - 48500<br>SUPPORT – 47700 - 48000<br>REGISTANCE – 48500 |

**આજ ના શેર માર્કેટ ને અસર કરતાં પરિબળો**

US MARKET – NEUTRAL TO POSITIVE ZONE

ક્રૂડ – 82.85 USD

INDIAN MARKET TREND – NEUTRAL ZONE

**સુચનાઃ અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે- વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

## નેશનલ કવોલિટી કન્વેન્શનમાં અસરદાર પ્રેઝન્ટેશન

# મુંદ્રા પેટ્રોકેમ લિમિ. નવીનતા અને ગુણવતામાં દીવાદાંડી તરીકે ઉભરી

**અબતક,રાજકોટ**

મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડે નવીનતા અને ગુણવત્તાની બાબતોમાં લીધેલા શ્રેષ્ઠ પગલાંઓને કારણે દીવાદાંડી તરીકે ઉભરી આવી છે. એમપીએલના દૂરદર્શી અભિગમે પેટ્રોકેમિકલ ઉત્પાદનમાં સલામતી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરતા શ્રેષ્ઠ ગુણવત્તાના ધોરણો નક્કી કર્યા છે. તાજેતરમાં નેશનલ ક્વોલિટી કન્વેન્શનમાં એમપીએલની ટીમે ઈન્સ્ટિટ્યુશન ઑફ એન્જિનિયર્સ દ્વારા આયોજિત ૩૭મા રાષ્ટ્રીય ગુણવત્તા સંમેલનમાં કુશળતા અને આંતરદષ્ટિનો પરિચય કરાવ્યો હતો.



નેશનલ ક્વોલિટી કન્વેન્શનમાં એમપીએલ દ્વારા ''મેગા સ્કેલ પેટ્રોકેમિકલ પ્રોજેક્ટ્સ માટે ક્વોલિટી પ્લાનિંગ'' ટેકનિકલ પેપર રજૂ કરી ઉચ્ચત્તમ ગુણવત્તાના ધોરણો અને તેના ફાયદાઓ દર્શાવ્યા હતા. એમપીએલ ની ટીમે શ્રેષ્ઠ પરિણામો માટે કોસ્ટ ઓફ પુઅર ક્વોલિટી સામે સારી ગુણવત્તાની કિંમત ને સંતુલિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, તેમજ ગુણવત્તાની કિંમત જેવી નિર્ણાયક વિભાવનાઓનો અભ્યાસ કર્યો હતો. એમપીએલના પ્રેઝન્ટેશનમાં અપ્રતિમ ગુણવત્તાના ધોરણોને સુનિશ્ચિત કરવા ઝીણવટભરી વ્યૂહરચના પર દર્શાવવામાં આવી હતી.અદાણી ગ્રૂપ સંચાલિત મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડે ઉદ્યોગને મજબૂત ગુણવત્તાયુક્ત આયોજનની પરિવર્તનકારી સંભવિતતા માટે એક શક્તિશાળી સંદેશ આપ્યો હતો. ઈસરો અને ડીઆરડીઓના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો સહિત સહભાગીઓ સાથે સંરચિત નિરિક્ષણ પ્રવૃત્તિઓ અને સંસાધનોની કાર્યક્ષમ ફાળવણી પર ભાર મૂક્યો હતો. આ સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સલામતી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે એમપીએલની પ્રતિબદ્ધતાને અસરકારક રીતે રજૂ કરવામાં આવી હતી.

એમપીએલ ગુણવત્તાયુક્ત આયોજન પ્રત્યેની પ્રતિબદ્ધતા પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં માર્ગદર્શક તરીકે ઉભરી આવી છે. નવીનતા અને ટકાઉપણામાં નિશ્ચિતપણે મૂળ ધરાવતા વિઝન સાથે એમપીએલ ધોરણોને ફરીથી નિર્ધારિત કરવાનું જારી રાખશે અને આગામી પેઢીને પ્રેરણારૂપ થશે.

# આચારસંહિતામાં થોડી છૂટછાટ અપાય તેવી પ્રબળ સંભાવના

## ગુજરાતની લોકસભાની તમામ બેઠકો માટે ચૂંટણી પૂર્ણ થઈ ગઈ હોય હવે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ આચાર સંહિતામાં થોડી ઢીલ આપવા રજૂઆત કરાશે?

અબતક રાજકોટ


કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગત ૧૯મી માર્ચના રોજ લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કર્યા બાદ દેશભરમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી જવા પામી હતી.છેલ્લા દોઢ મહિનાથી આચાર સંહિતાના કારણે ગુજરાતમાં અનેક વિકાસ કામ ઉપર બ્રેક લાગી ગઈ છે.દરમિયાન ગઈકાલે રાજ્યની લોકસભાની તમામ બેઠકો માટે ત્રીજા તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ગયું હોય હવે ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતામાં થોડી છૂટછાટ આપવામાં આવે તેવી શક્યતા જણાય રહી છે. રાજ્ય સરકાર દ્વારા કોઈ નીતિ વિષયક નિર્ણય જ્યાં સુધી ચૂંટણીનું પરિણામ નહીં આવે ત્યાં સુધી લેવામાં આવશે નહીં પરંતુ આચારસંહિતાના કારણે જે કામો મહત્વપૂર્ણ અટકી ગયા છે તેને માટે થોડી છૂટછાટ આપવામાં આવશે.નવી કોઈ નીતિ વિષયક જાહેરાત જાહેરાત કે નિર્ણય લેવામાં આવશે નહીં. પરંતુ સામાન્ય કામો જે જનતાને સીધી જ અસર કરે છે તે અંગે નિર્ણય લેવામાં આવે તેવું માનવામાં આવી રહ્યું છે.

આગામી દિવસોમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા દ્વારા આ સંદર્ભે કેન્દ્રીય ચૂંટણી પંચની પણ રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી. જો આચાર સંહિતામાં છૂટછાડ આપવામાં ન આવે તો એવું બની શકે કે આગામી ચાર જુન સુધી ગુજરાતની જનતા એ આચારસંહિતાનો સામનો કરવો પડે જોકે તંત્ર દ્વારા આચારસંહિતાને લઈ લઈ જે આખરી કાર્યવાહી હાલ કરવામાં આવી રહી છે તેમાં તેમાં થોડી થોડી છૂટછાટ આપવામાં આવે તેવું લાગી રહ્યું છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીઓને સરકારી ગાડી અને ચેમ્બર વાપરવાની છૂટછાટ મળી શકે છે. આ અંગે આગામી દિવસમાં કોઈ નિર્ણય લેવાય શકે છે.

આજે વિશ્વ થેલેસેમીયા દિવસ

# નિયમિત સારસંભાળ થેલેસેમીયાથી બચવા માટે એક ઉત્તમ રસ્તો

## થેલેસેમિયા ધરાવતી વ્યક્તિઓ માટે, કાઉન્સેલિંગ, કેરિયર સ્ક્રીનીંગ, તથા જીવનની ગુણવત્તા વધારવી જરૂરી



**અબતક, નવીદિલ્હી**

થેલેસેમિયા, એક વારસાગત રક્ત વિકાર છે જે દર્દીઓ અને ડોકટરો બંને માટે એક મોટો પડકાર છે. થેલેસેમિયાના દર્દીઓની સંભાળ અને વ્યવસ્થા તે જાણવું જરૂરી છે કે થેલેસેમિયા માટે લેવામાં આવતી યોગ્ય સાર સંભાળ આ બીમારીથી બચવા માટે ઉત્તમ રસ્તો છે. વિશ્વ થેલેસેમિયા દિવસ, ૮ મેના રોજ મનાવવામાં આવે છે, થેલેસેમિયા વિશે જાગૃતિ વધે છે, જે અસામાન્ય હિમોગ્લોબિન ઉત્પાદન દ્વારા વર્ગીકૃત થયેલ આનુવંશિક રક્ત વિકાર છે. આ દિવસનો ઉદ્દેશ્ય થેલેસેમિયા ધરાવતા વ્યક્તિઓ માટે નિવારણ, સારવાર અને સમર્થન વિશે લોકોને શિક્ષિત કરવાનો છે.

થેલેસેમિયાની ક્લિનિકલ રજૂઆત વ્યાપકપણે બદલાય છે, જેમાં હળવા એનિમિયાથી લઈને અંગને નુકસાન અને નિષ્ફળતા જેવી જીવલેણ ગૂંચવણો છે. દર્દીઓને થાક, નબળાઈ, શ્વાસ લેવામાં તકલીફ, નિસ્તેજ ત્વચા, કમળો અને હાડકાની વિકૃતિનો અનુભવ થઈ શકે છે. ગંભીર કિસ્સાઓમાં વૃદ્ધિ મંદી, મોટી બરોળ અને ચેપનું જોખમ વધી શકે છે.આનુવંશિક પરિબળોને કારણે કેટલીક વસ્તી થેલેસેમિયા માટે વધુ સંવેદનશીલ હોય છે. આ સ્થિતિનો કૌટુંબિક ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓમાં જોખમ વધારે છે. વધુમાં, થેલેસેમિયા જનીન સાથેના સમુદાયોમાં આંતરવિવાહ, કે જે વિકૃતિ વારસાગત સંતાનની સંભાવનાને વધારે છે.

નિવારણ અને સાવચેતીઓ થેલેસેમિયા અટકાવવા માટે આનુવંશિક કાઉન્સેલિંગ, કેરિયર સ્ક્રીનીંગ અને પ્રિનેટલ ટેસ્ટીંગનો સમાવેશ કરતા બહુપક્ષીય અભિગમની જરૂર છે. કુટુંબ નિયોજન વિશે માહિતગાર નિર્ણયો લેવા માટે વ્યક્તિઓને અવગત કરવા માટે શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે. સ્ક્રિનિંગ પ્રોગ્રામ્સ પણ વધુ ઉપયોગી નીવડે છે જેથી સંતાનમાં ચેપનું જોખમ ઘટાડવા માટે કાઉન્સેલિંગ અત્યંત ફાયદારૂપ નિવડે છે.

થેલેસેમિયા ધરાવતી વ્યક્તિઓ માટે, પરિણામોને શ્રેષ્ઠ બનાવવા અને જીવનની ગુણવત્તા વધારવા માટે વ્યાપક કાળજી જરૂરી છે. નિયમિત દેખરેખ, રક્ત તબદિલી, આયર્ન ચેલેશન થેરાપી અને, પસંદગીના કિસ્સાઓમાં, અસ્થિર મજ્જા પ્રત્યારોપણ એ વ્યવસ્થાપનનો આધાર છે. વધુમાં, પોષક પૂરક અને મનોસામાજિક સમર્થન જેવા સહાયક પગલાં સર્વગ્રાહી સંભાળના અભિન્ન અંગો છે. જાગરૂકતા વધારીને, આનુવંશિક પરીક્ષણને પ્રોત્સાહન આપીને અને સંભાળ માટે સહયોગી અભિગમ અપનાવીને, અમે થેલેસેમિયાના દર્દીઓ અને તેમના પરિવારો માટે વધુ સારા પરિણામો અને જીવનની સારી ગુણવત્તા તરફ પ્રયત્ન કરી શકીએ છીએ.

### થેલેસેમિયા શું છે?

થેલેસેમિયા આનુવંશિક રક્ત વિકૃતિઓના જૂથનો સમાવેશ કરે છે જે અસામાન્ય હિમોગ્લોબિન ઉત્પાદન દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે લાલ રક્ત કોશિકાઓની સંખ્યામાં ઘટાડો અને એનિમિયા તરફ દોરી જાય છે. આ સ્થિતિ મુખ્યત્વે દક્ષિણપૂર્વ એશિયાઈ વંશની વ્યક્તિઓને અસર કરે છે. તે બે મુખ્ય પ્રકારોમાં દેખાય છેઃ આલ્ફા થેલેસેમિયા અને બીટા થેલેસેમિયા, જેમાંથી દરેકની તીવ્રતા અલગ-અલગ ડિગ્રી હોય છે.

# જેક ફ્રેઝર અને અભિષેક પોરેલે દિલ્હીની પ્લે ઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી

## હાઈ સ્કોરિંગ બનેલા મેચમાં રાજસ્થાનના સંજુ સેમસનની ૮૬ રનની ઈનિંગ પાણીમાંઃ ઓપનારો નિષ્ફળ નિવડતા ટીમનો ૨૦ રને પરાજય



**અબતક, નવીદિલ્હી**

દિલ્હી કેપિટલ્સે પ્લેઓફનું ભાગ્ય પોતાના હાથમાં રાખતા મહત્વની મેચમાં રાજસ્થાન રોયલ્સને ૨૦ રને હરાવી દીધું છે. આ જીત સાથે દિલ્હીની ટીમ પોઈન્ટ ટેબલમાં પણ પાંચમાં સ્થાને પહોંચી ગઈ છે. જ્યારે હાર બાદ રાજસ્થાન રોયલ્સે પ્લેઓફની ટિકિટ માટે હજુ રાહ જોવી પડશે. દિલ્હીમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા રિષભ પંતની ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૨૧ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં રાજસ્થાન રોયલ્સની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૦૧ રન બનાવી શકી હતી. મોટા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સે બીજા બોલે વિકેટ ગુમાવી હતી. યશસ્વી જાયસ્વાલ ૪ રન બનાવી ખલીલની ઓવરમાં આઉટ થયો હતો. જોસ બટલર પણ ૧૭ બોલમાં ૨ ચોગ્ગા અને એક સિક્સ સાથે ૧૯ રન બનાવી અક્ષર પટેલનો શિકાર બન્યો હતો.

જે બાદ મોટા લક્ષ્યાંક માટેની જવાબદારી મિડલ ઓર્ડર બેટ્સમેન ઉપર આવી ગઈ હતી જેમાં સુકાની સંજુ સેમ્સને ૮૬ રનનું યોગદાન આપ્યું હતું. સંજુના પ્રદર્શનને બાદ કરતા અન્ય કોઈ ખેલાડી ૩૦ રનથી વધુ નો સ્કોર બનાવી શક્યું ન હતું અને અંતે ટીમનો ૨૦ રને પરાજય થયો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સની શરૂઆત મજબૂત રહી હતી. જેક ફ્રેઝર મેકગર્કે પાવરપ્લેમાં આક્રમક શરૂઆત કરી હતી. મેકગર્કે માત્ર ૧૯ બોલમાં પોતાના આઈપીએલ કરિયરની ચોથી અડધી સદી ફટકારી હતી. મેકગર્ક ૨૦ બોલમાં ૭ ચોગ્ગા અને ૩ સિક્સ સાથે ૫૦ રન બનાવી આઉટ થયો હતો. આ સિવાય અભિષેક પોરેલે દિલ્હી તરફથી સૌથી વધુ રન બનાવ્યા હતા. પોરેલે આઈપીએલ કરિયરની પ્રથમ અડધી સદી ફટકારતા ૬૫ રન બનાવ્યા હતા. અભિષેકે ૩૬ બોલમાં ૭ ચોગ્ગા અને ત્રણ સિક્સ સાથે ૬૫ રન બનાવ્યા હતા. ત્યારબાદના જે બેટ્સમેનોએ રન ગતિને આગળ વધારવી જોઈએ તેઓ નિષ્ફળ રહ્યા હતા પરંતુ છેલ્લી ઓવરમાં ટ્રિસ્ટન સ્ટબ્સે કમાલની બેટિંગ કરી હતી, સ્ટબ્સે ૨૦ બોલમાં ૩ ચોગ્ગા અને ૩ સિક્સ સાથે ૪૧ રન બનાવ્યા હતા. ગુલબદ્દીન નાયબ ૧૯ રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો.

### થર્ડ અમ્પાયર દ્વારા સેમસનને આઉટ આપવાના નિર્ણયને લઈને ફરી વિવાદ

ઋષભ પંતના નેતૃત્વ હેઠળ, દિલ્હી કેપિટલ્સે આઇપીએલ ૨૦૨૪ ની ૫૬મી મેચમાં રાજસ્થાન રોયલ્સને ૨૦ રને હરાવ્યું, ૨ મહત્વપૂર્ણ પોઈન્ટ મેળવ્યા અને પ્લેઓફ માટે પોતાનું સ્થાન મજબૂત કર્યું. રાજસ્થાન રોયલ્સ તરફથી સંજુ સેમસને ૪૬ બોલમાં ૮૬ રનની ઈનિંગ રમી હતી. સંજુ જ્યાં સુધી બેટિંગ કરી રહ્યો હતો ત્યાં સુધી રાજસ્થાન મેચમાં હતું, પરંતુ રાજસ્થાનનો કેપ્ટન નિર્ણાયક સમયે કેચ આઉટ થયો હતો. જોકે, સંજુ સેમસન કેચ આઉટ થતાં ભારે હોબાળો થયો હતો. આઈપીએલ ૨૦૨૪માં અત્યાર સુધીમાં થર્ડ અમ્પાયરના ઘણા એવા નિર્ણયો આવ્યા છે જેના કારણે ઘણો વિવાદ થયો છે અને સંજુ સેમસનને લઈને થર્ડ અમ્પાયરના નિર્ણયે ફરી એકવાર વિવાદ સર્જ્યો છે. મુકેશ કુમાર રાજસ્થાન રોયલ્સની ઈનિંગ્સની ૧૬મી ઓવર ફેંકવા આવ્યો હતો. તેની ઓવરના ચોથા બોલ પર, સંજુએ ડાઉન ધ ગ્રાઉન્ડ શોટ રમ્યો, પરંતુ બેટ અને બોલ વચ્ચે કોઈ યોગ્ય જોડાણ નહોતું અને તે બાઉન્ડ્રી લાઈન પર શાઈ હોપના હાથે કેચ આઉટ થયો હતો. આ દરમિયાન શાઈ હોપનું સંતુલન ખોરવાઈ ગયું હતું પરંતુ તે આખરે કેચ લેવામાં સફળ રહ્યો હતો. ઓનફિલ્ડ અમ્પાયરે કેચ ક્લિયર છે કે નહીં તે જોવા માટે તેને થર્ડ અમ્પાયર પાસે મોકલ્યો. થર્ડ અમ્પાયરે કેટલાક રિપ્લે જોયા બાદ સંજુ સેમસનને આઉટ જાહેર કર્યો હતો.

# હવે મોટા મહાનગરોમાં એકછેડે થી બીજા છેડે પહોંચવા એર ટેકસી આવશે

## વર્ષ ૨૦૨૬થી એરટેકસી સર્વપ્રથમ દિલ્હી બાદ મુંબઇ અને બેંગ્લોરમાં થશે શરૂ



**અબતક, નવીદિલ્હી**

ભારતમાં ૨૦૨૬ સુધીમાં ઍર-ટેક્સીનું સપનું હકીકત બનવા જઈ રહ્યું છે. સૌથી પહેલી ઍર-ટેક્સી દિલ્હીના બિઝનેસ-હબ કનોટ પ્લેસથી દિલ્હીની ભાગોળે આવેલા ગુરુગ્રામ વચ્ચે ઊડશે. હાલમાં આ બે સ્થળ વચ્ચે કારથી પ્રવાસ કરવામાં એકાદ કલાકનો સમય લાગે છે, પણ ઍર-ટેક્સીમાં એ ઘટીને માત્ર ૭ મિનિટનો થઈ જશે. આ માટે કેલિફોર્નિયાની ઈવોટેલ કંપની આર્ચર એવિયેશને ભારતમાં ઈન્ડિગો ઍરલાઇન્સની માલિક કંપની ઈન્ટરગ્લોબ એવિયેશન સાથે જોઈન્ટ વેન્ચર શરૂ કરવાની જાહેરાત કરી છે. આ કંપની રોજ કેટલી ટ્રિપ ઉડાવવી અને એનો ખર્ચ કેવી રીતે ઓછો કરવો એના પર કામગીરી કરી રહી છે. ઈવોટેલ ઇલેક્ટ્રિક વર્ટિકલ ટેકઑફ ઍન્ડ લેન્ડિંગનું શોર્ટ ફોર્મ છે. ઍર-ટેક્સીની આ સફર સસ્તી નહીં હોય, કારણ કે આ કંપની ૭ મિનિટની રાઇડનો ચાર્જ આશરે ૩૦૦૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ રાખશે, જે હાલના ઉબરના એક તરફના ભાડાની સરખામણીમાં પાંચ ગણી રકમ છે. આ ઍર-ટેક્સી હેલિકોપ્ટરની જેમ ઊડશે અને એમ જ ઊતરશે, પણ એ ઈલેક્ટ્રિક હોવાથી પ્રદૂષણ નહીં કરે.

કાર દ્વારા કનોટ પ્લેસ અને ગુરુગ્રામ વચ્ચે ૨૭ કિમીની મુસાફરીનો ખર્ચ અંદાજે ૧૫૦૦ રૂપિયા છે. તેને પૂર્ણ કરવામાં લગભગ ૧.૩૦ કલાક લાગે છે. ટ્રાફિકની સ્થિતિને કારણે આ સમય વધુ વધી શકે છે. એર ટેક્સી સેવાનો ઉદ્દેશ્ય મુસાફરોને માત્ર ૭ મિનિટમાં કનોટ પ્લેસ ગુરુગ્રામ પહોંચવાનો છે. તેનું ભાડું ૨ હજારથી ૩ હજાર રૂપિયાની આસપાસ હોઈ શકે છે. ઈન્ડિગો અને આર્ચર મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, એરક્રાફ્ટ ઓપરેટ કરવા અને ફંડિંગ માટે સાથે મળીને કામ કરશે. આ પ્રોજેક્ટ હેઠળ, બંને કંપનીઓ સારી કામગીરી માટે પાઈલોટ્સ અને અન્ય કર્મચારીઓને તાલીમ આપવા માટે સાથે મળીને કામ કરશે. ઈન્ટરગ્લોબ ગ્રુપના એમડી રાહુલ ભાટિયા અને આર્ચર સીસીઓ નિખિલ ગોયલે ગુરુવારે પ્રસ્તાવિત ભાગીદારી રચવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.

ભારતમાં ૨૦૨૬ સુધીમાં પ્રથમ એર-ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે. જો કે, હવે માત્ર બંને કંપનીઓ વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને તેને ઘણા જુદા જુદા તબક્કામાંથી પસાર થવું પડશે. શહેરી હવાઈ ટેક્સીઓ ઉપરાંત, બંને કંપનીઓ કાર્ગો, લોજિસ્ટિક્સ, મેડિકલ અને ઈમરજન્સી સેવાઓ તેમજ ખાનગી કંપની અને ભારતમાં ઈલેક્ટ્રિક એરક્રાફ્ટ માટે ચાર્ટર સેવાઓ સહિત અન્ય ઘણા પ્રોજેક્ટ્સ પર એકસાથે આગળ વધવાની યોજના ધરાવે છે. ત્યારે વર્ષ ૨૦૨૬ થી એસ ટેકસી ઉપલબ્ધ થશે જે દિલ્હી બાદ મુંબઈ અને બેંગ્લોરમાં લોન્ચ કરાશે.


# ન હોઈ... ૨૦૦ માર્કના પેપરમાં વિદ્યાર્થીનીને ૨૧૨ માર્ક મળ્યા!!!

## સંકલન દરમિયાન ક્ષતિ સર્જાતા રિઝલ્ટ સુધારી અપાયું

**અબતક, અમદાવાદ**

ગુજરાતના દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાની પરીક્ષાના પરિણામોમાં એક નાનકડી ભૂલે વિવાદ જગાવ્યો છે અને શિક્ષણ પ્રણાલીની અખંડિતતા અંગે ચિંતા ઊભી કરી છે. વર્ગ ૪ ની વિદ્યાર્થીની વંશીબેન મનીષભાઈએ તેનું પરિણામ પત્રક મેળવ્યું અને તેને બે વિષયમાં મળેલા માર્કસ જોઈને આશ્ચર્ય થયું. જ્યારે તેણે ગુજરાતીમાં ૨૦૦ માંથી ૨૧૧ માર્ક્સ મેળવ્યા હતા, ત્યારે સ્કોરશીટમાં તેને ગણિત વિષયમાં ૨૦૦ માંથી ૨૧૨ માર્ક્સ દર્શાવવામાં આવ્યા હતા.

જોકે બાદમાં પરિણામ તૈયાર કરતી વખતે ભૂલ થઈ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ, ગુજરાતીમાં ૨૦૦ માંથી ૧૯૧ અને ગણિતમાં ૨૦૦ માંથી ૧૯૦ માર્કસ આપીને સુધારેલી પરિણામ પત્રક બહાર પાડવામાં આવી. સાથે જ અન્ય વિષયોના માર્કસમાં પણ કોઈ ફેરફાર થયો નથી. શાળા દ્વારા જાહેર કરાયેલા નવા પરિણામમાં વંશીબેનને ૧૦૦૦માંથી ૯૩૪ માર્ક્સ મળ્યા છે. આ ભૂલે ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. વાસ્તવમાં, જ્યારે વંશીબહેને ગર્વભેર તેમનું પરિણામ તેમના પરિવાર સાથે શેર કર્યું ત્યારે દરેકને ખૂબ જ આશ્ચર્ય થયું હતું, પરંતુ પાછળથી નજીકથી તપાસ કરતાં ભૂલો જણાઈ હતી, જે પછી સ્કોરશીટમાંના માર્કસને સુધારીને નવી સ્કોરશીટ જારી કરવામાં આવી હતી. આ ભૂલના જવાબમાં, જિલ્લા શિક્ષણ અધિકારીઓએ ભૂલનું કારણ નક્કી કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે તપાસ શરૂ કરી છે.



શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

| ક્રમ | વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ગ્રેડ | વિષયના સંદર્ભમાં નોંધ |
|---|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | 200 | 211 | A | |
| 2 | ગણિત | 200 | 212 | A | |
| 3 | પર્યાવરણ | 200 | 169 | A | |
| 4 | હિન્દી | 100 | 94 | A | |
| 5 | અંગ્રેજી | 100 | 95 | A | |
| 6 | | | | | |
| 7 | | | | | |
| 8 | વ્યક્તિત્વ વિકાસ | 200 | 175 | A | |
| | કુલગુણ અને એકંદર ગ્રેડ | 1000 | 956 | A | 93.4 |

તારીખ:- 4/5/2024

# માખણ કે દેશી ગાયનું ઘી કેનું સેવન ઉત્તમ?

**અબતક, નવીદિલ્હી**



શું તમે વિચારી રહ્યા છો કે ક્રિસ્પી ટોસ્ટમાં ઘી કે માખણ ઉમેરવું? તે વિશે બધું અહીં જાણો. ઘી અને માખણ બંને ગાયના દૂધમાંથી મેળવવામાં આવે છે અને તેનો સામાન્ય રીતે રસોઈમાં ઉપયોગ થાય છે. જો કે, એક પ્રશ્ન જે વારંવાર ચર્ચામાં આવે છે તે એ છે કે કયો સ્વાસ્થ્યપ્રદ છે? ઉત્પાદન, પોષણ અને આરોગ્યપ્રદતાના સંદર્ભમાં ઘી અને માખણ વચ્ચેના તમામ તફાવતો, આ ઉત્પાદનો સાથે સંકળાયેલા જોખમો સાથે અહીં દરેક વ્યક્તિએ જાગૃત હોવા જોઈએ.

### દેશી ઘી અને માખણ

ઘી અને માખણ બંને ગાયના દૂધમાંથી મેળવવામાં આવતા હોવાથી, તેમની પોષક રૂપરેખાઓ અને ચરબીની સામગ્રી ખૂબ સમાન છે. જો કે, ઘીમાં માખણ જેવું જ ડેરી પ્રોટીન હોતું નથી, જે ડેરી ઉત્પાદનોને સારી રીતે સહન ન કરતા લોકો માટે તે વધુ સારી પસંદગી બનાવે છે.

### શું ઘી કે માખણ કોઈ રોગ અટકાવી શકે છે?

ઘી અને માખણ બંનેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ વધુ હોય છે, જે વધુ પડતા સેવનથી હૃદયરોગના જોખમમાં વધારો કરે છે. જો કે, જર્નલ ઓફ આયુર્વેદ એન્ડ ઈન્ટીગ્રેટિવ મેડિસિનમાં પ્રકાશિત થયેલા સંશોધનો સૂચવે છે કે ઘી કેટલાક સ્વાસ્થ્ય લાભો ધરાવે છે અને સંયમિત માત્રામાં સેવન કરવામાં આવે તો તે અમુક રોગોને રોકવામાં મદદ કરી શકે છે. જે લોકો વધુ ઘી અને ઓછા સરસવના તેલનું સેવન કરે છે તેઓમાં તંદુરસ્ત લોહીમાં ચરબી અને કોલેસ્ટ્રોલનું સ્તર હતું, જેમાં એલડીએલ (ખરાબ) કોલેસ્ટ્રોલનું નીચું સ્તર અને એચડીએલ (સારા) કોલેસ્ટ્રોલનું ઉચ્ચ સ્તર હતું. ઘીમાં દૂધની ખાંડ અને પ્રોટીનનું સ્તર પણ ઓછું હોય છે, જે તેને લેક્ટોઝ અસહિષ્ણુતા ધરાવતા લોકો માટે યોગ્ય પસંદગી બનાવે છે. ઘીમાં બ્યુટીરેટ એસિડ હોય છે, જે પાચન પ્રક્રિયાને વધુ સરળ બનાવે છે.

### ઘી શું છે?

માખણની જેમ, ઘી સામાન્ય રીતે ગાયના દૂધમાંથી બનાવવામાં આવે છે. ઘી નિયમિત માખણને ઉકાળીને, તેને પ્રવાહી ચરબી અને દૂધના ઘન પદાર્થોમાં અલગ કરીને બનાવવામાં આવે છે. પછી દૂધના ઘન પદાર્થોને દૂર કરવામાં આવે છે, પરિણામે માખણ કરતાં ઓછા લેક્ટોઝ સાથેનું ઉત્પાદન થાય છે. ઘીનો ઉપયોગ રસોઈના તેલ તરીકે, વાનગીઓમાં એક ઘટક અને આયુર્વેદમાં સારવાર માટે થાય છે. તેનો ઉપયોગ હજુ પણ આયુર્વેદિક મસાજમાં થાય છે અને બર્ન્સ અને ફોલ્લીઓની સારવાર માટે હર્બલ મલમના આધાર તરીકે થાય છે.

### ઘી કેવી રીતે બને છે?

ઘીને અન્ય પ્રકારના શુદ્ધ માખણ કરતાં વધુ સમય સુધી ગરમ કરવામાં આવે છે, જે તેને વધુ મજબૂત અને પોષક સ્વાદ આપે છે. તેમાં પ્રમાણભૂત શુદ્ધ માખણ કરતાં વધુ બળવાનું તાપમાન પણ છે, જે તેને તળવા અથવા શેકવા માટે આદર્શ બનાવે છે. તમે નિયમિત અનસોલ્ટેડ બટરનો ઉપયોગ કરીને ઘરે ઘી બનાવી શકો છો. ફક્ત માખણને ધીમે ધીમે ઓગાળો, સપાટી પર સ્થાયી થયેલા કોઈપણ ઘન પદાર્થોને દૂર કરો, અને જ્યાં સુધી દૂધના તમામ ઘન તળિયે નમી જાય અને પ્રવાહી સ્પષ્ટ ન થાય ત્યાં સુધી માખણને રાંધવાનું ચાલુ રાખો. થોડી વધુ મિનિટો સુધી રાંધવાનું ચાલુ રાખો જ્યાં સુધી તપેલીના તળિયેનું દૂધ બ્રાઉન ન થઈ જાય. પ્રવાહીને જાર અથવા બોટલમાં રેડો અને તેને ઠંડુ થવા દો અને સ્થિર થવા દો.

# બુકી બજારે ભાવ ખોલ્યા: તમામ ૨૫ બેઠકો ભાજપની ઝોળીમાં!!

## લોકસભાની ૨૯૭ બેઠકો પર કમળ ખીલશે જયારે ૬૭ પર પંજાનો કબ્જો: બુકી આલમનું અનુમાન



અબતક, રાજકોટ

દેશમાં ચૂંટણીની મોસમ પૂર બહારમાં ખીલી છે. નેતાઓ-ઉમેદવારો અને પક્ષ એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. ત્રણ તબક્કાનું મતદાન પૂર્ણ થઇ ચૂક્યું છે અને હજુ અન્ય ચાર તબક્કાનું મતદાન યોજાનાર છે. રાજ્યમાં ગત રોજ કુલ ૨૬ લોકસભા બેઠક પૈકી ૨૫ બેઠક પર મતદાન પૂર્ણ થઇ ચૂક્યું છે (સુરત બેઠક બિનહરીફ જાહેર). ત્યારે હવે બુકી બજારે તમામ બેઠકના ભાવ ખોલી દેતા રાજ્યની તમામ ૬૨૫ લોકસભા બેઠક પર ભાજપ હોટ ફેવરીટ હોવાથી બુકી આલમના અનુમાન અનુસાર રાજ્યની તમામ લોકસભા બેઠક ફરીવાર ભાજપની ઝોળીમાં જઈ રહી છે. જયારે દેશની કુલ ૨૯૭ બેઠક પર કમળ ખીલશે તેવું બુકી બજાર માની રહ્યું છે.

બુકી આલમમાંથી પ્રાપ્ત વિગત અનુસાર લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપ મને સ્પષ્ટબહુમતી મળી રહી છે. બુકી આલમના આંકડાકીય અનુમાન અનુસાર દેશની ૨૯૭ બેઠક પર કમળ ખીલી રહ્યું છે. બુકી આલમના જણાવ્યા અનુસાર દેશની ૨૯૭ બેઠક પર ભાજપ હોટ ફેવરીટ છે જેના જીતના ભાવ ૮૦ પૈસા ચાલી રહ્યો છે જયારે ૨૯૪ બેઠક ન આવે તેના ભાવ ૧૨૦ પૈસા ચાલી રહ્યો છે. જેથી બુકી આલમ ભાજપની ૨૯૭ બેઠક ગણી રહ્યાનું જણાવી રહ્યું છે.

જયારે કોંગ્રેસ આ ચૂંટણીમાં પણ દેશમાં હાંસિયામાં ધકેલાઈ રહ્યાનું બુકી આલમ જણાવી રહ્યું છે. અનુમાન અનુસાર દેશની ૬૭ બેઠક પર કોંગ્રેસ હોટ ફેવરીટ હોય અને તેના ભાવ પણ ૮૦ પૈસા બોલાઈ રહ્યા છે જયારે ૬૪ બેઠક નહિ આવવાનો ભાવ ૧૨૦ પૈસા બોલાઈ રહ્યો છે.

દેશના તમામ રાજ્યોની જા` વાત કરવામાં આવે તો ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર કમળ ખીલશે તેવો આંકડો બુકી બજારે જાહેર કર્યો છે. સુરત બેઠક ભાજપ માટે બિનહરીફ જાહેર થયાં બાદ હવે રાજ્યની ફક્ત ૨૫ બેઠક પર જ જંગ છે ત્યારે તમામ બેઠક ભાજપના ફાળે જશે તેવું બુકી બજારનું અનુમાન છે. તમામ બેઠક પર ભાજપની જીતનો ભાવ ૮૦ પૈસા છે જયારે તમામ બેઠક નહિ આવવાનો ભાવ ૧૨૦ પૈસા બોલાઈ રહ્યો છે. અન્ય રાજ્યોમાં ભાજપની બેઠકની જો વાત કરવામાં આવે તો રાજસ્થાનમાં ભાજપના ફાળે ૧૯ બેઠક, મધ્યપ્રદેશમાં ૨૯ બેઠક, પશ્ચિમ બંગાળમાં ૨૨ બેઠક, ઝારખંડમાં ૧૧ બેઠક, ઓડિશામાં ૧૧ બેઠક, ઉત્તરપ્રદેશમાં ૬૫ બેઠક, હરિયાણામાં ૬ બેઠક, દિલ્હીમાં ૭ બેઠક, બિહારમાં ૧૫ બેઠક, અસમમાં એનડીએને ૧૨ બેઠક ભાજપના ફાળે જઈ રહી હોય તે મુજબ ભાજપ ઉપરોક્ત બેઠકો પર ભાજપ હોટ ફેવરીટ છે.

### બુકી બજારમાં ભાજપ માટે 'લગાડવાનો અને ખાવાનો' ભાવ શું?

આ રાજ્યોમાં બુકી બજારની ભાષામાં 'થાય કે નો થાય' એટલે કે 'લગાડવાનો અને ખાવાનો' ભાવની જો વાત કરવામાં આવે તો ગુજરાતમાં ૨૬ આવવાના ૮૦ પૈસા અને નહિ આવવાના ૧૨૦ પૈસા જયારે ઉત્તરાખંડમાં પાંચેય બેઠક આવવાના ૫૦ પૈસા અને નહિ આવવાના ૭૦ પૈસા, તેલંગણામાં તમામ છ બેઠક આવવાના ૮૦ પૈસા જયારે નહિ આવવાના ૧૨૦ પૈસા, હિમાચલ પ્રદેશમાં તમામ ૪ બેઠક આવવાના ૬૦ પૈસા જયારે નહિ આવવાના ૯૦ પૈસા, તમિલનાડુમાં તમામ ત્રણ બેઠક આવવાના ૮૦ પૈસા અને નહિ આવવાના ૧૨૦ પૈસા અને પંજાબની બંને બેઠકો આવવાના પણ ૮૦ પૈસા અને નહિ આવવાનો ભાવ ૧૨૦ પૈસા છે. આ એવા રાજ્યોનો ભાવ છે જ્યાં ભાજપ તમામ બેઠક જીતી રહ્યું છે. ઉલ્લેખનીય બાબત છે છે કે, બુકી બજારની ભાષામાં જીત પરના દાવને 'લગાડ્યા' અને હાર પરના દાવને 'ખાધા' કહેવામાં આવે છે.

### ગુજરાત સહિત ૬ રાજ્યોમાં ભાજપ ક્લિનસ્વીપ કરશે!!

બુકી બજારના અનુમાન મુજબ ભાજપ ગુજરાત સહીત કુલ ૬ રાજ્યોમાં ક્લીનસ્વીપ કરી રહ્યું છે. જેમાં ગુજરાતની તમામ ૨૬ બેઠક ઉપરાંત ઉત્તરાખંડની પાંચેય બેઠક, તેલંગણાની ૬ બેઠક, હિમાચલપ્રદેશની ૪ બેઠક, તમિલનાડુની ૩ બેઠક અને પંજાબની બંને લોકસભા બેઠક ભાજપના ફાળે જઈ રહ્યાનું અનુમાન છે.

**બુકી બજારના અનુમાન અનુસાર ક્યાં રાજ્યમાં ભાજપને કેટલી બેઠક?**

| રાજ્ય | બેઠક |
|---|---|
| ગુજરાત | ૨૬ |
| રાજસ્થાન | ૧૯ |
| મધ્યપ્રદેશ | ૨૯ |
| ઉત્તરાખંડ | ૫ |
| પશ્ચિમ બંગાળ | ૨૨ |
| ઝારખંડ | ૧૧ |
| પંજાબ | ૨ |
| ઓડિશા | ૧૨ |
| તમિલનાડુ | ૩ |
| ઉત્તરપ્રદેશ | ૬૫ |
| હરિયાણા | ૬ |
| હિમાચલ પ્રદેશ | ૪ |
| દિલ્હી | ૭ |
| તેલંગણા | ૬ |
| અસમ (એનડીએ) | ૧૨ |
| બિહાર | ૧૫ |

## આજે વિશ્વ થેલેસેમીયા દિવસ

# સિવિલ હોસ્પિટલમાં દર માસે ૭૫૦ થી વધુ થેલેસેમિયા દર્દી માટે નિ:શુલ્ક લોહીની વ્યવસ્થા

### દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા થેલેસેમીક બાળકોને રમકડાં અર્પણ કરાયા





તસવીર: નિશીત ગઢીયા

### દર્દીની સારવારની વ્યવસ્થા માટે પંદર દિવસે થશે સમીક્ષા: સિવિલ અધિક્ષક



વર્લ્ડ થેલેસેમીયા દિવસ અંતર્ગત સિવિલ હોસ્પિટલના અધીક્ષક આર એસ ત્રિવેદી દ્વારા આપવામાં આવેલી માહિતીમાં જણાવેલું હતું કે સિવિલ હોસ્પિટલ ખાતે થેલેસેમીયાના દર્દીઓને સુગમ સેવા પૂરી પાડવા માટે અલગ પ્રકારનો એક વોર્ડ ફાળવવામાં આવ્યો છે અને આ વોર્ડ ની કામગીરી માટે એક નોડલ ઓફિસરની પણ નિમણૂક કરવામાં આવી છે જે અધિકારી વોર્ડ અંગે સતત સિવિલ અધિક્ષક સાથે સંકલનમાં રહીને યોગ્ય કામગીરી કરી રહ્યા છે. સિવિલ અધ્યક્ષક દ્વારા દર ૧૫ દિવસે થેલેસેમીયાના દર્દીઓ માટેની સેવા અંગેની મીટીંગ રાખવામાં આવે છે અને તે મિટિંગમાં થેલેસેમીયા દર્દીઓની સારવાર અંગેના આંકડા અને સુવિધા અંગે રિપોર્ટ મેળવવા આવે છે. સિવિલ હોસ્પિટલમાં દર મહિને ૭૫૦ વધુ દર્દીઓને લોહી ટ્રાન્સફર કરાવવામાં આવે છે આ માટે બ્લડ બેંક દ્વારા દર્દી સાથે સંકલન. રાખી સમયસર સારવાર મળે તેવા પ્રયત્ન કરવામાં આવે છે.સિવિલ હોસ્પિટલમાં ગત જાન્યુ આરીમાં ૨૯૦, ફેબ્રુઆરીમાં ૨૮૩ ,માર્ચમાં ૩૦૭ એમ ત્રણ માસમાં કુલ ૮૭૦ થી વધુ થેલેસેમીયાથી પીડાતા બાળ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.જ્યારે ૧૧૫૬ થી વધુ યુવા દર્દીને છેલ્લા ત્રણ મહિનામાં બ્લડ ટ્રાન્સફરની સારવાર આપવામાં આવી છે.આમ ગત ત્રણ માસમાં કુલ ૨૦૦૦ થી વધુ દર્દીને સારવાર આપવામાં આવી છે.

### થેલસેમીયાથી પુત્રના મૃત્યુ બાદ હસમુખભાઈએ ઝુંબેશ શરૂ કરી: અનુપમભાઈ



દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના અનુપમભાઈ દોશીએ જણાવ્યું કે, આજરોજ તા. ૮ મી મે ને સમગ્ર દેશ અને દુનિયા વિશ્વ થેલેસેમિયા દિવસ તરીકે ઉજવે છે. રાજકોટમાં વિવેકાનંદ યુથ ક્લબ પ્રેરિત થેલેસેમિયા જનજાગૃતિ સમિતિના માધ્યમથી છેલ્લા ૨૫ વર્ષથી થેલેસેમિયાના બાળકો અને વાલીઓને હૂંફ મળે અને સમાજ તેમની સાથે છે એવી પ્રતીતિ કરાવવાના હેતુથી અમારા ટ્રસ્ટ દ્વારા અનેક કાર્યક્રમો કરવામાં આવે છે. તાજેતરમાં જ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલને નવા બનેલા ઝનાનામાં શિફ્ટ કરવામાં આવી છે.ઝનાના હોસ્પિલમાં ખૂબ જ સારો એવો થેલેસેમિયાના બાળકો માટેનો વોર્ડ પણ બન્યો છે. એક સાથે ૩૬ જેટલા બાળકોનું બ્લડ ટ્રાન્સફ્યુશન માટેની ખૂબ જ સારી એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સારવાર દરમિયાન બાળક પ્રવૃત્તિશીલ રહે અને આનંદ સાથે સમય પસાર કરી શકે એવા હેતુ સાથે આજ વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ રાચ્છના સૌજન્યથી બાળકોને રમકડાં અર્પણ કરવામાં આવ્યા છે આ સાથે જ બાળકોને કપડાંનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. ઈ.સ. ૧૯૯૦ માં ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ રાચ્છના પુત્ર જતીનનું થેલેસેમિયાની

### એલ.આર મશીન ધરાવતી એકમાત્ર સિવિલ હોસ્પિટલ

થેલસેમીયાના દર્દીઓને સુવિધા પૂરી પાડવા માટે સિવિલ હોસ્પિટલ હમેશા સજ્જ રહી છે ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલએ એલ.આર. મશીન ધરાવતી એકમાત્ર હોસ્પિટલ છે જે દર્દીઓને શુદ્ધ લોહી પૂરું પાડવા માટે ની લોહીનું શુદ્ધિકરણ કરવાનું કામ કરે છે. એલ.આર.મશીન એ શ્વેતકણ ને શુદ્ધ કરવાનું કામ કરે છે. ચેરીટેબલ સંસ્થાઓની મદદથી સિવિલ હોસ્પિટલ ખાતે એલ.આર. મશીન ઉપલબ્ધ થતા દર્દીઓની હાલાકી દૂર થઈ છે

અબતક, રાજકોટ

૮ મે ને વિશ્વ થેલેસેમીયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે થેલેસેમિયા રોગ ધરાવતા દર્દીના લોહીમાં હિમોગ્લોબીનની ઉણપ હોય છે.આ હિમોગ્લોબિનની ઉણપના કારણે એનિમિયા જેવા રોગ અને થાક લાગવાના કારણો માટે જવાબદાર છે.આ રોગથી પીડિત લોકોને વારંવાર લોહી ચઢાવવાની જરૂર પડતી હોય છે ત્યારે થેલેસેમીયા દિવસની દર વર્ષે સિવિલ હોસ્પિટલમાં થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિ દ્વારા જનાના હોસ્પિટલમાં આઠમા માળે આવેલા થેલેસેમીયા વોર્ડમાં થેલેસેમીયા પીડિત બાળકો માટે રમકડા વિતરણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રક્ત જેમનો ખોરાક છે તેવા રાજકોટની સરકારી હોસ્પિટલના થેલેસેમીયા વોર્ડમાં બ્લડ ચડાવવા માટે રોજ આવતા થેલેસેમિક બાળકોને ઉપયોગી થાય બાળકોના જીવનમાં આનંદનો ઉજાસ પાથરવાના શુભાશયથી દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી શ હસમુખભાઈ રાચ્છના સહિતના આગેવાનો દ્વારા બાળકોને મનગમતા રમકડા અર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# નેમ(નામ) ન્યુમોરોલોજીની વાસ્તવિક જીવનમાં અસર

**-:: એપિસોડ ૮ ::-**
**અંકવિજ્ઞાન પ્રગતિનું સરનામું**

અંકશાસ્ત્ર એ વ્યક્તિની આંતરદષ્ટિ જાણવા માટેનું અવિશ્વસનીય વિજ્ઞાન છે, જે સંખ્યાઓમાં છુપાયેલા તાર્કિક રહસ્ય સાથે કામ કરે છે. તે વ્યકિત ના જન્મ નંબર, ભાગ્ય નંબર વગેરે સાથે છુપાયેલા જોડાણ ને ઊંડા સ્તરે જાણવામાં મદદ કરી શકે છે.

ન્યુમોરોલોજીના સિદ્ધાંતો અનુસાર વ્યક્તિ ની જન્મ તારીખ અને તેના નામ ને સંરેખિત કરવાથી વ્યક્તિ ભાગ્યશાળી બની અને જીવનમાં સફળતાઓ મેળવી શકે છે. અંકશાસ્ત્ર અનુસાર, વ્યક્તિની જન્મતારીખ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તે વ્યક્તિના જીવન ના તમામ સ્તરો અને તબક્કાઓ નિર્દેશિત કરીને જીવનમાં અનિવાર્ય તથા કઠિન નિર્ણય લેવા માટે ના યોગ્ય પગલા ઓ ભરવા માટે આંતરદષ્ટિ કરે છે.

જાણીતા ન્યુમેરોલોજિસ્ટ MasterJinals ના મતે દરેક વ્યક્તિના જીવન માં અંક નું મહત્વ હોય છે . અંકકુંડલી સાથે નેમ (નામ) ન્યુમોરોલોજી નો વિશેષ સંબંધ છે અને તે જીવનમાં ખૂબ જ અસર કરે છે . જન્મ થયા પછી આપણું નામકરણ કરવામાં આવે છે . વ્યક્તિ ની સાથે નામ જન્મ થી મૃત્યુ સુધી જોડાયેલું હોય છે અને તે વાસ્તવિક જીવનમાં ખુબ અસર કરે છે .

આપણી જન્મતારીખ, મૂળાંક અને ભાગ્યાંક આપણે નથી બદલી શકતા . કાર નંબર, હાઉસ નબર, મોબાઈલનો પિન નંબર આ બધા નંબરો આપણે બદલી શકીએ છીએ સાથો સાથ નામ પણ બદલી શકીએ છીએ.

જાણીતા ન્યુમેરોલોજિસ્ટ MasterJinals ના મતે નેમ (નામ) ન્યુમોરોલોજીનું વિશેષ મહત્વ છે અને તેની જીવન માં ખૂબ જ અસર જોવા મળે છે તો તેના માટે શું શું કરવું તથા તેના ઉપાયો આજ ના એપિસોડ ના પ્રસારણ માં વિગતવાર જણાવેલ જે આજે સાંજે ૭: ૩૦ કલાકે પ્રસારિત થશે.



Business Name , Baby Name, Name ને આપણા લકી નંબર પર સેટ કરી આપણું લકી ફેક્ટર વધારી શકીએ છીએ. કોઇ પણ વ્યક્તિ જન્મે ત્યારે તેની પાસે જન્મતારીખ તો હોય છે અને ત્યાર પછી તેને સૌથી પહેલા નામ આપવામાં આવે છે .વ્યક્તિના જન્મ થી લઈને મૃત્યુ સુધી તેની સાથે સતત તેનું નામ જોડાયેલું હોય છે તેમજ નામ ના વાઈબ્રેશન જેડાયેલા હોય છે જે સૌથી વધારે મહત્વનો ભાગ ભજવે છે.

નામ નો ટોટલ શું થાય છે?નામ માં કેટલા આલ્ફાબેટ આવે છે? તમારું નામ ની કયાં લેટરથી શરૂઆત થાય છે? આ બધા જ પાસાઓ ને ખૂબ સારી રીતે જોવા માં આવે છે અને પછી નેમ ન્યુમોરોલજી નો ઉપયોગ કરી ને નામ સેટ કરવામાં આવે છે .

નામ મૂળાંક અને ભાગ્યાંક સાથે જોડાયેલું હોય તો તેવા વ્યક્તિ ના જીવનમાં સંઘર્ષ ઓછો જોવા મળે છે તેવા લોકો ને મેહનત તો કરવી જ પડે છે પણ જીવન માં ઉતાર ચઢાવ ઘણા ઓછા આવતા હોય છે. નામ બદલાવથી સકારાત્મક અને નકારાત્મક અસર થતી હોય છે . આપણે જોયું કે જી ૨૦ સમિટમાં INDIA નું નામ BHARAT કરવામાં આવ્યું હતું .

આપણે ઘણી વખત

(અનુ. આઠમા પાને)




### અંકવિજ્ઞાનમાં નેમ (નામ) ન્યુમોરોલોજીનું વિશેષ મહત્વ

"અંકવિજ્ઞાન" : પ્રગતિનું સરનામું માં "શું છે ભાગ્યાંક" LIVE નિહાળો

અબ તક CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

YouTube Live
f LIVE
@abtakmedia

અબતક દ્વારા પ્રસારિત થતો વિશેષ કાર્યક્રમ "અંકવિજ્ઞાન" : પ્રગતિનું સરનામું માં "શું છે ભાગ્યાંક" એપિસોડ જુઓ લાઈવ આજે સાંજે ૭.૩૦ કલાકે

# દર વર્ષે વૈશાખ સુદ એકમથી સાડાત્રણ દિવસ ઉપવાસ કરે છે કાઠી દરબાર

**અબતક-રણજીતસહિં ધાંધલ-ચોટીલા**

ભારતિય સંસ્કૃતિમાં આપણાં ભૂતકાળની ઐતિહાસિક ઘટનાનાં સંસ્કાર જીવંત રાખવા માટે તિથી, પર્વ, તહેવારોનું ખુબજ મહત્વ છે, તેવા જ આજે સૌરાષ્ટ્ર એટલે કાઠિયાવાડમાં વસતા કાઠીદરબારો વર્ષો પૂર્વની ઘટનાંને યાદ કરી દર વષેની વૈશાખ સુદ એકમથી ચોથનાં બપોરે પારણાં કરી સાડાત્રણ દિવસનાં ઉપવાસ વિવિધ સુર્યસ્થાને કરે છે, જેમા હજારોની સંખ્યામાં ચોટીલા પાસે આવેલ નવાસુરજદેવળ તેમજ થાનગઢ પાસે આવેલ જૂના સુરજદેવલ સ્થાને ઉપવાસીઓ જોવાં મળે છે, ઘણાં લોકો પોતાની અનુકુલતા મૂજબ નજીકનાં આશ્રમોએ અને પોતાનાં ઘરે પણ ઉપવાસ કરતાં હોય છે,

સૂર્ય ઉપાસનાં વૈદિકકાલથી પ્રચલિત છે જેમાં સુર્યને જગતચક્ષુ,જગત આત્મા પણ કહે છે, સુર્ય ઉપાસનાં ૧૧ સદીમાં ભારતમાં ચરમસીમા પર હતી, પ્રભાસક્ષેત્રમાં ૧૨ સુર્યમંદિરો હતાં પણ ધીમે ધીમે સુર્ય ઉપાસનાથી લોકો દૂર થતાં ગયા પણ કાઠી દરબારો આજે પણ સુર્યને ઈષ્ટદેવ તરીકે ઉપાસનાં કરે છે,

કચ્છમાં કાઠીઓની જામ અબડાજી સાથે હાર થતાં દેશ છોડવાની ફરજ પડી અને વાળોજી થાનની બાજુમાં પડાવ નાખે છે, ત્યારે વાળોજી સૂર્યને પ્રાર્થના કરતાં બેસી જાય છે કે હે સુરજનારાયણ આપ અમારી વહારે આવો, હે દાદા અમારી રક્ષા કરો, એમ પ્રાર્થના કરતાં





## ૫૦૦૦ વર્ષ પહેલા ભગવાન કૃષ્ણના પુત્રએ સૂર્ય ઉપાસના કરી પોતાના શરીરનો કોઢ મટાડયો હતો

## સુરજદેવળ મંદિરની ઐતિહાસિક કથા

ભારતી લાડલી દિકરી એટલે ગુજરાત તેની જતિ, સતી, સંત, શુરાની જનની સૌરરાષ્ટ્માં એક કલેજા સમાન ભૂભાગ એટલે પાચઋષિઓની તપસ્યા ભૂમી દેવકો પંચાલ, પૌરાણિક કાલથી અહી સુર્ય ઉપાસનાં તો હતી જ, સ્થાન નગરીનાં સ્થાપક કણ્વમૂની લખે છે કે જૂના સુરજદેવલ પાસે આવેલ જિલણીયા તળાવનું સ્નાન, બકુલાર્કનાં દર્શન અને ચોટીલા ચામુંડાની સ્તુતી નો કરો ત્યાં સુધી પંચાલની યાત્રા અધૂરી છે, જયમલભાઇ પરમાર લખેછે કે ૫૦૦૦ વષે પહેલાં ભગવાન કૃષ્ણનાં પુત્ર એ સૂર્ય ઉપાસનાં કરી પોતાનાં શરીરનો કોઢ મટાડ્યો હતો, તે સમયે આ પ્રદેશ સુર્ય ઉપાસનાનો દેશ એટલે સૌરરાષ્ટ નામ હતું, સમય જતાં આ પ્રદેશમાં અંગ્રેજો અને મરાઠાઓ સાથે કાઠીઓને નિરંતર સંઘર્ષ થતા આ પ્રદેશનું નામ કાઠિયાવાડ આપવામાં આવ્યું, સંજોગોવસાત કાઠીઓ વિવિધ સ્થળોએ સ્થાળંતર કરેલ છે પણ પોતાની હાર્દસમાન સુર્ય ઉપાસનાને આજ સુધી ભૂલ્યા નથી, આજથી ૨૫૦૦ વર્ષ પહેલા યાસ્કાચાર્ય એ વેદોનાં શબ્દોનું અર્થઘટન કરવા માટે નિરુક્ત નામનો ગ્રંથ લખ્યો, જેમાં ''કાષ્ઠા'' શબ્દના ચારથી પાંચ સમાનાર્થી શબ્દો લખ્યાં છે જેમા કાષ્ઠા શબ્દનો એક અર્થ સુર્ય પણ કર્યો છે, કાઠીઓ જે સ્થળે નિવાસ કરતાં ત્યાં સૂર્યમંદિર અવશ્ય બંધાવતાં,૧૨ મી સદીમાં કાઠીઓની રાજધાની કંથકોટ (કચ્છ) હતી ત્યાં પણ આજે સૂર્યમંદિરનાં અવશેષો આજે પણ મળે છે,

## સુરજદેવળ મંદિરે ત્રિદિવસીય સૂર્ય ઉપાસનાનો આજથી પ્રારંભ



નવા સુરજ મંદિર મુકામે ઉપવાસ પર્વની ભવ્યથી ભવ્ય ઉજવણી અને તૈયારીઓ સમસ્ત કાઠી સમાજના ઈષ્ટદેવ આસ્થાના કેન્દ્ર અને પવિત્ર પાચળ ભુમીને યાત્રાધામના નવા સુરજદેવળ મંદિરમાં બિરાજમાન ભગવાન સૂર્યનારાયણ દેવના સાડા ત્રણ દિવસના ઉપવાસ પર્વ કાઠી દરબારોમાં મોટામાં મોટો ઐતિહાસિક તહેવાર મુજબ ભગવાન સૂર્યનારાયણના આરાધના પર્વએ આજે થી ઉપવાસ શરૂ થાય છે અને તારીખ ૧૧/ ૫ ને વૈશાખ સુદ ચોથને શનિવારે પારણા કરાવશે ઉપવાસના આજે પ્રથમ દિવસે સવારે ૯:૦૦ વાગે નાવાગામ થી ભવ્ય રથયાત્રા જેમાં અસવારો સાથે સૂર્યદેવનો રથ વાજતે. ગાજતે નવા સુરજદેવળ મંદિરે મુકામે પધરામણી કરી છે ત્યારબાદ મોટી સંખ્યામાં કાઠી દરબારો મંદિર ઉપવાસ કરશે તેમજ વિશ્વ કલ્યાણ અર્થે હવન કરવામાં આવશે તારીખ ૧૦ /૫ અને રોજ ગૌશાળા ના લાભાર્થે ભવ્ય લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નામી અનામી ગુજરાતી સુપ્રસિદ્ધ કલાકારો ડાયરાની રમઝટ બોલાવશે.

પણ સૂર્યનો જવાબ નો મળ્યો એટલે છેવટે વાળોજી પોતાનું જીવન ટુંકાવી નાખવાનો વિચાર કર્યો ત્યારે સૂર્યનારાયણે અરધ રાત્રીએ સ્વપનમાં આવીને કહ્યું વાળાજી ચિંતા નો કરીશ હું સુરજ તારી સાથે છુ, તે સ્વપનનો દિવસ હતો વૈશાખ સુદ ચોથ ને રવિવાર અને કહ્યુ વાળાજી સાંભળ સવારે જાગીને જોજે સુંદડીને મોડીયો પડ્યાં હશે, સોનાની સાંગ હશે, બોરડીના પાંદડે પાંદડે લીલા ઘોડેસ્વાર તને દેખાય તો આ વાતને સાચી માનજે આ સ્વપન જયારે સાચુ ઠર્યુ ત્યારે વાળાજીનાં એક એક રોમમાંથી શકિતસ્તરોત વહેવા લાગ્યો અને ગદગદ કંઠે સુરજ નારાયણને વિનવા લાગ્યા કે વાહ દાદા અંતે અમારી લાજ રાખી ,તે યુધ્ધમાં સુર્યની સહાયથી વાળાજીની જીત થઇ અને કાઠીઓ સ્થાયી થયાં અને કાઠિયાવાડની સ્થાપનાં કરી.

## સવંત ૧૯૯૧ને વૈશાખ સુદને ૧૧ના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઇ

આજનુ જૂના સુરજદેવલ ત્યાર પછી નવા સુરજદેવલ નુ નિર્માણ સંવત ૧૯૯૧ નાં વૈશાખ સુદી ૧૧!! નાં શુભ દિવસે નવા સુરજદેવલ રવિરાંદલની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી, માટે તિથી પર્વ એટલે સંકટ સમયે દાદાએ વહાર કરી, અને પ્રસન્ન થયેલા એની યાદગારરુપે આજે પણ કાઠીઓ સૂર્ય નારાયણનાં સાડાત્રણ દિવસનાં ઉપવાસ કરે છે અને પ્રાર્થના કરે છે કે હે દાદા ભૂતકાળમાં અમારી સહાય કરી હતી તેવી કૃપા અમારા ઉપર કાયમને માટે રાખજો, હે દાદા અમારા સંકટ સમયે વહાર કરજો, હે દાદા અમારા ભકિત, દાતારી, શોર્યતાના ગુણ સદાને માટે જીવંત રાખજો, હે દાદા અમારા કુલની પવિત્રતા, તેજસ્વીતાં, મર્યાદા સદાને માટે રાખજો, અમારા નૈતિક મૂલ્યો અને આપની શ્રધ્ધા કાયમને માટે રાખજો આવી મનોમન ચિંતન ,મનન સાડાત્રણ દિવસ કરી ચોથનાં દિવસે પારણાં કરી બધા ઉપવાસી પોતાના ઘરે જાય છે, સાડાત્રણ દિવસનાં અન્નત્યાગના ઉપવાસ ઘણા કરે છે તે શારિરીક દ્રષ્ટિએ સારુ છે તેમજ તેના કારણે સતત મન જોડાયેલુ રહે, પરંતુ જેને શારિરીક અક્ષમતા છે તેને અન્નત્યાગ ઉપવાસ ન કરે અને મનથી ઉપવાસ કરે તો પણ ચાલે માટે ઉપવાસ નો એક બીજો અર્થ પણ છે, ઉપ+વાસ એટલે મનોમન પોતાના ઈષ્ટ શ્રધેય સાથે નજીક વાસ કરવો એટલે ઉપવાસ ,સાડાત્રણ દિવસ સતત સૂર્યનારાયણ સાથે મનોમન જોડાણ રાખવુ તેને પણ ઉપવાસ કહેવાય છે, સારાંશમા કહીએ તો પૂર્વજની ગાથા આપણા સ્મૃતિ પટ ઉપર હંમેશા રમતી હોય છે, ઉપવાસ ક્યારથી શરુ થયા તે બાબત વિશે મતમતાંતર છે પરંતુ ભૂતકાળમાં દાદાએ કાઠીઓને મદદ કરેલ તે ભાવનાને કેમ ભૂલી શકાય?? માટે એમ પણ કહેવાય છે કે આજથી ૭૦ થી ૮૦ વર્ષ પહેલાં સાથળી કાનબાપુએ સૂર્યનારાયણની ઉપાસના માટે ઉપવાસ કરવાનુ શરુ કર્યું તે તિથી વૈશાખ સુદ ૧ નક્કિ કરવામા આવી, અને ઉપવાસ પર્વ શરુ થયુ.

## સાડા ત્રણ દિવસ ઉપવાસનું મહત્વ

આપણે ઉપવાસ તિથી પર્વ બાબતની વાત કરીએ તો ઘણી ઐતિહાસિક ઘટનાંઓ ગ્રંથસ્થ થયેલ નથી પણ અમુક ઘટનાઓ આપણાં પૂર્વજોની મૌખિક કંઠસ્થ ગાથામાં જીવંત હોય છે, અમુક ઘટનાઓ બારોટની વહીઓમાં સચવાયેલી પડી છે, અમુક બારોટો ભલે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત નોતુ કરેલું પણ તૂટીફટી ભાષામાં પણ ઐતિહાસિક કથાો અને કથાગીત આજે પણ સાચવીને રાખેલ છે તે બદલ આપણે બારોટને ધન્યવાદ આપીએ, ઉપવાસ પર્વ કયારથી શરુ થયું, વૈશાખ તિથી કેમ,,? આ બાબત અમુક મતમતાંતરો છે, જોકે તમામ ઐતિહાસિક બાબતમા મતમતાંતર રહેવાના, અમુક એવુ પણ કહેછે કે ૧૭/૧૮ મી સદીમાં સુજાતખાને જૂના સુરજદેવલ ઉપર હુમલો કર્યો અને ઘણા કાઠીઓ વિરગતિ પામ્યા તેની યાદમા આ ઉપવાસ પર્વ ઉજવાય છે, પણ તે યુધ્ધ થયુ તેની સાલ મળે છે પણ તિથી, વાર, તારીખ ,મહિનો આપણને મળતો નથી.

### આજે વિશ્વ થેલેસેમીયા દિવસ

# થેલેસેમિયા પીડિત બાળકો માટે રકતદાન કરવા બડા બજરંગ ફાઉન્ડેશનની હાંકલ

### સંતાનો ૧૮ વર્ષના થાય ત્યારે થેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવવોઃ સંસ્થાના સભ્યોએ લીધી અબતકની મુલાકાત

**અબતક,રાજકોટ**

૮મેને વિશ્વ થેલેસેમીયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. થેલેસેમીયા વિશ્વની સૌથી મોટી ભયંકર બીમારીમાની એક છે. થેલેસેમીયા એક બાળકના માતા-પિતાના કારણે તેના બાળકને આવે છે. થેલેસેમીયા મેજર એ રકતને લગતી બીમારી છે. જેમાં બાળકને રકત બનતુ નથી અને રકત મેળવવા માટે આજીવન ઝઝુમવુ પડે છે. શરૂઆતમાં ૧ મહીને, ત્યારબાદ ૨૫ દિવસ ત્યારબાદ ૨૦ દિવસ, ૧૫-દિવસ, ૧૦-દિવસ એમ ક્રમશઃ જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ રકત ચડાવવાના દિવસો ઘટતા જાય છે. સાથે થેલેસેમીયા મેજરને દરરોજ ૧૦ થી ૧૫ ટેબલેટ પીવાની હોય છે. રાજકોટમાં ૦ ૭૫૦ થી પણ વધુ થેલેસેમીયા ભુલકાઓ છે. ૧૨૦૧૧ થેલેસેમીયા મેજરને દર ૧૫ દિવસે



તસવીરઃ શૈલેષ વાડોલિયા

રકતની જરૂર પડતી હોય છે અને રકત ફકત માનવ શરીર ધ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે અને આ બાળકોનું જીવન સમાજ ઉપર હોય છે. જયા સુધી સમાજના લોકો રકતદાન કરતા રહેશે ત્યા સુધી આવા બાળકો ને મુશ્કેલી નહી રહે પરંતુ અછત હોય જયારે રકતની ત્યારે તેમની હાલત અત્યંત દયનીય અને ખરાબ થઈ જતી હોય છે. આજરોજ વિશ્વ થેલેસેમીયા દિવસ નિમિતે બડા બજરંગ ફાઉન્ડેશન રકતદાતા ગ્રુપ (સીવીલ થેલેસેમીયા સોસાયટી) અને થેલેસેમીક ભુલકાઓ આજરોજ સાથે મળીને સમાજને અપીલ કરવા આવ્યા છે. આપના દિકરા કે દિકરી ૧૮ વર્ષના થઈ જાય ત્યારે તેનો થેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવી લે. સંસ્થાએ ૧૫૦૦ જેટલા દાતાઓ રકતદાન કરી અમૂલ્ય ફાળો આપી રહ્યા છે. વધુ માહિતી શ્રી બડા બજરંગ રકતદાતા ગ્રુપ મો. ૯૪૨૬૫૦૯૯૯૬ વિજયભાઈનો સંપર્ક કરવો. બડા બજરંગ ફાઉન્ડેશનનું રકતદાતા ગ્રુપ થેલેસેમીયા ભુલકાઓ માટે લાઈવ રકતદાન કરાવે છે.

### લુલી લંગડી નિરાધાર ગાયોના લાભાર્થે

# મોગલધામ આશ્રમમાં કાલે રામચરિત માનસ કથા

### અબતકની મુલાકાતમાં મોગલધામનાં કાર્યકર્તાઓએ કાર્યક્રમની વિગત આપી

**અબતક,રાજકોટ**

આઈ જહલમાંના સાનિધ્યમાં મોગલધામ આશ્રમ ખટેડા આયોજીત રામચરિત માનસકથાનુ તા.૯મેથી ૧૭ સુધી સુંદર ભવ્યાતિત આયોજન કરવામાં આવ્યું છે.

લીલુલંગડી નિરાધાર ગાયોના લાભાર્થે જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તાહના વકતા આંતરરાષ્ટ્રીય કથાકાર ડો. મહાદેવ પ્રસાદ મહેતા છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા કિશોરભાઈ ગજેરાએ જણાવ્યું હતુ કે, તા.૯ને ગુરૂવારે સવારે ૭ કલાકે હાથીની અંબાડીએ ઘોડાગાડી, ખૂલ્લી જીપો કાર, બાઈક સહિત ઢોલ નગારા સાથે ભવ્ય શોભાયાત્રા નીકળશે. તથા મોરારીબાપુના હસ્તે દિપ પ્રાગટય કરશે.સપ્તાહના સમય સવારે ૯ થી ૧૨ સુધીનાં રહેશે લગભગ ૮ થી ૧૦ હજાર લોકો મહાપ્રસાદનો લાભ લેશે. સપ્તાહના વિવિધ કાર્યક્રમ તા.૧૦.૫એ શીવવિવાહ, ૧૧.૫એ રામજન્મોત્સવ, ૧૩.૫એ રામ વિવાહ ૧૬.એ સુંદરકાંડના પાઠ ૧૭.૫ને રામ રાજયાભિષેક રાખવામાં આવેલ છે.પૂર્વ વિજયભાઈ રૂપાણી નાયબ દંડક જગદીશભાઈ મકવાણા, ચેતનભાઈ રામાણી, સહિતના ઉપસ્થિત રહેશે.મહંત શેરનાથબાપુ, ઈન્દ્રભારતી બાપુ, પંચમુખી હનુમાન અમદાવાદના મહંત અખિલેશ્વરદાસ, કરશનદાસબાપુ, પરબધામના સહિતના સંત મહંતો આવશે.


આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમોની સાંજે રમઝટ બોલાવાશે તા. ૯એ રામામંડળ,૧૦મેએ લોકડાયરો વનીતાબેન ૧૧મેએ દાંડીયારાસ ઉમેશ ગઢવી, ૧૨મેએ દાંડીયારાસ પૂનમબેન ગોવિંદભાઈ ૧૩મીએ દાંડીયારાસ કુલદીપ દાન ગઢવીના સ્વરે ત્રિ-દિવસીય આયોજન કરવામાં આવ્યું છે. ૧૪મીએ માયાભાઈ હાસ્યરસથી ભકતોને તરબોળ કરશે અને બાળકો માટે ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. અબતકની શુભેચ્છા મુલાકાતે કિશોરભાઈ ગજેરા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે અપેક્ષા કરતા ઓછા રજીસ્ટ્રેશન!!!

## ઓછા રજિસ્ટ્રેશનના કારણે હવે પરિણામ પહેલા રજિસ્ટ્રેશન માટે વિશેષ ઝૂંબેશ ચલાવવાનું નક્કી કરાયું

**અબતક, રાજકોટ**

ધો.૧૨ પછી આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિતની જુદા જુદા કોર્સમાં પ્રવેશ માટે હાલમાં કોમન પોર્ટલ પર રજિસ્ટ્રેશન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં માત્ર અઢી લાખથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન હોવાથી અત્યાર સુધીમાં પાંચથી સાત લાખ રજિસ્ટ્રેશન થશે તેવી અપેક્ષા વચ્ચે ઓછા રજિસ્ટ્રેશનના કારણે હવે પરિણામ પહેલા રજિસ્ટ્રેશન માટે વિશેષ ઝૂંબેશ ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ધો.૧૨ આર્ટસ, કોમર્સ અને સાયન્સના પરિણામ પછી દરેક યુનિવર્સિટીઓ પોતાની રીતે પ્રવેશ કાર્યવાહી કરતી હતી. રાજયની સરકારી યુનિવર્સિટીઓમાં કોમન એક્ટ લાગુ થયા બાદ પહેલી વખત કોમન એડમીશન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી સહિત તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે પહેલી વખત એપ્રિલ મહિનાથી ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂકરવામાં આવી છે. ધો.૧૨નું પરિણામ જાહેર થયાના બે સપ્તાહ સુધી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. સામાન્ય રીતે મે માસ શરૂ થતા સુધીમાં રજિસ્ટ્રેશનનો આંકડો ચારથી પાંચ લાખ સુધી થશે તેવી અપેક્ષા હતી. જોકે, હજુસુધી બેથી અઢી લાખ વચ્ચે રજિસ્ટ્રેશન થયું છે. આમ, આટલા ઓછા રજિસ્ટ્રેશન માટેના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રો કહે છે પરિણામ જાહેર થયા પછી કેટલાક વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તેવી શકયતાં છે.જોકે,પરિણામ પછી રજિસ્ટ્રેશનમાં ધસારો ન થાય તે માટે જ એપ્રિલ માસથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂકરવામાં આવી છે. આમછતાં વહેલા રજિસ્ટ્રેશનનો કોઈ અર્થ ન રહે તેવી સ્થિતિ ઉભી થઇ છે. જેના કારણે હવે આગામી દિવસોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તે માટે ખાસ ઝુંબેશ શરૂ કરવાનું નક્કી કરાયું છે. જેમાં અમદાવાદ શહેરમાં ૬૮ કોલેજોમાં હેલ્પસેન્ટર શરૂ કરવા ઉપરાંત વધુમાં વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તે માટે પ્રયાસ કરવામાં આવશે. આ જ રીતે



## પ્રાઈવેટ યુનિવર્સિટીઓએ પ્રવેશ કન્ફર્મ કરવાનું શરૂ કરી દીધું

**રાજ્યમાં સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન ચાલે છે ત્યારે પ્રાઈવેટ યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરવાનું શરૂકરી દીધું છે. મોટાભાગની પ્રાઈવેટ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ માટે સેમિનાર, વર્કશોપનું આયોજન કરીને સીધા પ્રવેશ કન્ફર્મ કરી રહી છે. આ સ્થિતિમાં પણ ઓનલાઇન પોર્ટલ પર ઓછું રજિસ્ટ્રેશન થઇ રહ્યું હોવાનું શિક્ષણવિદ્દો કહે છે.**

અન્ય શહેરો અને જિલ્લા કક્ષાએ આવેલા તમામ ગ્રાન્ટેડ, સરકારી કોલેજમાં હેલ્પસેન્ટર શરૂકરવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં અંદાજે ૪૬૪થી વધારે હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થી-વાલીઓને પ્રવેશ,રજિસ્ટ્રેશનની જાણકારી આપવામાં આવશે. મહત્ત્વની વાત એ કે, હજુ સુધી અડધાથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. આ સ્થિતિમાં પ્રોફેસરો કહે છે કે, ઓનલાઇન રજિસ્ટ્રેશન પોર્ટલનો કોઇ ઉદ્દેશ્ય રહેશે કે કેમ તેની સામે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે.

# ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ઉનાળુ છાશ વિતરણ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૫૮ વર્ષોથી બાળ સંસ્કાર કેન્દ્ર, ગીતા પ્રચાર, સંસ્કૃત પ્રચાર, સાર્વજનીક વાચનાલય રાહત દરે નોટબુક વિતરણ, નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ, જ્ઞાનયજ્ઞ, બાળ મજુરી નાબુદી, વ્યસનમુકિત વગેરે સેવા પ્રવૃતિઓનું સંચાલન થાય છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૭૩માં નિઃશુલ્ક ઉનાળુ છાશ કેન્દ્રનો પ્રારંભ થયો હતો. છેલ્લા ૫૨ વર્ષોથી આ સંસ્થા દ્વારા ઉનાળામાં અઢી માસ સુધી છાશ કેન્દ્રનું સંચાલન થાય છે. જેમાં નાત જાતકે ધર્મના ભેદભાવ વિના સમાનતાના ધોરણે પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને સવા લીટર તાજી અને પૌષ્ટિક છાશનું નિઃશુલ્ક વિતરણ થાય છે. આ વર્ષે છાશ કેન્દ્રના ૫૨મા વર્ષે રામનવમીએ શુભારંભ થયો છે.

આ માનવ સેવા યજ્ઞમાં યથાશકિત સહકાર આપવા સંસ્થાએ હાર્દિક અનુરોધ કરેલ છે. જેને માટે જંકશન પ્લોટ પોલીસ ચોકી પાસે ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં રુબરુ અથવા મો. નં. ૯૮૯૮૩ ૧૮૨૮૬ પર સંપર્ક કરવાનું જણાવાયું છે.

# નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા સોમવારે સુવર્ણ પ્રાશન કેમ્પ

**અબતક, રાજકોટ**

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન ગાંધીવાદી અને યુવાનોના પ્રેરણામૂર્તિ નેશનલ યુથ પ્રોજેકટના સ્થાપક સ્વાતંત્ર સેનાની સ્વ. ડો. એસ.એન. સુબ્બારાવની સ્મૃતિમાં રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્પ નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન ટોકનદરે રૂ. ૧૦માં કરવામાં આવેલ છે.

આગામી કેમ્પ તા. ૧૩ ના સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ અને સાંજના ૬.૩૦ થી ૭.૩૦ સુધી ડો. એલ.બી.રાવલને ત્યાં એન.એન.ડી. આયુર્વેદિક સ્ટોર્સઃ, ગાયત્રીનગર મેઈન રોડ, જીવરાજ હોસ્પિટલની બાજુમાં, પેરેગોન પ્લાસ્ટિકની સામે, કેશર ડેરીની બાજુમાં રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

ડો. રાવલ વિનામૂલ્યે એક માસથી દસ વર્ષ સુધીના બાળકને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવશે.

# ભારત સેવક સમાજ દ્વારા રેસકોર્સમાં ઠંડા પાણીની સેવા

**અબતક,રાજકોટ**

સેવક સમાજ તથા યુથ હોસ્ટેલ્સ - રાજકોટના સંયુકત ઉપક્રમે દર વર્ષની જેમ રેસકોર્સની મુલાકાતે આવતા વડીલો/બાળકો માટે વિનામૂલ્યે ઠંડા પાણીના પરબનો પ્રારંભ તા.૧૨/ થી રેસકોર્સ ખાતે કરવામાં આવશે. જેમાં ઉનાળુ વેકેશન દરમિયાન દર રવિવારે સાંજે ૬.૦૦ થી ૭.૫૦ સુધી ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# રેસકોર્સ પાર્ક સોસાયટીના રહીશોએ ઉજવ્યું મતદાન પર્વ

## પરષોત્તમ રૂપાલા, ડો. દર્શિતાબેન શાહ અને મુકેશ દોશી સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત




**અબતક, રાજકોટ**

રાજકોટ રેસકોર્સ પાર્ક પરીવાર પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ ૮૮૭ ફલેટ ધરાવતી રેસકોર્સ પાર્ક સોસાયટીમાં ફલેટ ધારકો દવારા લોકશાહીના આ પર્વને એકસાથે સંયુકતપણે ભેગા થઈ ઉજવવામાં આવ્યો. ફલેટધારકો મતદાન કરી આ પર્વની ભાવભેર ઉજવણી કરી હતી. આ પર્વમાં પુરુષોત્તમભાઈ રૂપાલા, ડો. દર્શીતાબેન શાહ, મુકેશભાઈ દોશી, જયોતિન્દ્રભાઈ મહેતા, નરેન્દ્રસિંહ ઠાકુર, મનીષભાઈ રાડીયા, જયમીનભાઈ ઠાકર, કોશિકભાઈ અઢીયા, મનીષભાઈ ભટ, માધવભાઈ દવે, બીપીનભાઈ અઢીયા, પુષ્કર જૈન હાજર રહયા હતા. આ પર્વને સફળ બનાવવા માટે રાજેન્દ્રસિંહ ગોહીલનાં કુશળ માર્ગદર્શન હેઠળ વિરેનદ્ર સંઘવી, અમી પારેખ, મીતા સોમૈયા, કમલેશ મોદી, જગદીશ સોનેજી, મીહીર પારેખ, મીત ગાંધી, દેવાંગ જોષી, જે.ડી.સોમૈયા, રાજુ લાખાણી, પાર્થ સંઘવી, હીના સંઘવી, રાજુ વીડજા, આશીષ શેઠ, ધીરૂભાઈ પટેલ, રજનીભાઈ વાઢેર, ઉદયસિંહ રાઠોડ, હર્ષવર્ધનસિંહ ગોહીલ, ભૂવનેશ્વરીબા ગોહીલ, ગીતાબા ગોહીલ, વશિષ્ટ રાવલ, જયેશ માનસાતા, શૈલેષ ઉદાણી, હેમા મોદી અને પારસ મોદી એ જહેમત ઉઠાવેલ હતી.

# રણછોડદાસ બાપુ આશ્રમનો શનિવારે ૭૯માં વર્ષમાં મંગલ પ્રવેશ

## જાપ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ, હોમાત્મક યજ્ઞ, પુજાનું આયોજન





**અબતક,રાજકોટ**

જય ગુરુદેવ સાથ જણવવાનું કે, પ પૂ.શ્રી સદ્ગુરુદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રી દ્વારા સન ૧૧/૦૫/૧૯૪૬ માં સંસ્થાપિત શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ (પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ), રાજકોટને તા.૧૧/૦૫/૨૦૨૪, શનિવાર નાં રોજ ૭૮ વર્ષ પૂર્ણ કરી ૭૯ માં મંગલ પ્રવેશ થઈ રહયો છે.

જય ગુરુદેવ સાથ જણાવવાનું કે, આ શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ) પ.પૂ. શ્રી સદ્ગુરુદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રીએ માનવ સેવાની જયોત હંમેશા પ્રજજવલિત રહે અને રામનામનો પ્રચાર થાય અને સમગ્ર માનવજાતને સેવા મળી રહે એ ઉદ્દેશ સાથે શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ), રાજકોટની સ્થાપના કરવામાં આવી હતી.આ.સ્થાપના દિવસ નિમિતે સમૂહ આરતી,અખંડ શ્રી રામાયજીપાઠ દ્વારા ધાર્મિક રીતે ઉજવવામાં આવશે.તથા આશ્રમનાં સ્થાપના દિવસ નિમિતે જે શ્રી પતિત પાવન ભગવાનશ્રીનું જાપયજ્ઞ અનુષ્ઠાન ચાલી રહયુ હતું,તેમની પૂર્ણાહુતિ કરવામાં આવશે, આ અનુષ્ઠાનમાં ભારતભરમાંથી લોકો જોડાયેલ હતા, અને જાપ કરીને સહભાગી થયા હતા,જેમની પૂર્ણાહૂતિ આજના આ મંગલમય દિવસે હોમાત્મક યજ્ઞ, પુજા દ્વારા કરવામાં આવશે.જેમા વહેલી સવારે :-૩:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી શ્રી પતિત પાવન ભગવાનશ્રીનું ષોડષોપચાર પુજન સવારે : - ૫:૦૦ વાગ્યે શ્રી હોમાત્મક યજ્ઞનો પ્રારંભ, બીડું હોમવાનો સમય :- સવારે :- ૯:૩૦ વાગ્યે તથા આશ્રમનાં સ્થાપના દિવસ નિમિતે સમૂહ આરતી, નિજમંદિર હોલમાં:- ૧૦:૦૦ વાગ્યે. ડોકટર સ્ટાફ તથા ગુરૂભાઈ-બહેનો અને ગુરૂભાઈ-બહેનો દ્વારા શ્રી નિજ મંદિર હોલમાં ૭૯ આરતીનાં દિવ્ય શણગાર સાથે સમુહ આરતી સવારે :- ૧૦:૦૦ કલાકે કરવામાં આવશે, તથા શ્રી રામચરિતમાનસજીનાં અખંડ પાઠ,શ્રી ગુરૂમઢીમાં કરવામાં આવશે.સવારે :- ૬:૦૦ વાગ્યે. રાત્રે ૮ વાગ્યે આશ્રમને દિવડાઓનાં ઝગમગટ કરવામાં આવશે.

# સેલવાસઃ દમણ દીવમાં ત્રિપાંખીયા જંગ વચ્ચેના ચૂંટણી જંગમાં ૬૨.૩૧% મતદાન

**અબતક, શિવભાણસિંહ, સેલવાસ**




દમણ અને દીવ લોકસભા વિસ્તારમાં ૬૨.૩૧% મતદાન નોંધાયું હતું ભાજપ ઉમેદવાર લાલુભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલ અને અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલ વચ્ચે કશુંકસની જંગ થઈ હતી ૨૦૧૯ માં દમણમાં ૭૩.૧૦ ટકા અને દીવમાં ૬૯.૭ ટકા મતદાન થયું હતું. દમણ દીવમાં ભાજપ ઉમેદવાર લાલુ ભાઈ પટેલ અને અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલ વચ્ચે જંગ જામી હતી આ બંને હરીફો માં કોઈ એકનો વિજય નિશ્ચિત છે કોના માથે વિજય નો તાજ રહેશે? તે ૪ જૂન ના રોજ મતગણતરી બાદ સ્પષ્ટ થશે દમણદીવ લોકસભા વિસ્તારમાં આ વખતે કંઈક નવા જુની ના એંધાણ વર્તાઈ રહ્યા છે

**દાદરા નગર હવેલીમાં ૬૬.૬૧% મતદાન**

દાદરા નગર હવેલી લોકસભા મત વિસ્તારમાં હાસ્યર પરીક્ષા ટકા મતદાન થયું હતું ભાજપના કલાબેન ડેલ કર ,,કોંગ્રેસના મહેશ શર્મા ભાજપના નેતા અપેક્ષિત ચૌહાણ રાકેશસિંહ ચૌહાણ સહિતના આગેવાનોએ સહ પરિવાર મતદાન કર્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલા મતદાનમાં હવે કોનો વિજય થશે તેના પર મિટ મંડાયેલી છે

# સેલવાસની હોટલના સ્વિમિંગ પૂલમાં યાત્રાળુનું ડૂબી જવાથી મોત

**અબતક, શિવભાણસિંહ, સેલવાસ**



સેલવાસના હોટલમાં સ્વિમિંગ પૂલ માં નું ડૂબી જવાથી મોત નીપજો હતું દાદરા નગર હવેલી પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરત થી સેલવાસ આવીને હોટલમાં રોકાયેલા યુવાન મિત્રો સાથે સ્વિમિંગ પૂલ માં નહાતી વખતે મોત નીપજ્યું હતું ૮ થી ૯:૦૦ વાગે રાત્રે બનેલી આ ઘટનામાં હોટલ વિથકામત માં સ્વિમિંગ પૂલ ચાલુ રાખવાની પરવાનગી કેટલા વાગ્યાની છે,? અને નિયમો નું પાલન થાય છે કે કેમ ?પુલ પાસે એટન્ડેર હતા કે નહીં? સ્વિમિંગ પૂલ માં સુરક્ષા ની વ્યવસ્થા કેવી છે? સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું કમનસીબીએ એક તરફ યુવાનના મૃત્યુ નો માતમ હતો તો બીજી તરફ હોટલમાં ઉજવણી નું જશ્ન મનાવવામાં આવતું હતું.

# રૂપાલા સામેના આંદોલનને હાલ અલ્પ વિરામ અપાયું, પૂર્ણ વિરામ નહીંઃ ભાગવીંબા ગોહેલ

## પરષોત્તમ રૂપાલાને માફ કરવાનો પ્રશ્ન થતો જ નથીઃ તેને માફી મળશે નહીં

**અબતક, રાજકોટ**

ચુંટણી પ્રચાર દરમિયાન રજવાડા અંગે કરાયેલા પરસોતમભાઈ રૂપાલાના નિવેદન બાદ ઉભા થયેલા વિવાદ વચ્ચે યોજાયેલી ચુંટણી બાદ પરસોતમભાઈ રૂપાલાએ ફરીથી માફી માંગતા ક્ષત્રીય સમાજના આગેવાનો દ્વારા પ્રતિક્રિયા આપી હતી.

ક્ષત્રીય સમાજના આગેવાન દેવેન્દ્રસિંહ જાડેજા (ટીંકુભા) અને ભાર્ગવીબા ગોહિલે જણાવ્યું હતું કે, આ ૪૫ દિવસનું આંદોલન શિસ્તબધ્ધ અને શાંતિપૂર્ણ જ કરવામાં આવ્યું હતું. મતદાન પણ શાંતિપૂર્ણ કરવામાં આવ્યું છે. અમે પરસોતમ રૂપાલાએ જે માફી માંગી છે તે અત્યાર સુધી રાજકીય પ્લેટફોર્મ પર જ માફી માંગી છે. ક્ષત્રીય સમાજના સામાજીક પ્લેટફોર્મ પર માફી માંગી નથી. તેમને માફી કયારે આપવી એ સંકલન સમીતી દ્વારા નકકી કરવામાં આવશે. આગળની રણનીતી અમે પછી જાહેર કરીશું. ક્ષત્રીય સમાજ દ્વારા એની હરએક વસ્તુને સ્વીકારશે પણ બહેનોની અસ્મિતાના વિષય માટે માફી નથી.

પરસોત્તમ રૂપાલાને રાજનીતી રમવી છે. એટલે તે કહે છે કે સંકલન સમીતીના વ્યકિતઓ સારા છે. આ જે બોલ્યા છે તે પણ એક તેમની રાજનીતીનો ભાગ છે.

આજ સુધી ક્ષત્રીય સમાજ સંયમથી જ ચાલી રહ્યો છે. રૂપાલા અને તેમના અંગત અને પરિવાર દ્વારા ઉશ્કેરવાના ઘણા પ્રયત્નો કર્યા છે અમારી પાસે સબુત પણ છે સંકલન સમીતિ સમાજના હિતમાં જ વાત કરે છે તેમના દ્વારા જે કહ્યું છે કે તે ક્ષત્રીય સમાજ સાથે વાત કરશે.

આના પહેલા પણ તે રાજકિય આગેવાનો દ્વારા વાત કરવામાં આવી હતી. તેથી રૂપાલાભાઈ સાથે કોઈ વાત કરવામાં આવતી નથી.

ક્ષત્રીય સમાજની અસ્મિતાનો પ્રશ્ન છે તેથી હવે આ આંદોલનને કંઈ રીતે આગળ વધારવું એ સંકલન સમિતિ નકિક કરશે અને સર્વે સમાજનો આભાર જેને ધર્મરથમાં સાથ આપ્યો છે. એ બધી અમે નોંધ લીધી છે. માફી માંગી છે. પણ અમારી ક્ષત્રીય સમાજની શું માંગ હતી. અને એ માંગને રાજકીય બનાવવાનો શું અર્થ હતો. અને આગળ પણ આંદોલન થશે તો શાંતિપૂર્ણ સ્થિતબધ્ધ થશે. આ આંદોલનન. અલ્પવિરામ આપવામાં આવ્યું છે. પૂર્ણ વિરામ સમજવાની ભુલ કરવી નહી.

# બજરંગ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ચકલીના માળા કુંડા, ચણનું વિતરણ

**અબતક,રાજકોટ**

બજરંગ ગૃપ, રાજકોટ અને અંકિત એસ્ટેટના સંચાલક દિલીપભાઈ સોમૈયાના આર્થિક સૌજન્યથી, વનવિભાગ, રાજકોટ રેંજ કચેરીના સહયોગથી સ્વ. ધનજીભાઈ કેશવજીભાઈ કારીયા ઉજવણી, સામાજીક જવાબદારીના ભાવરૂપે તાજેતરમાં સંસ્થાના મધ્યસ્થ કાર્યાલય ખાતે નિઃશુલ્ક ચકલીના, લાકડાના, માટીના માળા, ચણ, ફીડર, વિ. નું વિતરણ કરવામાં સંસ્થાના કિશોરભાઈ ધનજીભાઈ કારિયા, હસુભાઈ ગણાત્રા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, બી.કે. જાડેજા, મનુભાઈ ભગત, બટુકભાઈ રાચ્છ, જયોતીબેન કે. ભટ્ટ, વિજયભાઈ કે. ભટ્ટ, સુનીલભાઈ મજેઠીયા, સામાજીક યોગદાન આપી રહયા છે. સવિશેષમાં બજરંગ ગૃપ દ્વારા દર રવિવારની તમામ પ્રવૃતિઓ (સવારે ૧૦ થી ૧૨ દર રવિવારે નિઃશુલ્ક કુંડા વિતરણ, ૪ થી ૭ લોહાણા સમાજ વૈવિશાળ કેન્દ્ર બંધ રહેશે) અનિવાર્ય સંજોગોને કારણે રવિવારના રોજ બંધ રહેશે.

# :: ન્યુઝ ફલેશ ::

## તાલાલામાં ચાર મિનિટમાં ભૂકંપના બે આંચકા બપોરે ૩:૧૪ વાગ્યે ૩.૭ અને બાદમાં ૩:૧૮ વાગ્યે ૩.૪ની તીવ્રતાનો આંચકો કેન્દ્રબિંદુ નોર્થ ઈસ્ટ ખાતે નોંધાયું

# મારામારીના ગુનામાં બે ભાઈ સહિત ચારને ત્રણ વર્ષની સજા

## મહિલા સાથે આડા સંબંધ રાખી હેરાનકરતા ઘરકામ છોડાવતા તેનો ખાર રાખી મારમાર્યો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટરમા ઘરકામ કરવા જતી પરિણીતા સાથે આડા સંબંધ રાખી હેરાન કરતા ઘરકામ છોડાવી દેતા જેનો ખાર રાખી પરણીતાના પતિને માર મારવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે બે ભાઈ સહિત ચાર શખ્સોને તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સજા અને દંડનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટર માં રહેતા યુવાનને પાડોશી કલ્પેશ ઉર્ફે અલ્પેશ બીપીન સેદાણી ,ભાવેશ બીપીન સેદાણી, જીગ્નેશ શિવુભા પરમાર અને અતુલશિહ છનુભા રાઠોડ એ માર માર્યા અંગેની ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરિયાદીના પત્ની આરોપી કલ્પેશ ઉઠે અલ્પેશ બીપીન સેદાણીના ઘરે ઘરકામ કરવા જતાં બંને વચ્ચે આંખ મળી જતા આડા અબંધ બંધાયા હતા અને પરણી તને હેરાન કરતા હોવાથી તેના પતિએ હેરાન કરવાની ના પાડતા અને ઘરકામ છોડાવી દેતા જેનું મન દુખ અને ખાર રાખી ચારેય શખ્સોએ પરણીતાના પતિને માર માર્યાનું જણાવ્યું હતું. ભકિતનગર પોલીસે તમામ શખ્સોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચારસીટ રજૂ કરવામાં આવી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી ડી.કે.શ્રીમાળી ઉપસ્થિત રહી સાહેદો, પંચ, તપાસનીશ અને તબીબ ને તપાસવામાં આવેલા અને ફરિયાદીએ ફરિયાદને સમર્થન આપેલું તેમજ ફરિયાદીના પત્નીએ તમામ શખ્સને ઓળખી બતાવેલા બાદ દલીલ કરવામાં આવેલી તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદોઓ ધ્યાને લઈ ન્યાયધીશ એમ.જી શાહે ચારેય શખ્સોને અલગ અલગ કલમ હેઠળ તકસીરવાન ઠેરવી અને ત્રણ વર્ષની સજાનો હુકમ કરી અને દંડ ફટકારવામાં આવ્યો છે.

# ભુજઃ દંપતી અને બે પુત્રોએ છરી-કોયતાના ઘા ઝીંકી આધેડની હત્યા

## કંકાવટી ડેમમાં માછીમારી કરવા જતા સમયે ગાડી ધીમે ચલાવવાનું કહેતા મામલો બીચક્યો

**અબતક, શબતમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સમગ્ર કચ્છમાં એક તરફ લોક્સભાની ચૂંટણી સંદર્ભે ચુસ્ત બંદોબસ્ત સાથે મતદાન થઈ રહ્યું હતું. વચ્ચે શહેરના સરપટનાકા નજીક ધોળા દિવસે ધમધમતા માર્ગ પર સામાન્ય બાબતે આધેડની હત્યા થતા દોડધામ મચી ગઈ હતી. માછીમારી કરવા જતા સમયે બોલેરો ગાડી ધીમે ચલાવવાનું કહ્યા બાદ મામલો ગરમાતા છરી અને કોયતાથી હુમલો કરી આધેડની હત્યા નીપજાવાઈ હતી.

જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીએથી મળતી વિગતો મુજબ આશાપુરા નગરમાં રહેતા ૫૦ વર્ષીય રમેશભાઈ મુસાભાઈ કોલીને આશાબાપીરની દરગાહ સામે કરશન કોલી, તેની પત્ની રમીલાબેન તથા પુત્ર ગોવિંદ અને અરવિંદએ ગાડી ધીમે ચલાવવા બાબતે હુમલો કરી છરી અને કોયતાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. બી

ડીવીઝન પોલીસ મથકના પીઆઈ આર.જે.ઠુમ્મર સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે મૃતક રમેશભાઈ કોલી તેમના દીકરા અને અન્ય દશેક લોકો સાથે મંગળવારે લાધાભાઈ કેવરની બોલેરો ગાડી લઈને કંકાવટી ડેમમાં માછીમારી કરવા નીકળ્યા હતા. એ સમયે કરશન દેવા કોલી-બેફામે ગાડી ચલાવતો હોવાથી મૃતક રમેશભાઈ અને સાથે રહેલા અન્ય (ધુ લોકોએ ગાડી ધીમે ચલાવવાનું કહ્યુ હતું. પરંતુ આરોપીએ દાદ ન આપી ગાડી પુરપાટ હંકારતો હતો. જેથી સાથે રહેલા લોકોએ માછીમારી કરવાનું માંડી વાળી ગાડી પરત લઈ લેવાનું કહ્યુ હતું. જે બાદ સાંજે મામલો ગરમાતા હુમલો કરાયો હતો. જેમાં ગંભીર ઈજાઓ પહોચતા આધેડનું સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# પાટડી નજીક બે ટ્રક ટકરાતા બેના મોત

## અકસ્માતના ઘટના સ્થળે ૧૪ કિમી લાંબી લાઈનો લાગી અને ટ્રાફિક જામના દ્રશ્યો સામે

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી અને ખાવડા વચ્ચે આવેલા વોકળા પાસે ૧૪ વ્હીલના બે ટ્રકો સામસામે અથડાયા છે. જેમાં એક ટ્રક બંધ હતી ત્યારે બીજી ટ્રકના ચાલકે સામે ઊભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાય છે. અકસ્માતની ઘટનામાં બે વ્યક્તિઓના મોત નીપજ્યાઓનું સામે આવ્યું છે. અકસ્માતના પગલે ૧૪ કિલોમીટર સુધી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાઈવે ઉપર વાહનોના થપ્પે થપ્પા લાગી ગયા છે ત્યારે આ અંગે પાટડી પોલીસ અજાણ હોવાનું જણાવી રહી છે. બંને મૃતદેવોને પણ પીએમ માટે હાલમાં પાટડી સાર્વજનિક દવાખાને ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત રાત્રીના થયો છે અને બંને મૃતકોને હાલમાં પીએમ માટે પાટડી સાર્વજનિક હોસ્પિટલે મોકલવામાં આવ્યા છે અને તેમના વાલી વારસોની તપાસ પણ હજુ હાથ ધરવામાં આવી ન આવવાનું જાણવા મળે છે.

# ઈનોવા કારે બાઈકને ઠોકરે લેતા ભત્રીજીની નજર સામે કાકાનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના શનાળા-ધુનડા રોડ ઉપર અકસ્માતમાં મૃત્યુની ઘટના સામે આવી હતી. જેમાં બાઈકમાં પેટ્રોલ ભરાવા જઈ રહેલ યુવક અને તેની ૧૦ વર્ષીય ભત્રીજીને સામેથી પુરપાટ ગતિએ આવતી ઈનોવા કારે બાઈકને સામેથી ટક્કર મારી હતી. જેમાં કાકા-ભત્રીજી બાઈક નીચે પટકાતા યુવકને હાથ પગમાં અને પેટના ભાગે તેમજ તેની ભત્રીજીને હાથમાં અને પગમાં ઈજાઓ પહોંચતા બંનેને ૧૦૮ મારફત મોરબીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં યુવકને પેટના ભાગે પહોંચેલ ગંભીર ઈજાને કારણે મૃત્યુ નીપજ્યું હતું.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ રાજકોટ બેઠક પર સૌથી ઓછું અમરેલીમાં મતદાન

## ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૪માં સૌરાષ્ટ્ર-કચ્છની તમામ આઠેય લોકસભા બેઠકો પર મતદાનની ટકાવારીમાં ઘટાડો

**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો માટે સરેરાશ ૫૯.૪૯ ટકા જેટલું મતદાન થયું છે. ૨૦૧૯ની સરખામણીએ મતદાનની ટકાવારીમાં પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે. સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠકો પૈકી સૌથી વધુ મતદાન રાજકોટ બેઠક પર થયું છે. જ્યારે સૌથી ઓછું મતદાન અમરેલી બેઠક પર થયું છે. બેલેટ પેપરની ગણતરી કર્યા બાદ મતદાનની ટકાવારીમાં થોડો ફેરફાર થવાની સંભાવના છે. નીચા મતદાને ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષની ચિંતામાં વધારો કરી દીધો છે.

વર્ષ-૨૦૧૯માં યોજાયેલી ગુજરાત લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો પર સરેરાશ ૬૪.૧૨ ટકા જેટલું મતદાન થયું હતું. આ વખતે ૫૯.૪૯ ટકા મતદાન થયું હોવાનું નોંધાયું છે. પાંચ વર્ષમાં મતદાનની ટકાવારીમાં પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે. જે લોકશાહી માટે સારા સંકેતો નથી. ૨૦૧૯માં સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકો પર થયેલા મતદાનની

### ગરમી અને વેકેશનના કારણે મતદાન ઘટયું હોવાનું તારણ

### ૨૦૧૯માં પણ રાજકોટ મતદાનમાં રહ્યું હતું સૌરાષ્ટ્ર-કચ્છમાં અવ્વલ

**૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પણ સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકો પૈકી રાજકોટ બેઠક પર સૌથી વધુ મતદાન થયું હતું. આ પરંપરા આ વખતે પણ યથાવત રહેવા પામી છે. જો કે, મતદાન ટકાવારીમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. ૨૦૧૯માં રાજકોટ બેઠક પર ૬૩.૧૫ ટકા જેટલું મતદાન થયું હતું. જેની સરખામણીએ આ વખતે ૫૯.૬૦ ટકા મતદાન થયું છે. જે સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ છે.**

ટકાવારીમાં નજર કરવામાં આવે તો કચ્છ ૫૮.૨૨ ટકા, સુરેન્દ્રનગર બેઠક પર ૫૭.૮૫ ટકા, રાજકોટ બેઠક પર ૬૩.૧૫ ટકા, પોરબંદર બેઠક પર ૫૬.૭૯ ટકા, જામનગર બેઠક પર ૬૦.૭૦ ટકા, જૂનાગઢ બેઠક પર ૬૦.૭૪ ટકા, અમરેલી બેઠક પર ૫૫.૭૫ ટકા અને ભાવનગર બેઠક પર ૫૮.૪૧ ટકા મતદાન થયું હતું. ૨૦૧૯માં પણ સૌરાષ્ટ્ર-કચ્છની આઠ પૈકી રાજકોટ બેઠક પર સૌથી વધુ મતદાન નોંધાયું હતું. આ વખતે પણ રાજકોટના મતદારોએ આ પરંપરા જાળવી રાખી છે. પરંતુ મતદાનની ટકાવારીમાં ૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૪ની વાત કરવામાં આવે તો કચ્છ બેઠક પર ૫૫.૦૫ ટકા, સુરેન્દ્રનગર બેઠક પર ૫૪.૪૫ ટકા, રાજકોટ બેઠક પર ૫૯.૬૦ ટકા, પોરબંદર બેઠક પર ૫૧.૫૯ ટકા, જામનગર બેઠક પર ૫૭.૧૭ ટકા, જૂનાગઢ બેઠક પર ૫૮.૮૦ ટકા, અમરેલી બેઠક પર ૪૯.૨૨ ટકા અને ભાવનગર બેઠક પર ૫૨.૦૧ ટકા મતદાન થયું હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. તમામ બેઠકો પર મતદાન ઘટ્યું છે. મતદાનની ટકાવારી ઘટવા પાછળના અનેક કારણો માનવામાં આવે છે. જેમાં મહત્વપૂર્ણ કારણ હોય તો કાળઝાળ ગરમી અને વેકેશનનો માહોલ મનાઈ રહ્યો છે. ક્યાંય ઉમેદવારો સામેની નારાજગી તો ક્યાંય અલગ-અલગ સમાજના વિરોધના કારણે મતદાનની ટકાવારીમાં ઘટાડો થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# મતદાન વેળાએ વડાપ્રધાનનો રોડ શો જેવો માહોલ: આચારસંહિતાનો ભંગ

## કોંગ્રેસ દ્વારા મતદાન વેળાએ અલગ અલગ ૧૯ ફરીયાદો ચૂંટણી પંચ સમક્ષ રજુ કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મતદાન કરવા આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મતદાન મથક સુધી ચાલીને જઈ રોડ-શો જેવો માહોલ ઉભો કર્યો હતો. જેની સામે કોંગેસ દ્વારા આચાર સંહિતા ભંગની ફરીયાદ નોંધાવી છે.



મતદાનના દિવસે વિવિધ મતક્ષેત્રમાંથી કોંગ્રેસ પક્ષના કન્ટ્રોલ રૂમને મળેલી ફરિયાદ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી, વરિષ્ઠ નેતા બાલુભાઈ પટેલ, લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી, કન્વિનર નિકુંજ બલ્લરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન

નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલો રોડ-શો આદર્શ આચાર સંહિતાની તદ્દન વિરૂધ્ધમાં છે.

(અનુ. આઠમા પાને)

# શાંતિપૂર્ણ મતદાન માટે ગુજરાતની જનતાનો આભાર માનતા મુખ્યમંત્રી

## ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફને પણ અભિનંદન પાઠવ્યા

**અબતક,રાજકોટ**


લોકશાહીના મહાપર્વની ગુજરતાની જનતાએ દિપાવ્યું છે. શાંતીપૂર્ણ માહોલમાં મતદાન કરનાર ગુજરાતની શાંતીપ્રિય પ્રજાનો આભાર માન્યો હતો. ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં યોજાયેલા લોકસભા ચૂંટણી મતદાનમાં ઉત્સાહપૂર્વક અને શાંતિ પૂર્ણ વાતાવરણ માં મોટાપાયે મતદાન કરવા માટે રાજ્યના સૌ મતદાર નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો છે.ભારત ના ચૂંટણી પંચ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન માટે હાથ ધરાયેલા સુદ્રઢ આયોજન માટે પણ મુખ્યમંત્રીએ કેન્દ્રીય ચૂંટણી પંચ અને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના વહીવટી તંત્રનો આભાર દર્શાવ્યો છે .તેમણે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા રાજ્ય સરકાર ના સંબંધિત વિભાગો, પોલીસ તંત્ર, કેન્દ્રીય અર્ધ લશ્કરી દળો સહિત ના ફરજ પરના સૌ અધિકારીઓ કર્મચારીઓ ની ફરજ નિષ્ઠાની પણ પ્રસંશા કરી છે.

મુખ્યમંત્રીએ લોકશાહીના આ ચુનાવ મહાપર્વ ને ઉમંગ પર્વ તરીકે મનાવવા બદલ સમગ્ર રાજ્યની જનતા જનાર્દન ને અભિનંદન પાઠવ્યા છે.

# ભાજપની પ્રચંડ જીત નિશ્ચીત: સી.એમ.: ગુજરાતની જનતાએ પરિવર્તન માટે મતદાન કર્યુ :શકિતસિંહ

## ભાજપ અને કોંગ્રેસ બન્નેએ જીતના દાવા કર્યા



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં લોકસભાની ચુંટણીનું મતદાન પુર્ણ થયા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્નેએ જીતના દાવા કર્યા છે. હિટવેવ અને વેકેશનના કારણે મતદાન ઓછું થયું હોવાના તારણ આપવામાં આવી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના મતદાતાઓએ પરિવર્તન માટે ન્યાય માટે યોજાનાર મતાધિકારીનો કરેલ ઉપયોગ કરેલ હોવાનું સ્પષ્ટ જણાતું હતું. સમગ્ર ગુજરાતની જનતાએ સમગ્ર ચુંટણીના પ્રચાર પ્રસાર સમયે વ્યાપક પ્રમાણમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને મોટા પાયે જનસર્મથન જન આશીર્વાદ આપ્યા હતા. મતદાન સમયે પણ સવારથી જ મોટા પાયે મતદાન મથકો પરની લાઈનોમાં ઉત્સાહભેર જોડાયેલ યુવાનો, મહિલાઓ અને ખાસ કરીને વરિષ્ઠ નાગરીકો જોવા મળ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા પાંચ ન્યાય પચ્ચીસ ગેરેન્ટી જેમાં યુવાનોને

(અનુ. આઠમા પાને)



# મતદાન વેળાએ રાજયમાં ૧૧૬ બીયુ, ૧૧૪ સીયુ અને ૩૮૩ વીવીપેટ બદલવા પડયા

## ચૂંટણી ફરજમાં રોકાયેલા બે કર્મચારીઓનાં મોત નિપજયા એકને ગંભીર ઈજા: છ ગામના લોકોએ કર્યો મતદાનનો બહિષ્કાર

**અબતક,રાજકોટ**

ગુજરાતની સુરત સિવાયની ૨૫ લોકસભા બેઠક માટે અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગઈકાલે મતદાન યોજાયું હતુ. એકંદરે શાંતીપૂર્ણ માહોલમાં થયેલા મતદાનમાં રાજયમાં ૧૧૬ બીયુ, ૧૧૪ સીયુ અને ૩૮૩ વીવીપેટ બદલવાની ફરજ પડી હતી.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. રાજયના તમામ સંસદીય મતવિભાગોમાં મતદાનની પ્રક્રિયા સરળતાથી અને સુપેરે પૂર્ણ થઈ છે. રાજ્યના વિશિષ્ટ પ્રકારના મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

મુખ્ય નિર્વાચન અધિકારીએ ઉમેર્યું હતું કે, રાજયના ૨૫ સંસદીય મતવિભાગોના ૪૯,૧૪૦ મતદાન મથકો પૈકી ૧,૮૨૦ મતદાન મથકોમાં ૨ બીયુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મતદાન દરમિયાન ૧૧૬ એટલે કે ૦.૨૩ % બીયુ ૧૧૪ એટલે કે ૦.૨૩ % સીયુ અને ૩૮૩ એટલે કે ૦.૭૮ % વીવીપેટ બદલવામાં આવ્યા હતા. તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે વિસ્તારના ઈન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા. જ્યાં પણ નાની મોટી સમસ્યા સર્જાઈ, ત્યાં ત્વરિત ઈવીએમના બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કે વીવીપેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૮ એલર્ટ્સ મળી હતી. જેમાં ઈવીએમ

(અનુ. આઠમા પાને)

# અસહ્ય ગરમી વચ્ચે જસદણ-બનાસકાંઠામાં માવઠું

| | |
|---|---|
| અમદાવાદ | ૪૩.૩ |
| ડીસા | ૪૧.૩ |
| ગાંધીનગર | ૪૨.૫ |
| વડોદરા | ૪૧.૪ |
| ભુજ | ૪૩.૫ |
| કંડલા | ૪૧.૦ |
| ભાવનગર | ૩૮.૨ |
| રાજકોટ | ૪૨.૭ |
| સુરેન્દ્રનગર | ૪૩.૦ |
| કેશોદ | ૩૯.૧ |

## રાજ્યના નવ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર જયારે પાંચ શહેરોનું તાપમાન ૪૧ ડિગ્રીને પાર નોંધાયું: સુરેન્દ્રનગર ૪૩ ડિગ્રી સાથે રાજ્યનું હોટ સિટી બન્યું

**અબતક, રાજકોટ**

ગુજરાતનાં વાતાવરણમાં પલટો આવ્યો છે. એક તરફ હીટવેવની આગાહી છે, આગ દઝાડતી ગરમી છે અને બીજી તરફ, ઘણી ખરી જગ્યાએ વરસાદ આવ્યો છે. આજે અને કાલે ગુજરાતમાં હીટવેવની આગાહી તે વચ્ચે ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. માવઠાંની કોઈઆગાહી વગર જ જદસણમાં સાંજેઆઠ કલાકનીઆસપાસ વીજળીના જોરદાર ચમકારા સાથે અમી છાંટણા થયા હતા. મતદાનના લીધે દિવસભર વ્યસ્ત રહેલા લોકોને સાંજે ખુશનુમા મોસમ માણવા મળી હતી. વીજળીના દુર દુર ચમકારા તેમજ ઠંડો પવન નીકળી પડતાં ગરમીમાં અકળાતા લોકોને રાહત સાંપડી હતીઅને બાળકો તો વેકેશન હોવના લીધે ઘરની બહાર ઠંડક માણવા નીકળી પડ્યા હતા.સમગ્ર ઉત્તર ગુજરાત, તથા સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની દસ્તકથી વાતાવરણ પલટાયું છે. હજી ૧૨ અને ૧૩ મેના રોજ સામાન્ય વરસાદની શકયતા આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ૨૦ મેથી ફરીથી ગરમી વધશે. આ બાદ ફરીથી ૨૪-૨૫ મેથી પ્રિમોન્સૂન એક્ટિવિટી રહેશે. જેમાં ૨૪ મેથી ૪ જુન વચ્ચે આંધીવંટોળ સાથે કમોસમી વરસાદ રહેશે. કાળઝાળ ગરમી વચ્ચે

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં મતદાન સમયનો વીડિયો ઉતારી વાયરલ કરનાર સામે ગુનો દાખલ

## મવડી વિસ્તારમાં રહેતા દિશાંત મહેશભાઈ પાદરીયા નામના યુવક વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

મતદાન કરતી વેળાએ વિડીયો ઉતારીને વોટ્સઅપ સ્ટેટ્સમાં રાખી તેમજ મિત્રોને મોકલી વિડીયો વાયરલ કરનારા મવડીના યુવાન વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરના મવડી વિસ્તારમાં રાજદીપ સોસાયટી શેરી નંબર ૧માં રહેતા ૨૪ વર્ષીય યુવાન દિશાંત મહેશભાઈ પાદરીયાએ ગઈકાલે લોકશાહીના મહાપર્વે પોતે વિધાનસભા ૭૧ અંતર્ગત આઈસીડીએસ-૧૪૪, બુથ નંબર ૭૫, બિલ્ડીંગ નંબર ૧૮૬ ની આંગણવાડીમાં મતદાન કરતી વેળાએ ઈવીએમ મશીનનું બટન દબાવતી વખતે પોતાના મોબાઈલમાં વિડીયો ઉતારી તેના મિત્રોના વોટ્સઅપ ગ્રુપમાં વિડીયો શેર કરી તેમજ વોટ્સઅપ સ્ટેટ્સમાં

(અનુ. આઠમા પાને)

# વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીમાં સરેરાશ ૫૮ ટકા મતદાન

## પોરબંદર બેઠક પર સૌથી ઓછું ૫૮ ટકા અને વાઘોડીયા બેઠક પર સૌથી વધુ ૭૦.૨૦ મત પડ્યા

**અબતક, રાજકોટ**

અલગ-અલગ કારણોસર ખાલી પડેલી ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકો માટે ગઈકાલે લોકસભાની ચૂંટણી સાથે જ મતદાન થયું હતું. સરેરાશ ૫૬ ટકા જેટલું મતદાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. સૌથી વધુ મતદાન વડોદરાની વાઘોડીયા બેઠક પર ૭૦.૨૦ મતદાન થયું છે. જ્યારે સૌથી ઓછું પોરબંદર બેઠક પર માત્ર ૫૭.૯૯ ટકા મતદાન થયું હોવાનું નોંધાયું છે.

કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષના ધારાસભ્યોએ રાજીનામા આપતા ગુજરાત વિધાનસભાની કુલ ૬ બેઠકો ખાલી પડી હતી. જેમાં વિસાવદર બેઠક પર કોર્ટ મેટર હોવાના કારણે તેની પેટા ચૂંટણી યોજાઈ ન હતી. દરમિયાન અન્ય પાંચ બેઠકો માટે ગઈકાલે મતદાન યોજાયું હતું. આ પાંચેય બેઠકો પર વર્ષ-૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં ૬૭.૪૪ ટકા જેટલું મતદાન થયું હતું. પેટા ચૂંટણીમાં આમ પણ લોકોને રસ ઓછો હોય છે. જેના કારણે માત્ર ૫૮ ટકા જ મતદાન થયું હતું. વડોદરાની વાઘોડીયા વિધાનસભા બેઠક પર ૭૦.૨૦ ટકા, માણાવદર બેઠક પર ૫૩.૯૩ ટકા, વિજાપુર બેઠક પર ૬૪.૦૪ ટકા, ખંભાત બેઠક પર ૬૬.૨૮ ટકા અને પોરબંદર બેઠક પર સૌથી ઓછું ૫૭.૯૯ ટકા મતદાન થયું હોવાનું નોંધાયું છે.

પેટા ચૂંટણીના પરિણામોથી સત્તાના સમિકરણો પર કોઈ જ પ્રકારનો ફેર પડવાનો નથી. છતાં બંને પક્ષો માટે આ એક પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવી રહ્યો છે.

### પેટા ચુંટણીના પરિણામોથી સત્તાના સમીકરણો પર કોઈ ફેર નહીં પડે

# પરિણામ માટે ૨૭ દિવસનો ઈંતજાર: નેતાઓના જીવ અધ્ધર

## ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવાયા: ચૂંટણી લડતા ૨૬૬ ઉમેદવારોના રાજકીય ભાવિનો ૪ જુને થશે સુર્યાદય

**અબતક, રાજકોટ**

ગુજરાત ની સુરત સિવાયની લોકસભાની ૨૫ બેઠકો માટે ગઈકાલે મંગળવારે સરેરાશ ૫૯.૪૯ ટકા મતદાન થયું હતું. સવાર સુધી ઈવીએમ મશીનને સ્ટ્રોંગ રૂમમાં જમા કરાવવાની કામગીરી ચાલી હતી. મતદારોએ પોતાની ફરજ પુરી કરી લીધી છે. હવે પરિણામ માટે ૨૭ દિવસનો ઈન્તજાર કરવો પડશે લોકસભાની ચુંટણી લડતા ૨૬૬ ઉમેદવારોના જીવ ત્યાં સુધી અધ્ધર રહેશે. તમામ ૫૪૩ બેઠકો માટે આગામી ૪ જુને મત ગણતરી એકી સાથે યોજાશે.





લોકસભાની ૫૪૩ બેઠકો માટે દેશમાં અલગ અલગ સાત તબક્કામાં મતદાન થવાનું છે. ગઈકાલે ગુજરાતની ૨૫ સહીત ૧૩ રાજયની ૯૩ બેઠકો માટે ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું હતું. પ્રથમ અને બીજા તબક્કાની સરખામણીએ ત્રીજા તબક્કામાં મતદાનની ટકાવારી થોડી ઉંચી રહી હતી. જો કે ગુજરાતમાં ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૪માં પાંચ ટકા જેટલું ઓછું મતદાન થયું હતું. હજી ચાર તબક્કાના મતદાન બાકી છે. ગુજરાતની જનતાએ મત આપ્યા બાદ પરિણામ માટે ૨૭ દિવસ સુધી રાહ જોવી પડશે.

આ ૨૭ દિવસો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ, ચુંટણી લડતા ઉમેદવારોના જીવ અધ્ધર રહેશે કારણ કે આ વખતે ચુંટણીમાં બરાબર માહોલ પકડાયો જ ન હતો. મતદારોએ મતદાન સુધી પોતાના મન કળવા દીધા હતા ન હતા.

રાજયની અલગ અલગ બેઠકો માટે અલગ અલગ સ્થળોએ ઈવીએમ મશીનો સીલ કરી દેવામાં આવ્યા છે. કાલે સાંજે ૬ કલાકે મતદાન પૂર્ણ થયા બાદ અનેક સ્થળોએ સવાર સુધી ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવાની

કામગીરી ચાલી હતી. રાજકીય પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમને સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યા હતા. સ્ટ્રોંગ રૂમની બહાર ચુસ્ત બંદોબસ્ત ગોટવી દેવામાં આવ્યા છે.

રાઉન્ડ ધ કલોક સુરક્ષા વ્યવસ્થા રહેશે. દરમિયાન આગામી ૪ જુનના રોજ સવારે ૮ કલાકથી મત ગણતરી હાથ ધરવામાં આવશે જેમાં સૌ પ્રથમ બેલેટ પેપરની ગણતરી કરવામાં આવશે. ત્યારબાદ ઈવીએમમાં પડેલા મતો ગણાશે.